અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
આલિયા ભટ્ટના બોડીગાર્ડ ચાહકને સાઇડમાં ખસેડ્યો

પેજ-09
વૈભવ સૂર્યવંશીની શાનદાર રમતથી ક્રિકેટ જગતમાં ક્રાંતિ



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 31.00 | 26.00 |
| વડોદરા | 29.00 | 25.00 |
| સુરત | 27.00 | 25.00 |

પેજ 5




નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (IPO) નું....

13 SEPTEMBER-2026 SUNDAY

બ્રિક્સ સમિટ માટે વ્લાદિમીર પુતિનની મુલાકાત....



પેજ 10

.....સુવિચાર.....
એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ નહી સીધુ થવાની જરૂર છે!

વર્ષ-15 । અંક-299 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## બ્રિક્સ મંચ પરથી વડાપ્રધાન મોદીનો વિશ્વને શક્તિશાળી સંદેશ

# 'અમે કોઈની વિરુદ્ધ નથી, સૌની સાથે છીએ': મોદી

**બ્રિક્સ સમિટમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણા સૌનો સંદેશ સ્પષ્ટ હોવો જોઈએ. વડાપ્રધાને ભાર મૂક્યો કે આપણો અભિગમ સૌની સાથે મળીને આગળ વધવાનો છે. સંયુક્ત નિવેદન પર સર્વસંમતિ સાધવામાં આવી છે**

(એજન્સી) નવી દિલ્હી । તા.12

શનિવારે બ્રિક્સ સમિટને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણો અભિગમ સૌની સાથે મળીને આગળ વધવાનો છે. સંયુક્ત નિવેદન પર સર્વસંમતિ સાધવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ સભ્ય દેશોને કહ્યું, 'મિત્રો, ભારત દ્વારા આયોજિત આ બ્રિક્સ સમિટનો સંદેશ સ્પષ્ટ હોવો જોઈએ. જો આપણું ભવિષ્ય સહિયારું છે, તો તે ભવિષ્યને ઘડવાનો અધિકાર પણ સહિયારો હોવો જોઈએ. અવાજથી પ્રભાવ સુધી, વિશેષાધિકારથી ભાગીદારી સુધી – આ સમયે બ્રિક્સનો મુખ્ય સંકલ્પ આ જ હોવો જોઈએ.' શનિવારે બે દિવસીય વાર્ષિક બ્રિક્સ સમિટની શરૂઆત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે વિવિધ પડકારોનો સામનો કરવા માટે, 'ગ્લોબલ સાઉથ' (વિકાસશીલ દેશોના સમૂહ) એ માત્ર નિયમોનું પાલન કરનાર મટીને 'નિયમ બનાવનાર' બનવાની જરૂર છે.




**વડાપ્રધાને ટિપ્પણી કરી કે :** આજે 'ગ્લોબલ સાઉથ' વૈશ્વિક સંકટોમાં મોખરે છે, છતાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં તે હજુ પણ સૌથી પાછળ છે. 'આપણે વિશેષાધિકારના આ પિરામિડને ભાગીદારીના મંચમાં પરિવર્તિત કરવો પડશે – એવું મંચ જ્યાં દરેક દેશનો અવાજ હોય, દરેક સભ્યની ભાગીદારી હોય અને માનવ વિકાસ દરેક પ્રયાસના કેન્દ્રમાં હોય.'

**ભારતમાં દિગ્ગજોનો જમાવડો**

**સમુદ્રની અંદર કેબલ નેટવર્ક સુરક્ષિત કરવા મોટો નિર્ણય**

## BRICS સમિટ વચ્ચે ભારત-અમેરિકાની મેગા ડીલ

ભારત અને અમેરિકાએ સમુદ્રની નીચે પથરાયેલા સંચાર કેબલો ની સુરક્ષા માટે એક નવી મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારી શરૂ કરી છે. 'TRUST' પહેલ હેઠળ બંને દેશો સમુદ્રના પેટાળમાં પથરાયેલા કેબલ નેટવર્કને સાયબર હુમલાઓ, તોડફોડ અને ભૂ-રાજકીય જોખમો સામે વધુ સુરક્ષિત બનાવવા સાથે મળીને કામ કરશે. વિશ્વનો મોટાભાગનો ઈન્ટરનેટ અને આંતરરાષ્ટ્રીય ડેટા ટ્રાફિક આ જ દરિયાઈ કેબલો દ્વારા સંચાલિત થતો હોવાથી આ પહેલ અત્યંત મહત્વની સાબિત થશે, જેનાથી ડિજિટલ અર્થતંત્ર અને વૈશ્વિક સંચાર વ્યવસ્થાને અભૂતપૂર્વ મજબૂતી મળશે. અમેરિકા અને ભારત વચ્ચે શરૂ કરવામાં આવેલી US-India TRUST પહેલનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે ઊભરતી અને નિર્ણાયક ટેક્નોલોજીના ક્ષેત્રમાં સહયોગ વધારવાનો છે.આ પહેલ હેઠળ નીચે મુજબના મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ભારતની વ્યૂહાત્મક ભૌગોલિક સ્થિતિ, ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થા તેમજ AI અને ક્લાઉડ સેવાઓની સતત વધતી માંગને કારણે ભારત ભવિષ્યમાં વૈશ્વિક સ્તરે 'સબસી કેબલ હબ' બનવાની મોટી ક્ષમતા ધરાવે છે. ભારત અને અમેરિકાએ વૈશ્વિક અંડરસી કેબલ નેટવર્કને વધુ સુરક્ષિત, મજબૂત અને વૈવિધ્યસભર બનાવવા માટે પોતાની ભાગીદારી વધારવાનો નિર્ણય લીધો છે. અમેરિકી દૂતાવાસના જણાવ્યા અનુસાર, આ દરિયાઈ કેબલ વૈશ્વિક ઈન્ટરનેટ, ક્લાઉડ સેવાઓ, ડેટા સેન્ટર અને AI આધારિત અર્થવ્યવસ્થાની મુખ્ય કરોડરજ્જુ છે.

## આગામી ૨૦ વર્ષ માટેના મુખ્ય એજન્ડા પર કામ

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણે આગામી ૨૦ વર્ષ માટે એક નવા અને મહત્વાકાંક્ષી એજન્ડા પર કામ કરવાની જરૂર છે. આપણે આપણી આંતરિક કાર્યપદ્ધતિની સમીક્ષા કરીને આ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. જોકે બ્રિક્સનું અધ્યક્ષપદ વાર્ષિક ધોરણે બદલાતું રહે છે, પરંતુ તેની અસર આપણા સંસ્થાકીય કાર્યોની ગતિ પર ન પડવી જોઈએ. 'હું પ્રસ્તાવ મૂકું છું કે બ્રિક્સમાં એવી વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવે જે આપણા કાર્યોની સાતત્યતા અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરે.' આનાથી 'ટ્રોઈકા' વ્યવસ્થા દ્વારા તમામ પહેલ અને પરિણામો પર ફોલો-અપ કાર્યવાહી શક્ય બનશે. દરેક નિર્ણય સાથે સંકળાયેલા નોડલ પોઈન્ટ્સ, સમયરેખાઓ અને અમલીકરણની સ્થિતિનો રેકોર્ડ જાળવી રાખવા માટે આપણે એક સુરક્ષિત ડિજિટલ ભંડાર પણ બનાવી શકીએ છીએ.







# ગીર સોમનાથના ઉના-ગીરગઢડા, મહિસાગરમાં વરસાદ:આજે 3 જિલ્લામાં અતિભારે અને 7 જિલ્લામાં ભારે વરસાદની આગાહી, 13મીએ નવસારી-વલસાડમાં રેડ એલર્ટ...

ગુજરાત | ગુજરાતમાં આગામી 4 દિવસમાં વરસાદી માહોલ વધુ સક્રિય થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આજે 12 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં અતિભારે અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે નવસારી, વલસાડ અને ડાંગમાં ઓરેન્જ એલર્ટ અને સુરત, વડોદરા સહિત 7 જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આવતીકાલે એટલે કે 13 સપ્ટેમ્બરે તો નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીના છુટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

તો આ તરફ આગાહી વચ્ચે રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવો વરસાદ પડ્યો છે. સવારના સમયે મહિસાગર જિલ્લામાં વરસાદી ઝાપટું પડ્યું હતું. જ્યારે ગીર સોમનાથ જિલ્લામાં બપોરના સમયે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ગીર ગઢડા તાલુકાના પડાપાદર, કાંધી, મોટા સમઢિયાળા, બંધારડા, ધોકડવા સહિતના ગામમાં વરસાદ પડ્યો છે. જ્યારે ઉના શહેરમાં પણ ધીમીધમારે વરસાદ શરૂ થયો છે. લાંબા સમય બાદ વરસાદથી ખેડૂતોને રાહત મળી શકે છે.

હવામાન વિભાગ મુજબ ઉત્તર-પશ્ચિમ તથા પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી અને ઓડિશા-ઉત્તર આંધ્રપ્રદેશના દરિયાકાંઠા નજીક લો-પ્રેશર એરિયા



સક્રિય છે. આ સાથે સાયક્લોનિક સર્ક્યુલેશન પણ સક્રિય છે અને આગામી 24 કલાકમાં વધુ મજબૂત બની પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની શક્યતા છે. આ ઉપરાંત ઉત્તર રાજસ્થાનથી લો-પ્રેશર વિસ્તાર સુધીની ટ્રફ પણ સક્રિય છે. આગામી દિવસોમાં ગાજવીજ અને વીજળી સાથે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. 16 અને 17 સપ્ટેમ્બરે રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા રહેશે.

ગુજરાત રાજ્યમાં એકંદરે 21% વરસાદની ઘટ નોંધાઈ છે. વિસ્તારવાર સ્થિતિ પર નજર કરીએ તો ગુજરાત પ્રદેશમાં સામાન્ય વરસાદની સરખામણીએ 7%ની મામૂલી ઘટ જોવા મળી છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં પરિસ્થિતિ વધુ ચિંતાજનક છે, જ્યાં સામાન્ય કરતાં 40% જેટલી વરસાદની મોટી તંગી સર્જાઈ છે.

દરિયાકાંઠાના શહેરો (દીવ, વેરાવળ, દ્વારકા, દમણ)નું સરેરાશ તાપમાન 31C થી 33C વચ્ચે રહ્યું છે, જ્યારે ભુજ, રાજકોટ, સુરેન્દ્રનગર, ડીસાનું તાપમાન 36C વટાવી ગયું છે. રાજ્યના મુખ્ય શહેરો વચ્ચે તાપમાનનો તફાવત 5.6C (ભુજ 36.6Cથી દીવ 31.0C) જેટલો રહ્યો છે.

મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ચોમાસું ફરી સક્રિય થઈ ગયું છે. MPના 15 જિલ્લામાં આજે ભારે વરસાદનું એલર્ટ છે, જ્યારે રાજસ્થાનના 29 જિલ્લામાં વરસાદની સંભાવના છે. આ પહેલા શુક્રવારે રાજસ્થાનના અલવર, સવાઈ માધોપુર, દૌસામાં ભારે વરસાદથી રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. MPના ભોપાલમાં વરસાદથી વિઝિબિલિટી 100 મીટરથી પણ ઓછી થઈ ગઈ. દમોહમાં નીચાણવાળા વિસ્તારો ડૂબી ગયા.

# હવે મોલ, રેસ્ટોરન્ટ-હોટલ, કાફે, દુકાનો 24 કલાક ખુલ્લા રાખી શકાશે

## મકાન માલિક 3 મહિનાથી વધુના ભાડાની ડિપોઝિટ લઈ નહીં શકે, વિધાનસભામાં 3 સુધારા વિધેયક પસાર

ગાંધીનગર | ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે અંતિમ દિવસ હતો. આજે ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ટુકડા ધારા-47 અને ભાડા સુધારા વિધેયક ગૃહમાં પસાર થઈ ગયું છે. આમ ચોમાસુ સત્રની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને અનિશ્ચિત સમય માટે વિધાનસભા મુલત્વી રાખવામાં આવી છે.

ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિધેયકમાં સુધારા કરાતા હવે મોલ,રેસ્ટોરન્ટ-હોટલ, કાફે, દુકાનો જેવા એકમો 24 કલાક ચાલુ રાખી શકાશે.પોલીસ કે અન્ય સ્થાનિક ઓથોરિટી કોઈ રીતે બંધ કરાવી શકશે નહીં. અલબત્ત આ એકમોએ પોતાની આસપાસ સ્વચ્છતા, ટ્રાફિક અને સલામતી સંદર્ભે ચોકસાઇ રાખવાની રહેશે. જ્યારે ભાડાના વિધેયકમાં હવે કોઈપણ મકાન માલિક 3 મહિનાથી વધુના ભાડાની ડિપોઝિટ લઈ શકશે નહીં.

જોકે કામદારોના રજા સહિતના હકો અને સુરક્ષા સંબંધિત જોગવાઈઓ યથાવત્ રહેશે. ગુમાસ્તા ધારામાં હવે નોંધણી માટે સેલ્ફ ડિક્લેરેશન અને સેલ્ફ સર્ટિફાઈડ દસ્તાવેજોના આધારે અરજી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. નોંધણીની અરજીમાં ઈન્સ્પેક્ટરની ભૂમિકા દૂર કરવામાં આવી છે.

### AAP નેતા ઈસુદાન ગઢવીએ સરકારના મંત્રીના નિવેદનો સામે નારાજગી વ્યક્ત કરી ખેડૂતો અને પશુપાલકોની ચિંતાને વાચા આપી

# ભાજપના ધારાસભ્યો અને સાંસદો પોતાના વિસ્તારના ખેડૂતોના હિતમાં સરકાર પર દબાણ લાવવા અસમર્થ : ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડીયોના માધ્યમથી રાજ્યમાં ઉદ્ભવેલી ગંભીર સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજે ગુજરાતના ખેડૂતો, પશુપાલકો, મજૂરો અને વાવેતર કરનારા ભાગિયાઓ અત્યંત ચિંતિત છે. ભાજપ સરકારના મંત્રીઓ એવાં નિવેદનો આપી રહ્યા છે જેનાથી ખેડૂતોની ચિંતા વધી રહી છે. મંત્રી એવું નિવેદન કરે છે કે ૩૦ સપ્ટેમ્બરે ચોમાસું પૂરું થયા પછી આકારણી કરીને દુષ્કાળ અંગે વિચારણા કરાશે, જે અત્યંત શરમજનક છે. દેવભૂમિ દ્વારકા, જામનગર સહિતના વિસ્તારમાં ઓછો વરસાદ પડ્યો છે અને અમે પોતે ગામડાઓમાં જઈને સુકાઈ ગયેલા મગફળીના પાક જોયા છે. કદાચ હવે બે ઈંચ વરસાદ પડે તો પણ સુકાઈ ગયેલા પાકમાં કાંઈ પાછું આવે તેમ નથી. રાજ્ય સરકારના 2016ના નોર્મ્સ પ્રમાણે પણ સતત ચાર અઠવાડિયા વરસાદ ન પડે તો દુષ્કાળ જાહેર કરી શકાય છે, છતાં સરકાર કોઈ આકરાં પગલાં લેતી નથી.'આપ' નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયાના દેવાં માફ કરવા માટે તત્પર રહે છે પરંતુ ખેડૂતો અને પશુપાલકોને રેઢા મૂકી દીધા છે. ભાજપના તમામ ધારાસભ્યો અને સાંસદો પોપટ બની ગયા છે અને ખેડૂતોના હિતમાં સરકાર પર દબાણ લાવવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે વાસ્તવિક સ્થિતિ જોવા મુખ્યમંત્રીને પોતે હેલિકોપ્ટર લઈને કલેક્ટર સાથે દ્વારકા, પોરબંદર અને જામનગર જેવા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા અને તાત્કાલિક ખેડૂતોના ખાતામાં નાણાં જમા કરાવી દુષ્કાળ જાહેર કરવાની માંગ કરી હતી. હાલના સમયે પીવાના પાણી, સિંચાઈના પાણી અને ઘાસચારાની ભારે અછત છે, તેથી સરકારે માત્ર એક-બે ગાંસડી ઘાસ આપીને સંતોષ માનવાને બદલે ઘાસચારાની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ તથા મનરેગા હેઠળ કામના દિવસો વધારવા જોઈએ. ઈસુદાન ગઢવીએ કહ્યું કે, મંત્રી પોતાના નિવેદનમાં ફેરફાર કરીને નવું નિવેદન આપે, ખેડૂતોને આશ્વાસન આપે અને વહેલી તકે દુષ્કાળ જાહેર કરે તેવી માંગ છે.

### ખેડૂતોને ગામમાં ઘાસ મળી રહે, એ રીતની વ્યવસ્થા કરવામાં આવે: ઈસુદાન ગઢવી

## પશુપાલકોને ફક્ત 5 પશુનો ખોરાક મળે છે, એ પણ સાત દિવસે: ઈસુદાન ગઢવી...

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ તથા જાણીતા ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ આજે ખંભાળિયા તાલુકાના દાંતા ગામે ઘાસ ડેપોની મુલાકાત લીધી હતી અને આ દરમિયાન તેમણે વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના દાંતા ગામે ઘાસના ડેપોની મુલાકાત દરમિયાન ખેડૂત આગેવાન રામજીભાઈ સહિત મારી ટીમ હાજર રહી.

અહીંયા બે ત્રણ ગંભીર મુદ્દા વિશે મને જાણવા મળ્યું કે ખેડૂતોનો સાત દિવસે વારો આવે છે અને જો ખેડૂત પાસે પાંચ પશુથી વધારે હોય તો તેને ઘાસચારો મળતો નથી. સાત દિવસ બાદ ફક્ત પાંચ પશુ માટે ઘાસચારો મળે છે. આ વિસ્તારમાં વધારે ઘાસના ડેપો નથી, એટલા માટે લોકોએ દૂર દૂરથી આવવું પડે છે. માની લો કે ધરમપુરથી કોઈ વ્યક્તિ આવે છે તો એ વ્યક્તિએ પહેલા 195 રૂપિયાનું ટોલનાકુ ભરવું પડે પછી એક ગાંસડી પાછી લઈને જશે ત્યારે તેને 500 થી 600 રૂપિયા ભાડું ચૂકવવું પડશે અને ગાંસડીઓ મળે છે 280 રૂપિયામાં. અહીંયા મજુર પણ નથી, તો ઘણા ખેડૂતો પાસે જો કોઈ વ્યક્તિ ન હોય તો ગાંસડી ચડાવવા માટે કોઈ વ્યવસ્થા નથી. વધુમાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને વિનંતી છે કે AC ચેમ્બરમાંથી બહાર નીકળો અને એક દિવસ કોઈને કહ્યા વગર ઘાસના ડેપોમાં આવો. મુખ્યમંત્રીને અપીલ કરીશ કે તમે પોતે ગાંસડી લેતા હો એ રીતે તમે અહીંયા આવો તો તમને પશુપાલકોની પરિસ્થિતિ ખબર પડશે.

દેવભૂમિ દ્વારકામાં 2,54,000 ખેડૂતો છે અને એમાંથી મોટાભાગની પાસે પોતાના પશુ છે. અને એ પશુઓને ઘાસ માટે સાત દિવસની રાહ જોવી પડે છે તો શું પશુઓએ ઉપવાસ કરવાના? અહીંયા સોના કરતાં ઘડામણ મોંઘું પડે એવી પરિસ્થિતિ છે. અહીંયા જે ઘાસ છે એ પણ સડેલું છે, તેને ખાઈ શકાય એમ નથી. અને જે પણ ઘાસ મળે છે એના માટે ભાડું ચૂકવવું પડે છે તો 150 રૂપિયે કિલો પડે છે. મારી વિનંતી છે કે ઘાસની અને ઘાસ ડેપોની સંખ્યા વધારવામાં આવે, આપણી પાસે તલાટીઓ અને સરપંચો છે, તો ગામડે ગામડે ઘાસ ડેપોની વ્યવસ્થા હોય તો ખેડૂતે ભાડું ચૂકવવું ન પડે. જે પાંચ પશુની મર્યાદામાં ઘાસની સંખ્યા છે, તેને દૂર કરવામાં આવે એવી અમારી માંગ છે, બધા પશુપાલકોને પૂરતું ઘાસ આપવામાં આવે અને તેમના ગામડામાં જ ઘાસ મળે તથા સારી ગુણવત્તાનું ઘાસ મળે એવી અમારી માંગ છે.

# News Brief

## પુરઝડપે આવી એક્ટિવા ચાલકે રાહદારીને ઉડાવ્યા સારવાર દરમિયાન 45 વર્ષીય વ્યક્તિનું મોત




અમદાવાદ | અમદાવાદના શાહઆલમ ચાર રસ્તા પાસે આવેલી સ્વામિનારાયણ કોલેજ નજીક 11 સપ્ટેમ્બરની રાત્રે એક કરૂણ અકસ્માત સર્જાયો હતો. જેમાં બીઆરટીએસ (BRTS) કોરિડોર રોડ ક્રોસ કરી રહેલા 45 વર્ષીય નરસિંહભાઈ ભીલને પુરઝડપે આવી રહેલા એક એક્ટિવા ચાલકે જોરદાર અડફેટે લીધા હતા. ટક્કર એટલી સખત હતી કે નરસિંહભાઈ રોડ પર ફંગોળાઈને પટકાયા હતા, જેના કારણે તેમને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા.

અકસ્માત સર્જાતા જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક એકઠા થઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલા નરસિંહભાઈને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન ટૂંકી બીમારી બાદ તેમનું નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના સાળા ભુપેન્દ્રભાઈ ભીલની જાણ બાદ 'કે' ડિવિઝન ટ્રાફિક પોલીસે બેદરકારીપૂર્વક વાહન ચલાવનારા એક્ટિવા ચાલક સામે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## 13 GAS પ્રોબેશનરને પ્રાંત અધિકારી અને SDMનો સ્વતંત્ર હવાલો સોંપાયો : તાલીમ કાર્યક્રમના ભાગરૂપે નિમણૂક

અમદાવાદ | ગુજરાતમાં વહીવટી તંત્રમાં ગત(11 સપ્ટેમ્બર) મોડી રાત્રે વધુ એક મહત્વનો ઓર્ડર કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (GAS) જુનિયર સ્કેલની 2024 બેચના 13 પ્રોબેશનર અધિકારીઓને તાલુકા તથા સબ-ડિવિઝન કક્ષાએ પ્રાંત અધિકારી (PO) અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) તરીકે સ્વતંત્ર હવાલો સોંપ્યો છે. આ નિમણૂક તાલીમ કાર્યક્રમના ભાગરૂપે કરવામાં આવી છે અને અધિકારીઓને 26 ડિસેમ્બર, 2026 સુધી સંબંધિત તાલુકા/સબ-ડિવિઝનનો હવાલો સંભાળવાનો રહેશે.

મહેસૂલ વિભાગ દ્વારા 11 સપ્ટેમ્બર, 2026ના રોજ ઓર્ડર બહાર પાડવામાં આવ્યો છે. અધિકારીઓને તેમના ફીલ્ડ ટ્રેનિંગ માટે ફાળવાયેલા જિલ્લા મુજબ વિવિધ તાલુકા અને સબ-ડિવિઝનમાં સ્વતંત્ર પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તરીકે કામગીરી સોંપવામાં આવી છે.

આ અધિકારીઓ તેમના તાલીમ કાર્યક્રમ અંતર્ગત સંબંધિત વિસ્તારમાં સ્વતંત્ર રીતે વહીવટી અને મેજિસ્ટ્રિયલ કામગીરીનો અનુભવ મેળવશે. ઓર્ડર ગુજરાતના રાજ્યપાલના નામે અને તેમના આદેશથી મહેસૂલ વિભાગના અંડર સેક્રેટરી (સર્વિસિસ) રુત્વિજ સોનાગરા દ્વારા કરવામાં આવ્યો છે.

## 'મરવા આવ્યા છીએ, મુસ્કાન-તેના બોયફ્રેન્ડે મને દગો આપ્યો'

ગાંધીનગર | 30 વર્ષીય શોએબે પોતાના 7 વર્ષના પુત્ર સાથે ગાંધીનગરની અડાલજ કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો હતો. પત્નીના અફેરથી કંટાળીને તેણે 44 સેકન્ડનો અંતિમ વીડિયો પણ બનાવ્યો હતો. જેમાં પતિએ કહ્યું હતું કે, 'મરવા આવ્યા છીએ, મને દગો આપ્યો મુસ્કાન-તેના બોયફ્રેન્ડે'. આ મામલે 12 દિવસ બાદ કલોલ તાલુકા પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે પુત્રવધુ અને તેના બોયફ્રેન્ડ સહિત છ લોકો સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધ્યો છે.

અમદાવાદના સરખેજ વિસ્તારમાં સીપાહીવાસમાં રહેતા સુલેમાનભાઈ જાદવનો પુત્ર શોએબ ડ્રાઈવિંગ કરતો હતો. જેના લગ્ન આશરે આઠ વર્ષ પૂર્વે શેલા ગામના યાશીનભાઈ સાહજાદાની પુત્રી મુસ્કાન સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને સંતાનમાં ઉજેર નામનો 7 વર્ષનો પુત્ર હતો. જો કે લગ્નના કેટલાક સમય બાદ દંપતી વચ્ચે કોઈ વાતે કંકાસ શરૂ થયો હતો. ત્યારે પત્ની મુસ્કાન છેલ્લા છ માસથી રિસાઈને પોતાના પિયરમાં ચાલી ગઈ હતી. પત્નીના ઘર છોડીને જતા રહેવાના કારણે શોએબ માનસિક તણાવમાં રહેતો હતો અને તે પિતાના ઘરની પાછળ ભાડેથી રહેતો હતો. જો કે બાદમાં પિતાના ઘરે રહેવા આવી ગયો હતો.

30 ઓગસ્ટને રાત્રિના અગિયાર વાગ્યાનો સમય હતો. મહંમદભાઈ જાદવ ઘરે આરામ કરી રહ્યા હતા, ત્યારે તેમનો દીકરો શોએબ તેમની પાસે આવ્યો. પોતાના પુત્રને બાઈક પર આંટો મરાવવાનું કહીને પિતા પાસેથી બાઈકની ચાવી માંગી અને બાળકની ખુશી ખાતર ઘરની બહાર નીકળ્યો. તે સમયે પરિવારને કલ્પના પણ ન હતી કે પિતા-પુત્ર બંનેની આ છેલ્લી વિદાય સાબિત થશે.

**ઈ-હરાજીની સૂચના**

(પાણીથી નુકસાન પામેલ બાંધકામના કાટમાળ, પ્લાન્ટ અને મશીનરી, કાગળ અને પેકેજિંગ સામગ્રીનો સ્ટોક)

- મેસર્સ B N PAPERS (સરનામું: બ્લોક નં. 337, NH-08 પાસે, સિયાલાજ પાટિયા નજીક, ગામ: હાથોડા, તા. માંગરોળ, કિમ, જિ. સુરત - 394110) ની માલિકીની પાણીથી નુકસાન પામેલ સામગ્રીના નિકાલ માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી ઈ-હરાજીના ફોર્મ મંગાવવામાં આવે છે. આ વેચાણ સખત રીતે 'જે સ્થિતિમાં અને જ્યાં છે તે સ્થિતિમાં' (As Is Where Is Basis) ના ધોરણે કરવામાં આવશે. સામગ્રીની વિગતો: I) કમ્પાઉન્ડ વોલ (દીવાલ) નો કાટમાળ (એકમૂલ્ય/lump-sum ધોરણે), II) ઈલેક્ટ્રિકલ ડ્રાયિંગ ઓવનના ભાગો જેમ કે ઈલેક્ટ્રિક કોઈલ, કંટ્રોલ પેનલ, મોટર, મોઈશ્ચર સેપરેટર સિસ્ટમ, હોટ એર જનરેટર, પેપર રોલ સ્લિટ્ટર રિવાઈન્ડર (સ્લિટિંગ મશીન), ડિજિટલ લોડસેલ્સ, જંકશન બોક્સ, PET સ્ટ્રેપ પેકિંગ ટૂલ, વિવિધ ક્ષમતાના ડ્રાઈવ્સ, FDCO કાર્ડ (એકમૂલ્ય/lump-sum ધોરણે), III) અંદાજે 5,78,764 કિગ્રા વજનના વેસ્ટ પેપરના જથ્થા (Bales), IV) અંદાજે 2,52,718 કિગ્રા વજનના ક્રાફ્ટ પેપર (રીલ્સ અને જમ્બો રોલ્સ - પ્રતિ કિગ્રાના ભાવે). સામગ્રીનું નિરીક્ષણ શ્રી નિતિન (મોબાઈલ: 8810331841) પાસેથી અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને તારીખ 13/09/26 થી 16/09/26 દરમિયાન કરી શકાય છે. ઈ-હરાજી તારીખ 17/09/26 ના રોજ યોજાશે. ઈ-હરાજીના ફોર્મ માટે, શ્રી ખુશીનો મોબાઈલ નંબર 9990857386 પર સંપર્ક કરો.

**Salvor Settlers Pvt. Ltd. (હરાજીકર્તા)**

સરનામું: 203, બીજો માળ, ઉષા કિરણ બિલ્ડિંગ, આઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી - 110033

અથવા વેબસાઈટ www.salvorsettlers.com પરથી ડાઉનલોડ કરો.

ઈ-હરાજી ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ 17/09/26 બપોરે 12:30 વાગ્યા પહેલાં છે.

**IN THE COURT OF THE XXXVIII ADDL. CHIEF JUDICIAL MAGISTRATE AT BANGALORE**

**C.C. No. 19332/2025**

**BETWEEN: M/s Coats.Inc,** A Partnership Firm, Having its office at No.7, Basappa Building Near Peenya Bus Stop, 1st Stage, Tumkur Road, Bangalore 560 058. Duly represented by its Authorised signatory and Partner Sri Srinivasan Rangachari **...COMPLAINANT**

**AND : 1.Frantic Flooring,** A Partnership Firm Having its Office at F404,Swaminarayan Park 1, Opp. Old High Court, Narol Aslali Highway, Ahmedabad -382405. Duly Represented by its partners. **2.Mr Jay Shah,** Partner Frantic Flooring, C/o Virendrabhai Shah, Flat H-604, Nakshtra Heights NR Karnavati-1, Bhamariya, Kubo Narol Lambha Highway, Ahmedabad -382405. **3.Mrs.Hina Virendrabhai Shah,** Mother of Mr. Jay Shah, Partner Frantic Flooring, Flat H-604, Nakshtra Heights NR Karnavati-1, Bhamariya, Kubo Narol Lambha Highway, Ahmedabad - 382405. **...ACCUSED**

**PROCLAMATION REQUIRING THE APPEARANCE OF A PERSON ACCUSED**

WHEREAS a complaint has been made before me that M/s. FRANTIC FLOORING & Ors., the accused herein, have committed the offence punishable under Section 138 of the Negotiable Instruments Act, 1881, and a warrant of arrest thereupon issued has been returned with the report that the said accused cannot be found, and whereas it has been shown to my satisfaction that the said accused have absconded are concealing themselves so as to avoid the execution and service of the said warrant; PROCLAMATION IS HEREBY MADE that the said M/s. FRANTIC FLOORING & Ors., of their respective address as available in the records of the case, are required to appear at the Court of the XXXVIII ADDL. Chief Judicial Magistrate, Bangalore, before this Hon'ble Court, to answer the said complaint on **02/11/2026** at **11:00 AM.**

Given under my hand and seal of this court on 09/09/2026.

By order of the Court,Senior Seristedar, XXXVIII ADDL. Chief Judicial, Magistrate Court, Bengaluru City.

# આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ જામનગરના લતીપર ગામે સુકાયેલા ખેતરો અને કેનાલની મુલાકાત લીધી

અમદાવાદ | રાજ્યમાં દુષ્કાળની સ્થિતિ છે ત્યારે ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ખેડૂતોની કથળતી પરિસ્થિતિ વચ્ચે આમ આદમી પાર્ટી સતત તેમની પડખે ઊભી છે. તે અંતર્ગત આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ આજે જામનગર તાલુકાના લતીપર ગામે પહોંચીને ખેડૂતો સાથે સુકાયેલા પાકના ખેતરોની તેમજ પાણીની રાહ જોઈ રહેલી કેનાલોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ખેતરોમાં ઊભા રહીને પાકની વાસ્તવિક સ્થિતિ જાણી હતી અને ખેડૂતોને આહ્વાન કર્યું હતું. આ સાથે જ લતીપર ગામે "દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ સભા"નું



આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો પાસેથી દુષ્કાળ રાહતની અરજીઓ પર સહીઓ કરાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી.આ તકે ખેડૂતોને સંબોધિત કરતા 'આપ' નેતા મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, ખેડૂતોની આ ગંભીર ચિંતાનું સમાધાન આ સરકાર મેળવવાની નથી, તેથી જ આપણે સૌએ સાથે મળીને અવાજ ઉઠાવવો પડશે અને સરકાર સુધી આપણી માંગણીઓ પહોંચાડવી પડશે. તેમણે ઉમેર્યું હતું કે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી પોતે દ્વારકાના વતની હોવાથી આ વિસ્તારમાં લંબાતા વરસાદ અને દુષ્કાળની ગંભીર અસરથી સારી રીતે વાકેફ છે. વરસાદ ખેંચાવાથી ઊભા થયેલા પાણીના પ્રશ્નો અને સમસ્યાઓ સામે જો અત્યારે જલ્દીથી દુષ્કાળ જાહેર કરવામાં આવે તો સરકારનું ધ્યાન આ તરફ જાય અને રાહતના કામો શરૂ થઈ શકે. આ માટે ખેડૂતોને જાગૃત કરી, તેમની પાસેથી અરજીઓ લખાવીને સરકાર સમક્ષ રજૂઆત કરવાનો અને લડાઈ લડવાનો નિર્ણય લેવાયો છે.

## ખાંભા તાલુકાના શ્રી નાનીધારી પ્રાથમિક શાળાના ભાષા શિક્ષક શ્રી વિપુલભાઈ કાથડભાઈ ભટ્ટીનું તાલુકા શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન





કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના શિક્ષણ જગત માટે ગૌરવ સમાન સમાચાર પ્રાપ્ત થયા છે. તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં શ્રી નાનીધારી પ્રાથમિક શાળાના નિષ્ઠાવાન ભાષા શિક્ષક શ્રી વિપુલભાઈ કાથડભાઈ ભટ્ટીની તાલુકા શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરી ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું.આ સન્માન સમારોહ અમરેલી ખાતે યોજાયો હતો, જેમાં અમરેલી જિલ્લાના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ માનનીય શ્રી વિકલ્પ ભારદ્વાજ સાહેબના વરદ હસ્તે શ્રી વિપુલભાઈ ભટ્ટીને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, પ્રમાણપત્ર અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ડેપ્યુટી કલેક્ટર શ્રી શીતલબેન ગોહિલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.બી. ગોહિલ સાહેબ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મિયાણી સાહેબ, શિક્ષણ નિરીક્ષક શ્રી નિખિલભાઈ વસાણી, શ્રેષ્ઠ શિક્ષક પસંદગી સમિતિના સભ્યશ્રીઓ શ્રી કાચા સાહેબ, શ્રી માલાણી મેડમ તેમજ વિવિધ શિક્ષક સંઘોના પ્રમુખ-મંત્રીશ્રીઓ અને શિક્ષણવિદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિપુલભાઈ ભટ્ટી છેલ્લા ઘણા વર્ષોથી ભાષા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યા છે. તેમની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા, બાળકોના સર્વાંગી વિકાસ માટેની સતત મહેનત અને માતૃભાષા પ્રત્યેના પ્રેમની આ સન્માન દ્વારા કદર કરવામાં આવી છે.આ સિદ્ધિ બદલ શાળા પરિવાર, ગ્રામજનો અને શિક્ષક આલમમાં હર્ષની લાગણી વ્યાપી છે.

## અમરાઈવાડીમાં KYC કરાવવા ગયેલી મહિલાના ઘરે તસ્કરો ત્રાટક્યાં

**સોનાની બંગડી સહિત કુલ 6.13 લાખના દાગીનાની ચોરી કરી ફરાર, પોલીસે તપાસ હાથ ધરી**

અમદાવાદ | અમરાઈવાડીના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતી મહિલાના ઘરમાંથી તસ્કરો રૂ. 6.13 લાખના સોનાના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયો હતો. મહિલા KYC કરાવવા બેંકમાં ગઈ ત્યારે તસ્કરોએ ઘરને નિશાન બનાવ્યું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતી સફીના અંસારી ગઈકાલે મણીનગરની બેંકમાં KYC અપડેટ કરાવવા માટે ગયા હતા. આ દરમિયાન તસ્કર તેમના ઘરમાં ઘૂસી ગયો હતો. ઘરમાં પેટીપલંગમાં દાગીનાની પેટી રાખેલી હતી. ચોરે પેટીપલંગમાંથી દાગીનાની પેટી કાઢી તેમાં રાખેલી સોનાની બંગડી સહિત કુલ 6.13 લાખના દાગીનાની ચોરી કરી હતી. સફીના બેંકનું કામ પૂર્ણ કરીને ઘરે પરત ફર્યા ત્યારે ઘરમાં સામાન અસ્ત વ્યસ્ત પડ્યો હતો અને દાગીના ચોરાયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી તેમણે તાત્કાલિક અમરાઈવાડી પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# આવો, સાથે મળીને ‘ગંદકીથી ભરેલાં’ દરિયાઈ મોજાંઓને ફરીથી સ્વચ્છ અને સ્વસ્થ બનાવીએ

સમુદ્રની એક એવી યાદ છે જેને કોઈ ચોમાસું પણ મિટાવી નથી શકતું. વહેલી સવારે ભારતના 11,098 કિલોમીટર લાંબા દરિયાકિનારા પર ચાલવા નીકળો. તમને એ જ મોજાંઓમાં એક જૂની કહાની જોવા મળશે, જે એક સમયે મસાલાથી ભરેલા જહાજોને માલાબાર કિનારે લઈ જતા હતા અને મન્નારના અખાતમાં મોતી મરજીવાઓને ટેકો આપતા હતા. સમુદ્રનો આ જ પ્રાચીન અને સતત વહેતો પ્રવાહ નક્કી કરતો આવ્યો છે કે ભારતીયો કેવી રીતે જીવન જીવે, વેપાર કરે, પૂજા કરે અને પોતાનાં સપનાં જુએ.

પણ આજે એ જ દરિયા કિનારે જાઓ અને મોજા કંઈક બીજું જ લાવી રહ્યા છે - ફાટેલી માછીમારીની જાળ, જેમાં ખાલી શેમ્પૂના પાઉચ ભરાયેલા હોય; દરિયાઈ કાચબાનું બચ્ચું ખાવાની વસ્તુ સમજીને બોટલના ઢાંકણા તરફ આગળ વધી રહ્યું છે; એક માછીમાર જે સવારમાં માછલી પકડવા નીકળે છે તેની જાળમાં ફસાયેલી માછલીઓ પોતાના પિતાના સમયથી ઓછી થઈ ગઈ છે અને તેમાં માછલીઓ કરતાં પ્લાસ્ટિક વધુ જોવા મળે છે.

ભારત એક સમયે તેની સમૃદ્ધિનું માપ તેના પરવાળા, શેલફિશ અને માછલીઓના વિપુલ પ્રમાણમાં પકડવાથી માપતું હતું. પરંતુ આજે, ભારતને તે જ સમુદ્રમાંથી કચરાના રૂપમાં સંદેશ મળે છે.

આ કહાની છેલ્લા દાયકામાં, આપણે આખરે તે સંદેશને સમજવાનું અને આપણી રીતે સમુદ્રને પ્રતિભાવ આપવાનું શરૂ કર્યું છે તે વિશે છે. ઘણા લાંબા સમય સુધી, દરિયાકિનારો આપણા મનમાં એટલા જ અંતરે રહ્યો, જેટલો તે આપણાં નકશાની ધાર પર હતો. આપણે દરિયાકિનારાની મુલાકાત લેતા, તેની સુંદરતાને નિહાળતા, ક્યારેક-ક્યારેક ચક્રવાતથી થયેલા નુકસાન પર દુ:ખ પણ વ્યક્ત કરતા. પરંતુ આપણા સહિયારા વારસા તરીકે તેને સુરક્ષિત રાખવા પર બહુ ઓછું ધ્યાન આપવામાં આવ્યું.

પહેલાં, સમુદ્ર અને તેના સંરક્ષણ સંબંધિત કાર્ય મોટાભાગે સરકારી વિભાગો સુધી મર્યાદિત હતું. અલગ-અલગ વિભાગો તેમના પોતાના સ્તરે કાર્યરત હતા. સમુદ્રની દૈનિક સંભાળને બદલે, આપત્તિઓ પછી રાહત અને બચાવ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું. એવું કોઈ રાષ્ટ્રીય પ્લેટફોર્મ નહોતું જે સામાન્ય લોકોને - જેમ કે કોચ્ચીના કૉલેજના વિદ્યાર્થી, પુરીના શાળાના શિક્ષક અથવા પોરબંદરના દુકાનદારને– એવો અહેસાસ કરાવે કે સમુદ્ર પણ તેમનો છે અને તેનું રક્ષણ કરવું તેમની જવાબદારી છે.

આ દરમિયાન સમુદ્ર માટેનો ખતરો સતત વધી રહ્યો હતો. મોટી માત્રામાં પ્લાસ્ટિકનો કચરો, ખાસ કરીને એક વખત ઉપયોગમાં લેવાતું પ્લાસ્ટિક, નદીઓ અને નાળાઓના માર્ગે સમુદ્ર સુધી પહોંચી રહ્યું હતું. આ પ્લાસ્ટિક નષ્ટ થતું નથી, પરંતુ તૂટીને માઇક્રોપ્લાસ્ટિકમાં પરિવર્તિત થાય છે. આ પાંચ મિલીમીટરથી પણ નાના ટુકડાઓ હોય છે.

માછલીઓ આ નાના પ્લાસ્ટિકના ટુકડાઓને ખોરાક સમજીને ખાઈ જાય છે. આ પ્લાસ્ટિક પછી આપણાં ખોરાક સુધી પહોંચે છે. હવે એવું પણ જાણવા મળ્યું છે કે આ નાના પ્લાસ્ટિકના કણો ધીમે ધીમે ખોરાક શૃંખલા દ્વારા આપણા શરીરમાં પહોંચી શકે છે. ફેંકી દેવાયેલી માછીમારીની જાળમાં ફસાઈને અનેક દરિયાઈ જીવો મૃત્યુ પામી રહ્યા હતા. કોરલ રીફ, મેન્ગ્રોવ જંગલો અને માછલીઓની વસ્તી પણ ધીમે ધીમે પ્રભાવિત થઈ રહી હતી. લાખો દરિયાકાંઠાના પરિવારોની આજીવિકા આના પર નિર્ભર છે.

પ્રામાણિકપણે જોઈએ તો, આ આપણા સમયની એવી પર્યાવરણીય સમસ્યાઓમાંની એક હતી, જેના પર સૌથી ઓછું ધ્યાન અપાયું. સમસ્યા આપણી સામે જ હતી, પરંતુ આપણે તેને નજરઅંદાજ કરતા રહ્યા. આ સમસ્યા એવા દરિયાકિનારા સાથે વધી રહી હતી, જે ભારતના નવ રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોને સ્પર્શે છે.

પરિવર્તન ફક્ત નવી નીતિથી આવ્યું ન હતું. વાસ્તવિક પરિવર્તન મોદી સરકારનો સભાન નિર્ણય હતો કે સ્વચ્છતાને હવે બીજા કોઈની જવાબદારી પર છોડી શકાય નહીં. તેને દરેક વ્યક્તિની જવાબદારી બનાવવી પડશે. 2014માં સ્વચ્છ ભારત મિશન શરૂ કરતી વખતે પ્રધાનમંત્રીએ તેને ‘જન આંદોલન‘, એટલે કે લોકોનું આંદોલન બનવાનું આહ્વાન કર્યું હતું. આ જ વિચાર પાછળથી સમુદ્ર અને દરિયા કિનારા સુધી પહોંચ્યો.

આ દ્રષ્ટિકોણનો એક ભાગ ‘મિશન લાઈફ‘ અથવા પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી છે. તેનો ઉદ્દેશ્ય પર્યાવરણીય સંરક્ષણને દરેક નાગરિક માટે પ્રસંગોપાત કાર્યને બદલે રોજિંદા આદત બનાવવાનો છે. અમારા મંત્રાલયની જવાબદારી મહાસાગરો, વાતાવરણ અને પૃથ્વીને લગતી વૈજ્ઞાનિક પ્રણાલીઓને સમજવા અને તેનો અભ્યાસ કરવાની છે. તો, અમારો એક સરળ પ્રશ્ન હતો: જો ભારત તેના શહેરોને સાફ કરવા માટે લાખો લોકોને એકત્ર કરી શકે છે, તો શું તેના મહાસાગરો માટે પણ આવું જ ન કરી શકાય?

આ પ્રશ્નનો જવાબ 2022માં ‘સ્વચ્છ સમુદ્ર, સુરક્ષિત સાગર‘ અભિયાનના રૂપમાં ઉભરી આવ્યો. આ અભિયાનનો હેતુ ફક્ત એક દિવસ માટે દરિયાકિનારા સાફ કરવાનો અને ફોટા પડાવવાનો નહોતો. તેને સતત ચાલતું, વિજ્ઞાન આધારિત અને સામાન્ય નાગરિકોની ભાગીદારી ધરાવતું અભિયાન બનાવવામાં આવ્યું. દર વર્ષે તેને આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ દિવસ સાથે જોડવામાં આવે છે. આ દિવસ સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે મનાવવામાં આવે છે. તેની શરૂઆત 1986માં થઈ હતી અને આજે વિશ્વના 100થી વધુ દેશોમાં લોકો પોતાના નજીકના દરિયાકિનારે સફાઈ કરવા માટે પહોંચે છે–હાથમાં માત્ર મોજાં અને કચરાની થેલીઓ હોય છે અને મનમાં સમુદ્રને સ્વચ્છ રાખવાનો સંકલ્પ હોય છે.

આ અભિયાનનો ટૂંકો ઈતિહાસ તેની વધતી જતી પહોંચની સંપૂર્ણ વાર્તા દર્શાવે છે. તેના પ્રથમ વર્ષમાં, ‘સ્વચ્છ સમુદ્ર, સુરક્ષિત સાગર‘ અભિયાન 75 દિવસ ચાલ્યું અને 75 સ્થળોએ પહોંચ્યું.



-ડૉ. જીતેન્દ્ર સિંહ

(લેખક વિજ્ઞાન અને ટેકનોલોજી તથા પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને પ્રધાનમંત્રી કાર્યાલય, પરમાણુ ઊર્જા વિભાગ, અંતરિક્ષ વિભાગ અને કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના રાજ્ય મંત્રી છે.)

અમારી દરિયાઈ સંશોધન સંસ્થાઓએ મુખ્યત્વે તેના પર કામ કર્યું. આ એક શરૂઆત હતી, કોઈ નોંધપાત્ર સિદ્ધિ નહીં. પરંતુ ધીમે ધીમે, અન્ય મંત્રાલયો પણ તેમાં જોડાવા લાગ્યા. સીમા જાગરણ મંચ અને પર્યાવરણ સંરક્ષણ સક્રિયતા જેવી સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમના નેટવર્ક દ્વારા લોકોને જોડ્યા. દરિયાકાંઠાના રહેવાસીઓમાં પણ સંદેશ ફેલાવા લાગ્યો.

આ વર્ષે, આ ઝુંબેશ 836 દરિયાકાંઠાના સ્થળો સુધી વિસ્તરી અને 100,000 થી વધુ સ્વયંસેવકોને જોડાયા. આ કોઈ સામાન્ય વૃદ્ધિ નહોતી. તે એક એવી ચળવળ હતી, જેણે પહેલા પોતાનો પાયો મજબૂત કર્યો અને પછી ઝડપથી વિકાસ કરવાનું શરૂ કર્યું.

ચાર આવૃત્તિઓ પછી, આ સપ્ટેમ્બરમાં ’સ્વચ્છ સમુદ્ર, સુરક્ષિત સાગર 5.0’ લોન્ચ થતાં ભાગીદારીમાં વધુ વધારો થયો છે.

ભારતીય કોસ્ટ ગાર્ડ અને નૌકાદળ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, NCC અને NSS, સ્કાઉટ્સ અને ગાઇડ્સ, શાળાઓ, યુનિવર્સિટીઓ અને કંપનીઓ સામેલ છે. સૌથી અગત્યનું, માછીમારોના સંગઠનો અને મહિલા જૂથો પણ મોટી સંખ્યામાં સંકળાયેલા છે. આ લોકો સમુદ્રને એટલી જ સારી રીતે જાણે છે, જેટલી સારી રીતે તેઓ પોતાના ઘરની આસપાસના વિસ્તારને જાણે છે.

આપણી મહાસાગર સંબંધિત સંસ્થાઓ - ચેન્નાઈમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓશન ટેક્નોલોજી, નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ, હૈદરાબાદમાં ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસિસ અને બંને કિનારા પરની અન્ય સંસ્થાઓ - આ વર્ષે એકલા 100થી વધુ દરિયાકિનારા પર સફાઈનું સંકલન કરી રહી છે. આ સિવાય બિસલેરી જેવા પાર્ટનર્સ એ જ કેમ્પેઈન સાથે 50 વધુ સ્થળોને જોડી રહ્યા છે. આ એક જન આંદોલનની ઓળખ છે - જ્યારે માત્ર એક મંત્રાલય કામ કરતું નથી, પરંતુ સમગ્ર દેશ તેમાં ભાગ લેવા માટે આગળ આવે છે.

આ વર્ષના અભિયાનની ખાસિયત ફક્ત તેની વિશાળ પહોંચ જ નહીં, પણ તેનો ગતિશીલ અને સતત કાર્યક્રમ પણ છે. 12 થી 19 સપ્ટેમ્બર સુધી, દરિયાકિનારાઓ માત્ર એક દિવસની ઔપચારિક સફાઈ જ નહીં, પરંતુ સમુદ્રની સંભાળ અને સંરક્ષણ માટે સમર્પિત એક અઠવાડિયા લાંબી ઝુંબેશ પણ હશે. પૂર્વ અને પશ્ચિમ બંને દરિયાકિનારા પર સાયક્લોથોન યોજાશે. યુવાનો એક શહેરથી બીજા શહેરમાં સાયકલ ચલાવશે, સમુદ્રને સ્વચ્છ રાખવાનો સંદેશ ફેલાવશે.

દરિયાકિનારા પર ‘ફિટ ઈન્ડિયા‘ની સવાર, મેરેથોન અને વિશ્વ ઓઝોન દિવસ પર સફાઈ ઝુંબેશ પણ યોજાશે. જેનો સંદેશ સ્પષ્ટ હશે: ઉપરનું વાતાવરણ અને નીચેનો સમુદ્ર અલગ અસ્તિત્વ નથી. બંનેનું સ્વાસ્થ્ય એકબીજા સાથે જોડાયેલું છે. દરિયાકિનારા પર માનવ સાંકળ પણ બનાવવામાં આવશે. ગુજરાતથી સુંદરવન સુધી અને કન્યાકુમારીથી આંદામાન સુધી, લોકો સમુદ્રના રક્ષણનો સંદેશ આપવા માટે હાથ મિલાવશે.

ઓશન ઓલિમ્પિયાડ બાળકો અને યુવાનોને દરિયાઈ વિજ્ઞાન સાથે જોડશે. ધ્યેય દરિયાઈ વિજ્ઞાનના વિષયોને તેમના માટે રસપ્રદ બનાવવાનો છે, જેથી તેઓ સ્પર્ધા અને પુરસ્કારો એનાયત થયા પછી લાંબા સમય સુધી તેને યાદ રાખે.

વિદ્યાર્થીઓ માટે ચિત્રકામ અને નિબંધ સ્પર્ધાઓ યોજાશે. તેમને ભવિષ્યની પેઢીઓ માટે તેઓ કેવા પ્રકારનો સમુદ્ર વારસામાં મેળવવા માંગે છે તેનું વર્ણન કરવાનું કહેવામાં આવશે. યુવા સ્વયંસેવકો ‘બાઈક-ટુ-બીચ‘ અભિયાન હેઠળ દરિયા કિનારે સાયકલ ચલાવશે અને સફાઈ અભિયાનમાં ભાગ લેશે. તેઓ ‘ઈકો-સેલ્ફી‘ દ્વારા તેમની પ્રવૃત્તિઓ પણ શેર કરશે. કારણ કે કોઈપણ આંદોલનને લાંબા સમય સુધી ચાલું રાખવું હોય તો તેને યુવા પેઢીની ભાષામાં વાત કરવી જરૂરી છે કારણ કે તે જ આગળ તેની જવાબદારી સંભાળશે.

અને 19 સપ્ટેમ્બરે, આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠાના સફાઈ દિવસના રોજ આ બધી પ્રવૃત્તિઓને સૌથી મોટા એક દિવસીય સફાઈ અભિયાનમાં જોડવામાં આવશે. આ વખતે, એકત્રિત કરવામાં આવેલા બધા કચરાનો રેકોર્ડ રાખવામાં આવશે, સ્થાનનું જીઓ-ટેગિંગ કરવામાં આવશે અને ડેટા ડિજિટલી રેકોર્ડ કરવામાં આવશે.

આનો અર્થ એ થયો કે કચરાનો દરેક થેલો ફક્ત સ્વચ્છતાનો પુરાવો જ નહીં, પણ એક આંકડાકીય પણ હશે. આ ડેટા માપવામાં આવશે, પ્રકાશિત કરવામાં આવશે અને આગામી વર્ષના અભિયાનને સુધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ છેલ્લી વાતનું મહત્વ જેટલું દેખાય છે, તેના કરતાં ઘણું વધારે છે. ટેકનોલોજી ધીમે ધીમે સમગ્ર અભિયાનનો આધાર બની ગઈ છે. સ્વયંસેવકો ડિજિટલ રીતે પોતાની નોંધણી કરાવે છે, સફાઈ અભિયાન નકશા પર પ્રદર્શિત થાય છે અને તેમના સ્થાનો વાસ્તવિક સમયમાં રેકોર્ડ કરવામાં આવે છે. સહભાગીઓને ડિજિટલ પ્રમાણપત્રો પણ આપવામાં આવે છે. આનાથી સવારે સફાઈ કરવામાં થોડા કલાકો વિતાવવાનું કાર્ય એક આદરણીય નાગરિક જવાબદારી બને છે.

આનો અર્થ એ છે કે સરકાર તેના નાગરિકો પર વિશ્વાસ કરી રહી છે અને તેમના સંબંધિત ડેટાનો ઉપયોગ કરી રહી છે અને તે જ ડેટા દ્વારા, નાગરિકો સરકાર પાસેથી જવાબદારીની અપેક્ષા પણ રાખી શકે છે.

પરંતુ આ ઝુંબેશના દરેક આંકડા પાછળ એક માનવીય વાર્તા છે. જ્યારે હું વિચારું છું કે આ કાર્ય આટલું મહત્વપૂર્ણ કેમ છે, ત્યારે મને સૌથી પહેલા ઓડિશા કિનારાના એક માછીમાર યાદ આવે છે, જે જણાવે છે કે હવે તેની માછીમારીની જાળ સાફ કરવામાં એક કલાક વધુ સમય લાગે છે, ત્યારે જ માછલી વેચવા લાયક સ્વચ્છ થઈ શકે છે.

પછી કેરળના કોઈ માછીમાર ગામની એ માતા છે, જે પોલિયો કરતાં વધુ એ વાતને લઈને ચિંતિત છે કે તેના બાળકોના ખોરાકમાં એવી કોઈ વસ્તુ તો નથી જઈ રહી ને, જેને આંખોથી જોઈ પણ ન શકાય. અથવા તો ગોવા કે પુડુચેરીનો એ નાનો હોટલ માલિક છે, જેની આખી કમાણી એ વાત પર નિર્ભર છે કે દરિયાકિનારો એટલો સુંદર અને સ્વચ્છ રહે કે કોઈ પરિવાર આવતા વર્ષે ફરી ત્યાં આવવા માટે તૈયાર થાય.

આ લોકો માટે, સ્વચ્છ મહાસાગરો કોઈ કાલ્પનિક કે માત્ર પર્યાવરણીય મુદ્દો નથી. સ્વચ્છ મહાસાગરોનો અર્થ વાસ્તવિક વસ્તુઓ છે - ઘર માટે ખોરાક, બાળકો માટે શાળા ફી અને તેમનું સ્વાસ્થ્ય. જ્યારે આપણે ‘બ્લુ ઈકોનોમી‘ અથવા સમુદ્ર આધારિત અર્થતંત્ર વિશે વાત કરીએ છીએ - જેમાં વેપાર, પર્યટન, માછીમારી અને ઊર્જા દ્વારા ભારતને ‘વિકસિત ભારત‘માં પરિવર્તિત કરવાની ક્ષમતા છે - ત્યારે આપણે આ લોકોના રસોડા અને તેમની આજીવિકા વિશે પણ વાત કરી રહ્યા હોઈએ છીએ.

હું ઘણીવાર કહેતો રહ્યું છે કે ભારતનો પ્રકૃતિ સાથેનો સંબંધ ક્યારેય વ્યવહારનો રહ્યો નથી. તે એક પરિવારના સભ્ય જેવો રહ્યો છે. ‘સ્વચ્છ સમુદ્ર, સુરક્ષિત સાગર‘ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય આ સંબંધને મોટા પાયે ફરીથી મજબૂત બનાવવાનો છે. અમે ઈચ્છીએ છીએ કે દરેક નાગરિક જેણે ક્યારેય દરિયા કિનારે ઉભા રહીને સમુદ્રને જોઈને પોતાની અંદર કંઈક ગાઢ અને પ્રાચીન અનુભવ્યું હોય, તે એ લાગણીનું રક્ષણ કરીને એક જવાબદાર નાગરિક બને તે જરૂરી છે.

આપણે રાષ્ટ્રને તેના દરિયાકિનારાઓને પ્રેમ કરવાનું શરૂ કરવાનું કહી રહ્યા નથી. આ પ્રેમ આપણી અંદર પહેલેથી જ છે. તે આપણા તહેવારોમાં, માછીમારોના ગીતોમાં અને દરિયાની આપણી યાત્રાઓમાં પ્રતિબિંબિત થાય છે.

અમે ફક્ત એટલું જ ઈચ્છીએ છીએ કે, ભારત આ પ્રેમને પોતાના કામમાં પણ દર્શાવે - એક બીચ સાફ કરીને, એક પ્લાસ્ટિક બેગ દૂર કરીને અને સપ્ટેમ્બરના શનિવારથી શરૂઆત કરીને. ચાલો આ કામ આપણે ત્યાં સુધી કરતા રહીએ જ્યાં સુધી સ્વચ્છ અને સુરક્ષિત દરિયો ફક્ત થોડા દિવસો કે એક સીઝન માટે ચાલતી ઝુંબેશ ન બને, પરંતુ આપણા રોજિંદા જીવનનો એક ભાગી બની જાય.

## સંખેડા પંથકમાં આજે સાંજે 4 વાગ્યા બાદ વરસાદ શરૂ થતા જ વીજ પુરવઠો ખોરવાયો



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા પંથકમાં આજે સાંજે 4 વાગ્યા બાદ વરસાદ શરૂ થતા જ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. તરગોળ અને માલુ ફીડર તરફની લાઈનમાં સાંજે 7 વાગ્યા સુધી પણ લાઈટ ન આવતા તરગોળ, માલુ સહિત બહાદરપુરના લોકો અંધારપટમાં હેરાન થયા હતા.એક તરફ વરસાદ અને બીજી તરફ ઘનઘોર અંધારું હોવાથી લોકોને મુશ્કેલી પડી હતી. ખાસ કરીને રસોઈનો સમય થઈ જતા મહિલાઓ અને નાના બાળકો અંધકારના કારણે મૂંઝાયા હતા.ગ્રામજનોના જણાવ્યા મુજબ, સંખેડા જીઈબીનો કમ્પ્લેન નંબર હોવા છતાં માત્ર રીંગ વાગે છે અને સામેથી કોઈ જવાબ મળતો નથી. જીઈબીના કર્મચારીઓની આ બેદરકારીથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## સુરતથી નવી મુંબઈ વચ્ચેની ડાયરેક્ટ ફ્લાઈટનું બુકિંગ અચાનક બંધ થતાં વેપારીઓ મુશ્કેલીમાં!




સુરત | સુરત અને નવી મુંબઈ વચ્ચે તાજેતરમાં જ શરૂ કરવામાં આવેલી ડાયરેક્ટ ફ્લાઈટ સર્વિસનું બુકિંગ અચાનક બંધ કરી દેવામાં આવતાં વિમાન પ્રવાસીઓ અને વેપારી આલમમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના કે કારણ વગર એરલાઈન્સ દ્વારા બુકિંગ સિસ્ટમમાંથી આ ફ્લાઈટ બંધ કરી દેવાતાં રોજિંદી અવરજવર કરતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અચાનક લેવાયેલા નિર્ણયથી વેપાર જગતમાં ચકચાર મચી ગઈ છે. સુરતનો કાપડ (ટેક્સટાઈલ) અને હીરા (ડાયમંડ) ઉદ્યોગ સીધી રીતે મુંબઈના વેપારી મથકો સાથે જોડાયેલો છે. દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ માટે નવી મુંબઈ અને સુરત વચ્ચેની આ હવાઈ સેવા ખૂબ જ ઉપયોગી અને સમય બચાવનારી સાબિત થઈ રહી હતી. ખૂબ જ ઓછા સમયમાં મુંબઈ પહોંચી શકાતું હોવાથી વેપાર-રોજગારને મોટો વેગ મળી રહ્યો હતો, પરંતુ હવે અચાનક ફ્લાઈટ બંધ થઈ જતાં વેપારીઓના સમય અને ધંધા-રોજગાર પર વિપરીત અસર પડવાની પૂરી ભીતિ સેવાઈ રહી છે.

### ઘાતક રોગો અને વન વિભાગની કામગીરી સામે સવાલો

## ગીર-કેસરી પર રોગચાળાનું ગ્રાટકઃ એક વર્ષમાં રોગથી 62 સિંહનાં મોત



(એજન્સી) જૂનાગઢ । તા. 12

ગુજરાતની અસ્મિતા અને વિશ્વભરમાં ગૌરવસમા એશિયાટિક સિંહોનાં સંરક્ષણ અને લાયન હેલ્થ કેર અંગેના મોટા-મોટા દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં વન વિભાગે ચોંકાવનારી વિગતો સ્વીકારી છે, જેના મુજબ છેલ્લા માત્ર એક જ વર્ષમાં ગીરમાં ભયાનક અને જીવલેણ રોગોથી ૬૨ સિંહોના કરૂણ મોત નીપજ્યા છે. આ આંકડા સામે આવ્યા બાદ વન વિભાગની ગંભીર બેદરકારી સામે સવાલો ઉભા થયા છે અને સિંહ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સરકારી આંકડા મુજબ ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધીમાં ૧૭ નર, ૧૭ માદા અને ૨૮ બચ્ચા મળી કુલ ૬૨ સિંહના મોત થયા છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે આ ૬૨ સિંહો પૈકી ૨૮ જેટલા તો નાનાં સિંહબાળ છે, જેઓ આ રોગચાળાનો ભોગ બન્યા છે. વન વિભાગના જણાવ્યા મુજબ, સિંહોમાં એકસાથે અનેક જટિલ અને જીવલેણ બીમારીઓ જોવા મળી છે, જેણે વન તંત્રની ચિંતા વધારી દીધી છે.

સિંહોના મોત પાછળ સેપ્ટિસેમિયા, ન્યુમોનિયા, હેમોરેજિક ન્યુમોનિયા (ફેફસાંનો ગંભીર ચેપ), હેપેટો-રીનલ ડિસફંક્શન, કિડની ફેલ્યોર, મલ્ટી-ઓર્ગન ફેલ્યોર, માયોકાડયલ ઈન્ફાર્કશન (હાર્ટ એટેક), પેરાલિસિસ, એન્સેફાલાઈટિસ, સી.એન.એસ. ડિસઓર્ડર, ગેસ્ટ્રોએન્ટેરાઈટિસ અને રાઉન્ડ વોર્મ ઈન્ફેક્શન જેવા રોગો જવાબદાર હોવાનું સામે આવ્યું છે.

સરકાર પોતાના જવાબમાં ભલે ડી-વોર્મિંગ, માલઢોરનું રસીકરણ, બ્લડ કલેક્શન, લાયન એમ્બ્યુલન્સ અને રેપિડ એક્શન ટીમ દ્વારા મોનિટરિંગ કરવાના દાવા કરતી હોય, પરંતુ સવાલ એ થાય છે કે જો આ તમામ સિસ્ટમ કાર્યરત હતી તો પછી એક જ વર્ષમાં આટલો મોટો રોગચાળો કેમ ફાટી નીકળ્યો? કરોડો રૂપિયાનું બજેટ વપરાયા છતાં સિંહો મલ્ટી-ઓર્ગન ફેલ્યોરથી કેમ મરી રહ્યા છે? આંતરરાષ્ટ્રીય સ્તરના વાયરોલોજિસ્ટ અને પશુચિકિત્સકો દ્વારા ગીરમાં વ્યાપેલા વાયરલ અને બેક્ટેરિયલ ઈન્ફેક્શનની સ્વતંત્ર તપાસ થાય તેવી માંગ પ્રબળ બની છે.

પાણી અને ખોરાકના પ્રદૂષણનાં કારણે ગેસ્ટ્રોએન્ટેરાઈટિસ અને કરમિયા (રાઉન્ડ વોર્મ) જેવા રોગો દૂષિત ખોરાક કે માસ અને ગંદા પાણીથી થાય છે. ગીરના નેસ અને માલઢોરમાં રસીકરણના મોટા દાવાઓ વચ્ચે આ ચેપ સિંહો સુધી કેવી રીતે પહોંચ્યો તે એક સવાલ છે. સારવાર કેન્દ્રો માત્ર શોભાના ગાંઠિયા સમાન હોય તેમ સાસણ, જામવાળા, જસધાર, સાતવીરડા, ક્રાંકચ, બાબરકોટ અને ઝાંઝરવા ખાતે વન્યપ્રાણી સારવાર કેન્દ્રો અને લાયન એમ્બ્યુલન્સ હોવા છતાં ૬૨ સિંહો પીએમ ટેબલ સુધી પહોંચી ગયા! તો આ સુવિધાઓનો ઉપયોગ શું માત્ર ચોપડા પૂરતો છે?

### અમે 12-12 કલાક કામ કરીએ છીએ, આવુ નહીં ચાલે, અમારી માગ પૂરી કરો

## શ્રમિકોએ સુરતમાં કલેક્ટર કચેરીનો ઘેરાવ કર્યો

(એજન્સી) સુરત । તા. 12

સુરત શહેર અને જિલ્લાના વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં કામ કરતા શ્રમિકોનું સતત થઈ રહેલા શોષણ સામે હવે મજદૂર યુનિયનનું આંદોલન અત્યંત ઉગ્ર બન્યું છે. સુરતમાં ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતી મોટી સંખ્યામાં શ્રમિકોએ એકઠા થઈને જિલ્લા કચેરી પહોંચીને ઉગ્ર દેખાવો કર્યા હતા અને કલેક્ટર કચેરીનો ઘેરાવ કર્યો હતો. શ્રમિકોની મુખ્ય માંગ દૈનિક આઠ કલાકની નિશ્ચિત શિફ્ટ અને અઠવાડિયામાં દર રવિવારે ફરજિયાત રજા આપવાની છે.

સુરતના ડાઈંગ, પ્રિન્ટિંગ, એમ્બ્રોઈડરી, ઝરી અને લૂમ્સ સહિતના મોટા ઉદ્યોગોમાં આશરે ૧૦ લાખથી વધુ શ્રમિકો કામ કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન એક શ્રમિકે પોતાની આપવીતી અને વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, ‘અમે પણ સામાન્ય માણસ છીએ અને અમારી એક જ પ્રાથમિક માંગણી છે કે અમને દર રવિવારે રજા



મળવી જોઈએ. કારખાનાઓમાં રોજના ૧૨ થી ૧૪ કલાક સતત કામ કરવાના કારણે અમારી પૂરતી ઊંઘ પણ પૂરી થતી નથી, તેમજ સમયના અભાવે ખાવા-પીવાનો કે રસોઈ બનાવવાનો પણ સમય મળતો નથી. પ્રશાસન અને મિલ માલિકો તરફથી માત્ર તારીખ પર તારીખ જ આપવામાં આવે છે, જે હવે કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. અમને માત્ર ૮ કલાકની શિફ્ટ અને રવિવારની રજા જ જોઈએ છે.’ વહીવટી તંત્ર દ્વારા અગાઉ શ્રમિકોને સોમવારે ચર્ચા માટે ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું, તેમ છતાં શ્રમિકોનો રોષ એટલો તીવ્ર હતો કે તેઓ કલેક્ટર કચેરી પરિસરમાંથી ખસવા તૈયાર નહોતા. આ તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઘટનાસ્થળે પહોંચેલા એસીપી વિજય મલ્હોત્રાએ શ્રમિકોને કાયદો હાથમાં ન લેવા અને શાંતિ જાળવવા કડક ચેતવણી આપી હતી. એસીપીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ‘જે શ્રમિકો વહીવટી તંત્ર સાથે બેસીને વાટાઘાટો કરવા ઈચ્છે છે તેઓ સોમવારની નિર્ધારિત બેઠક માટે અત્યારે રવાના થાય.’ પોલીસ અધિકારીઓ તેમજ મજદૂર આંદોલનના આગેવાનો દ્વારા સતત સમજાવટના પ્રયાસો કરવામાં આવ્યા બાદ કલેક્ટર કચેરી પરિસરમાં એકત્રિત થયેલા શ્રમિકો ધીમે-ધીમે શાંતિપૂર્ણ રીતે વિખેરાયા હતા.

### લોનની રકમ વધારી આપવાના નામે

## વડોદરાના એન્જિનિયર સાથે 18.36 લાખની ઓનલાઈન ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 12

વડોદરા શહેરમાં સાયબર ઠગાઈના નવા નવા કીમિયા સામે આવી રહ્યા છે. તાજેતરમાં જ વડોદરાની એક ખાનગી કંપનીમાં ફરજ બજાવતા એન્જિનિયરને લોનની રકમ વધારી આપવાના નામે ઓનલાઈન ઠગોએ પોતાની જાળમાં ફસાવીને રૂ. ૧૮.૩૮ લાખ જેટલી માતબર રકમ પડાવી લીધાની ઘટના સામે આવી છે. આ ગંભીર બનાવ અંગે સાયબર સેલ દ્વારા સત્તાવાર ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

શહેરના ન્યુ સમા રોડ પર આવેલી પંચશીલ સોસાયટીમાં રહેતા સુરેન્દ્ર પ્રસાદે પોલીસ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું છે કે તેમની બજાજ ફાઈનાન્સમાં અગાઉથી જ રૂ. ૧૪ લાખની લોન ચાલુ હતી. વર્ષ-૨૦૨૪ દરમિયાન તેમના પર એક અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યું હતું કે તમને ચાલુ લોન પર વધુ લોન (ટોપ-અપ) મળી શકે તેમ છે. ત્યારબાદ ‘અમન વર્મા’ નામના શખ્સે સિનિયર ઓફિસર તરીકે ઓળખ આપીને ફોન કર્યો હતો અને જો લોનનું ટોપ-અપ કરશો તો વાર્ષિક વ્યાજદર પણ ઘટાડી આપવામાં આવશે તેવી લાલચ આપી હતી. ફરિયાદી એન્જિનિયરે શરૂઆતમાં માત્ર રૂ. એક લાખનું જ ટોપ-અપ કરવા માટે કહ્યું હતું. આ પછી ‘અનિલ પ્રસાદ’ નામના અન્ય શખ્સનો ફોન આવ્યો હતો અને તેણે વેરિફિકેશન માટે ઘર પર એક કર્મચારી આવશે તેમ જણાવ્યું હતું. થોડા સમય બાદ એક વ્યક્તિ ખરેખર તેમના ઘરે એડ્રેસના વેરિફિકેશન માટે આવ્યો હતો અને તેણે રૂ. ૨૦ લાખની લોન મંજૂર થઈ જશે તેવી વાત કરી હતી. એન્જિનિયરે સામે પ્રશ્ન કર્યો હતો કે વાત તો માત્ર રૂ. ૧૫ લાખની થઈ હતી, તો પછી ૨૦ લાખ કેમ? જેના જવાબમાં તે શખ્સે કાગળ પર ૧૫ લાખ જ રહેશે તેવો ગોળગોળ જવાબ આપ્યો હતો. ત્યારબાદ તેમને બજાજ કંપનીના નામનો એક લેટર મળ્યો હતો, જેમાં લોન મંજૂર થઈ ગઈ હોવાનું અને ખાતામાં રકમ જમા થઈ જશે તેમ કહેવામાં આવ્યું હતું.

## મહીસાગર જિલ્લામાં નેશનલ લોક અદાલતને જ્વલંત પ્રતિસાદ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી, નવી દિલ્હીના સૂચન અન્વયે મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આજે તા. ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ જિલ્લામાં નેશનલ લોક અદાલતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી એમ.એન.ગડકરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ લોક અદાલતમાં પક્ષકારો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો.આજના દિવસ દરમિયાન જિલ્લાની વિવિધ ૧૧ અદાલતોમાં સમાધાન પાત્ર પ્રિલિટીગેશનના ૬૦૧૨ અને પેન્ડિંગ ૧૩૭૪ કેસ મળીને કુલ



૭૩૮૬ કેસોનો સફળતાપૂર્વક ફેસલો કરવામાં આવ્યો છે.આ લોક અદાલતમાં મોટર અકસ્માત, બેંક લેણા, ચેક રીટર્ન, સામાન્ય મારામારીના કેસો, મિલકત સંબંધી દાવાઓ, લગ્ન સંબંધી કેસો, સમાધાન પાત્ર વીજળી તથા પાણીના બિલના કેસો, જમીન સંપાદનના કેસો અને સર્વિસ મેટર વગેરે પ્રકારના કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી દ્વારા સમાધાન વડે કેસોનો નિકાલ થાય તે હેતુથી લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. લોક અદાલતને કારણે લોકોના નાણાં અને સમયની મોટી બચત થાય છે તથા ’બન્ને ઘરે દીવા થાય છે’ તેવી ભાવના સાર્થક થાય છે. લોક અદાલત એ સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે. અહીં આવેલ કેસોનો ચુકાદો આખરી હોય છે, જેમાં અપીલની કોઈ જોગવાઈ હોતી નથી અને પક્ષકારોને અન્ય કોઈ આર્થિક ખર્ચ પણ થતો નથી.મહીસાગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રી કે.ટી. ગુરનાની અને સમગ્ર ટીમ દ્વારા આ નેશનલ લોક અદાલતને સફળ બનાવવા અને પક્ષકારોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી સત્વરે ન્યાય અપાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

**વૃષભ : બ. વ. ઉ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો.

**મિથુન : ક. છ. ઘ.**

મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે.

**કર્ક : ડ. હ.**

આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે.

**સિંહ : મ. ટ.**

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો.

**કન્યા : પ. ઠ. ણ.**

બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે.

**તુલા : ર. ત.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**વૃશ્ચિક : ન. ય.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**મકર : ખ. જ.**

તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**મીન : દ.ચ. ઝ. થ.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

# 300 બેઘર ગરીબ પરિવારોને ન્યાય અપાવવા માટે લખન ઘુવાના નેતૃત્વ હેઠળ અચોક્કસ મુદતની ભૂખ હડતાળ





| મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છના ગાંધીધામમાં વર્ષોથી વસવાટ કરતા લગભગ ૩૦૦ ગરીબ હિન્દુ પરિવારોને મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવો કાર્યવાહીમાં બેઘર કરી દેવામાં આવ્યા છે. આ પરિવારોને ન્યાય અપાવવા માટે બહુજન આર્મી સામાજિક એકતા મિશન ભારતના સંસ્થાપક શ્રી લખન ઘુવાના નેતૃત્વ હેઠળ સતત ૫૫ માં દિવસથી ધરણા અને અચોક્કસ મુદતની ભૂખ હડતાળ ચાલી રહી છે.આ લડતને કોંગ્રેસ પરિવારે મુલાકાત લઈ ટેકો જાહેર કર્યો હતો. આ તકે જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા શ્રી મમુભાઈ આહિર, શ્રીમતિ નેહાબેન રૂપારેલ, શ્રીમતિ નેહલ બા, શ્રીમતિ મેઘબાઈબેન ગઢવી, શ્રી અશ્વિનભાઈ રૂપારેલ, શ્રી વેરશીભાઈ મહેશ્વરી, શ્રી દલપતસિંહ સોઢા, શ્રી લખમીરભાઈ રબારી સહિતના કોંગ્રેસ પરિવારના અગ્રણીઓએ ઉપસ્થિત રહી લડતને સમર્થન આપ્યું હતું. આ તકે જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા શ્રી મમુભાઈ આહિર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે નાના બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ તંત્ર દ્વારા વહેલી તકે આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવે. જો વહેલી તકે ઉકેલ નહીં આવે તો આ લડતને કોંગ્રેસ તાલુકા તેમજ ગામડા સુધી લઈ જઈ ન્યાયઅપાવવા પ્રયત્ન કરશે.આ પ્રશ્ને ન્યાય અપાવવા માટે જિલ્લા સમાહર્તા સાથે મુખ્યમંત્રીશ્રી સમક્ષ પણ રજૂઆત કરવામાં આવશે.

## શનિવારે શ્રીકષ્ટભંજનદેવ દાદાને દિવ્ય વાઘા એવં ગુલાબના ફૂલોનો દિવ્ય શણગાર કરાયો



નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.12

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તા.12-09-2026ને શનિવાર ના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા, સ્વર્ણ આભૂષણો શણગાર કરાયો અને ગર્ભગૃહ ને લાલ તથા ગુલાબી ગુલાબના ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું. શણગાર કરવામાં આવ્યો હતો. સવારે 05:30 કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા 7:00 કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મંદિર પટાંગણ માં યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દર્શનનો અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

**કરુણ બનાવ**

## મેળામાં જવા બાબતે પતિ સાથે બોલાચાલી બાદ પત્નીનો આપઘાત

ધ્રોળ : ધ્રોળ તાલુકાના જાયવા ગામમાં એક કરુણ બનાવ સામે આવ્યો છે. ધ્રોળના મેળામાં જવા બાબતે પતિ સાથે થયેલી બોલાચાલી અને ઠપકાનું માઠું લાગી આવતાં 46 વર્ષીય પરિણીતાએ પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવ અંગે ધ્રોળ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, જાયવા ગામમાં રહેતા કોકીલાબેન ધીરજલાલ પરમાર (ઉં.વ. 46)ને ધ્રોળના મેળામાં જવા બાબતે તેમના પતિ સાથે બોલાચાલી થઈ હતી. દરમિયાન પતિએ તેમને ઠપકો આપ્યો હોવાનું પોલીસની પ્રાથમિક વિગતોમાં સામે આવ્યું છે. આ બાબતનું મનમાં માઠું લાગી આવતાં કોકીલાબેને પોતાના મકાનના રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને ઘટનાની જાણ થતાં તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ધ્રોળની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે ધ્રોળ પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ 194 મુજબ અકસ્માતે મોતની નોંધ કરી ઘટનાના સંજોગો અંગે વધુ તપાસ હાથ ધરી છે. જામનગરના ધ્રોળ તાલુકાના જાયવા ગામે 46 વર્ષીય પરિણીતા કોકીલાબેન ધીરજલાલ પરમારે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો છે.

**ધમકી**

## જામનગરમાં ચાર શખ્સોએ યુવકને ઢીકા-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી

જામનગરના બેડેશ્વર આઝાદ ચોક વિસ્તારમાં ઘર બહાર બેઠેલા 23 વર્ષીય યુવક સાથે કારણ વગર બોલાચાલી કરી ચાર શખ્સોએ ઝપાઝપી કર્યા બાદ ઢીકા-પાટુનો માર માર્યાની અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.બેડેશ્વર આઝાદ ચોક, મુંબઈવાળાના દવાખાના પાછળ રહેતા અને ટ્રકમાં કંડક્ટર તરીકે કામ કરતા હુસેનભાઈ હારૂનભાઈ છેરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તા. 7 સપ્ટેમ્બરના સાંજના આશરે પાંચેક વાગ્યે હુસેનભાઈ હાપાથી રિક્ષામાં પોતાના ઘરે આવ્યા હતા. ત્યારબાદ તેઓ ઘર બહાર એકલા બેઠા હતા ત્યારે પાડોશમાં રહેતા અકીલભાઈ હનીફભાઈ કોરેજા તેમની પાસે આવ્યા હતા અને કારણ વગર બોલાચાલી કરવા લાગ્યા હતા.હુસેનભાઈએ બોલાચાલી કરવાની ના પાડતા અકીલભાઈ ઉગ્ર બની ગાળો આપવા લાગ્યા હતા. દરમિયાન ગુલામભાઈ આમદભાઈ કોરેજા, અસગર ઈસ્માઈલભાઈ કોરેજા અને હનીફભાઈ આમદભાઈ કોરેજા પણ ત્યાં આવી ગયા હતા અને હુસેનભાઈ સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. ઝપાઝપી દરમિયાન હુસેનભાઈ નીચે પડી જતાં તેમના ડાબા કાન ઉપરના ભાગે મુંઢ ઈજા થઈ હતી.ત્યારબાદ ગુલામભાઈએ હુસેનભાઈને પકડી રાખ્યા હતા અને ચારેય શખ્સોએ તેમને શરીરે ઢીકા-પાટુનો માર માર્યો હતો. આ દરમિયાન હનીફભાઈએ હુસેનભાઈના વાળ ખેંચી માર માર્યાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

**સ્નેહીજનોને મળીને સૌએ અત્યંત આનંદ અને લાગણી અનુભવી**

## વડનગર મુકામે શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધાનું ભવ્ય આયોજન





આજરોજ પવિત્ર અમાસ અને શ્રાવણ માસના અંતિમ દિવસના દિવ્ય અવસરે, ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસત ધરાવતી નગરી વડનગર મુકામે શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધાનું ભવ્ય આયોજન વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે જિલ્લા રમત ગમત અધિકારી કચેરી મહેસાણા અને ગુજરાત સરકાર રમત ગમત વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શ્રી યોગીજી મહારાજ સાર્વજનિક હાઈસ્કૂલ, રાજપુરના તેજસ્વી ખેલાડી શ્રી અભય ડી. સોલંકીએ હેમર થ્રો સ્પર્ધામાં ૭.૨૦ કિલોગ્રામ વજન ફેંકીને 31.22 મીટરનું ગૌરવવંતુ અંતર કાપી પોતાની અદભુત ખેલદિલી અને મનોબળના પ્રતાપે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સમગ્ર જિલ્લાનું નામ રોશન કર્યું છે.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી વિપુલભાઈ પટેલ, શાળા પરિવાર તેમજ શાળા મંડળ દ્વારા ખેલાડીને હાર્દિક શુભેચ્છા અને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત, જિલ્લા રમત અધિકારી શ્રી વિરલ ચૌધરીએ પણ વિશેષ ઉપસ્થિત રહીને ખેલાડીને ઉજ્જવળ ભવિષ્ય માટે અદકેરી શુભેચ્છાઓ પાઠવી હતી.સ્પર્ધાની પૂર્ણાહુતિ બાદ, વિજેતા ખેલાડી તથા મહાનુભાવોએ ઐતિહાસિક નગરી ખાતે અતિ પૌરાણિક શ્રી હાટકેશ્વર દાદાના મંદિરમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પવિત્ર અવસરે બામરોલી ગામના શિવભક્તો અને સ્નેહીજનોને મળીને સૌએ અત્યંત આનંદ અને લાગણી અનુભવી હતી.ત્યારબાદ, સાંજના સુમારે શ્રી લાલભાઈ ભરવાડ (મુકામ: નીલકી, વિરમગામ) ના નિવાસસ્થાને અને કાતરોલી મુકામે યોજાયેલ ધાર્મિક અનુષ્ઠાનમાં વિશેષ ઉપસ્થિતિ રહી હતી. શ્રી લાલભાઈ ભરવાડ દ્વારા સવા લાખ બીલીપત્ર મહાદેવજીને અર્પણ કરી લઘુ રુદ્ર યજ્ઞ તેમજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય પ્રસંગે લાલભાઈ ભરવાડ ના સ્નેહીજનો મિત્રો પીયૂષભાઈ ભરવાડ, વરિષ્ઠ પત્રકાર શ્રી નટવરલાલ એલ. ભટ્ટ, વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી શ્રી સતીશભાઈ ભટ્ટ, કડીના પત્રકાર શ્રી શ્રી હર્ષદભાઈ સુથાર તેમજ કડીના પત્રકાર ચુનીલાલ પટેલ આનંદ ગરબા મંડળ ડાંગરવા ચેતન પટેલ કલ્યાણપુરા મિત્રો અને ચુવાલ આનંદ ગરબા મંડળના સભ્યો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

**"પશુધન બચાવવા તાત્કાલિક અછત જાહેર કરો" — સૂકા ચારા અને સહાયની કોંગ્રેસની માંગ**

# વરસાદ રૂઠ્યો, માલધારીઓની ચિંતા વધી!

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



કચ્છમાં વરસાદ ખેંચાતા નાના માલધારીઓ અને પશુપાલકોની ચિંતા વધી છે. પશુપાલન સિવાય આજીવિકાનું અન્ય કોઈ સાધન ન ધરાવતા માલધારીઓ બારેમાસ રાત-દિવસ સીમાડામાં પશુઓ સાથે જીવન પસાર કરે છે. પરંતુ હાલ વરસાદના અભાવે ઘાસચારો ઉપલબ્ધ ન હોવાથી આગામી દિવસો તેમના માટે કપરી પરિસ્થિતિ સર્જી શકે તેવી ભીતિ છે.માલધારીઓ માટે હવે લાંબી અને મુશ્કેલ મંજિલ કાપવાની છે. ખાસ કરીને શિયાળામાં ઠંડીનું પ્રમાણ વધશે ત્યારે પશુઓના પેટમાં પૂરતો ખોરાક નહીં મળે તો પશુઓ નબળા પડીને મોતના મુખમાં ધકેલાઈ શકે છે. નાના પશુપાલકો માટે પશુધન જ તેમની આજીવિકાનો મુખ્ય આધાર હોવાથી હજારો પરિવારો માટે આ ચિંતાનો વિષય બન્યો છે.આ અંગે કોંગ્રેસ તાલુકા સમિતિના મહામંત્રી જુસબભાઈ સોઢાએ સરકાર સમક્ષ માંગ કરી છે કે કચ્છની વરસાદી સ્થિતિને ધ્યાનમાં લઈ વહેલી તકે અછત જાહેર કરવામાં આવે. ખાસ કરીને ઘેટાં-બકરાં સહિતના નાના પશુધન ધરાવતા માલધારીઓને તાત્કાલિક સૂકો ચારો, મગફળીની ફણી, ગોવારતરી તેમજ ચારા માટે સબસિડી આપવામાં આવે. જુસબભાઈ સોઢાએ જણાવ્યું હતું કે સમયસર ચારા અને સહાયની વ્યવસ્થા કરવામાં નહીં આવે તો માલધારીઓની સાથે તેમનું મહામૂલું પશુધન પણ ગંભીર સંકટમાં મુકાઈ શકે છે. તેથી સરકાર દ્વારા તાત્કાલિક રાહતના પગલાં લઈ માલધારીઓ અને પશુધનને બચાવવા જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### જામનગર નજીક મોરકંડા પાટિયા પાસે ટ્રકની અડફેટે સાઈકલ સવારનું કરુણ મૃત્યુ

જામનગર: જામનગર નજીક મોરકંડા પાટિયા પાસે ટ્રક ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી ટ્રક હંકારી સાઈકલ સવાર વૃદ્ધને હડફેટે લેતા ગંભીર ઈજાઓના કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું.આ બનાવ તા. 8 સપ્ટેમ્બરની રાત્રિના આશરે આઠ વાગ્યાના અરસામાં બન્યો હતો. મોરકંડા પાટિયા નજીક ટ્રક નં. જીજે-10-ઝેડ-5887ના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સાઈકલ પર જઈ રહેલા રમેશભાઈ ચાવડા (ઉં.વ. 63) ને હડફેટે લીધા હતા. અકસ્માતમાં રમેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું.બનાવ અંગે મૃતકના ભાઈ જગદીશભાઈ સામજીભાઈ ચાવડા (ઉં.વ. 55, રહે. મહાદેવ પાર્ક, મેઈન રોડ, મોરકંડા)ની ફરિયાદના આધારે પંચકોશી બી ડિવિઝન પોલીસે ટ્રક ચાલક સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 106(1), 281, 125(એ)(બી) તથા મોટર વ્હીકલ એક્ટની કલમ 177, 184 અને 134 મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**30 ફૂટ ઊંચા ફુવારા, હજારો લીટર નર્મદાનું પાણી વેડફાયું!**

## મથલ બ્રિજ નજીક નર્મદા લાઈનમાં ભંગાણથી પાણીનો બેફામ બગાડ; વાહનો ધોવામાં પણ પાણીનો ઉપયોગ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)



નખત્રાણા-લખપત હાઈવે પર નવા બનેલા મથલ બ્રિજ નજીક નર્મદા લાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો મોટા પ્રમાણમાં બગાડ થયો હતો. લાઈનના એરવાલમાંથી પાણીના આશરે 30 ફૂટ ઊંચા ફુવારા ઉડતા જોવા મળતાં સ્થળ પર લોકોના ટોળા એકઠા થયા હતા.ભંગાણને કારણે હજારો લીટર નર્મદાનું કિંમતી પાણી રસ્તા અને આસપાસના વિસ્તારમાં વહી ગયું હતું. આશ્ચર્યજનક રીતે કેટલાક લોકો દ્વારા આ વહેતા પાણીનો ઉપયોગ વાહનો ધોવા માટે પણ કરવામાં આવતો જોવા મળ્યો હતો.એક તરફ અનેક વિસ્તારોમાં પાણીની અછત વચ્ચે લોકો પાણી માટે પરેશાન છે, ત્યારે બીજી તરફ નર્મદાનું પાણી આ રીતે વેડફાતા તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. મથલ બ્રિજ નજીક નર્મદા લાઈનમાં સર્જાયેલા ભંગાણને તાત્કાલિક રિપેર કરી પાણીનો વધુ બગાડ અટકાવવામાં આવે તેવી સ્થાનિકોમાં પ્રબળ માંગ ઉઠી છે.

**નાગવિરી ખાતે**

## (ભાદરવા સુદ ત્રીજ) ના રોજ યોજાશે શ્રી વાછરાદાદાનો ભવ્ય લોકમેળો

| મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના પાવન ધામ નાગવિરી ગામે પરમ પૂજ્ય શ્રી વાછરાદાદાના સ્થાને ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળો તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬, સોમવાર, ભાદરવા સુદ ત્રીજના રોજ યોજાશે.દર વર્ષે યોજાતા આ મેળામાં રવાપર, ઘડાણી, નવાવાસ, નેત્રા, ખીરસરા, રામપર, વિગોડી, હરીપર, વાલ્કા સહિતના આસપાસના ૧૦ થી ૧૨ ગામોના હજારો ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડશે અને દાદાના આશીર્વાદ મેળવશે.આમ તો વાછરાદાદાના મંદિર વગર



કોઈ ચારણનો નેશ ન હોય. વીર શ્રી ભાથીજી સોલંકી મહારાજ (દાદા વચ્છરાજ) અને ચારણ કુળ વચ્ચે આદિકાળથી દિવ્ય નાતો છે. માંડવી તાલુકાના પાંચોટિયા ગામમાં આદિકાળથી ચારણ કુળની વિશરપુરી શાખા દ્વારા વાછરાદાદાની પૂજા થાય છે. પાંચોટિયા ગામની સ્થાપના પણ ચારણો દ્વારા જ કરવામાં આવી છે.લોકવાયકા મુજબ પાંચોટિયાના વતની ચારણ વીરે પોતાનું જીવન દાદા આધારની ભક્તિમાં સમર્પિત કર્યું હતું. એક દિવસ પાંચોટિયાના પાદરમાં તેમને સ્વપ્નમાં સાક્ષાત વાછરાદાદાએ દર્શન દઈ આદેશ કર્યો કે "હે ચારણ વીર! તું મારા મંદિરમાં રહેલ એક ઘોડાને વિધિવત રીતે ઉથાપિત કરી ખભા પર રાખ અને હું કહું તે દિશામાં સતત ચાલ. જ્યાં તને થાક લાગે ત્યાં જ મારા ઘોડાનું સ્થાપન કરી મંદિર બનાવજે."દાદાના આ આદેશને માથે ચડાવી ચારણ વીર ઘોડો ખભે ઉપાડી ચાલવા માંડ્યા અને હાલના નખત્રાણા તાલુકાના નાગવિરી ગામના ટીંબા પાસે પહોંચતા તેમને થાક લાગ્યો. ત્યાં જ તેમણે નેશ બનાવ્યો અને પાંચોટિયાથી લાવેલા ઘોડાની સ્થાપના કરી શ્રી વાછરાદાદાના મંદિરની સ્થાપના કરી.

**બીજી તરફ, ઉત્સાહી વિદ્યાર્થીઓ એ દર્દીઓનો જુસ્સો વધારવા અને તેમને નવી ઉર્જા આપવા**

# જૂનાગઢ GMERS હોસ્પિટલના માનસિક આરોગ્ય વિભાગ દ્વારા 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.12



GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જૂનાગઢના માનસિક આરોગ્ય વિભાગ દ્વારા વિભાગ ના વડા ડૉ.તન્વી કાચા ના માર્ગદર્શન હેઠળ 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે સમાજમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા અને આત્મહત્યા જેવા ગંભીર પગલાંને અટકાવવાના ઉદ્દેશ્યથી વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનના ભાગરૂપે, ડૉ.સુભાષ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ જાગૃતિ સત્ર (સેમિનાર) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં માનસિક આરોગ્ય વિભાગના ડૉ.નિધીશ કક્કડ દ્વારા યુવાનોમાં વધતા તણાવ, માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને આત્મહત્યા નિવારણના મહત્વ વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ, હોસ્પિટલના માનસિક આરોગ્ય વિભાગની OPD ખાતે મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. કૃતાર્થ બ્રહ્મભટ્ટ, સિનિયર ડૉ.હિમા પોપટ ની તેમજ ડૉ.નિધીશ કક્કડની પ્રેરક ઉપસ્થિતિમાં એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જૂનાગઢની સેટ (SET) મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓની મદદથી પોસ્ટર પ્રેઝન્ટેશન અને આત્મહત્યા જાગૃતિ વિષય પર એક નાનકડી અને પ્રભાવશાળી નાટિકા (skit) રજૂ કરવામાં આવી હતી. આ નાટિકાએ ઉપસ્થિત દર્દીઓ અને લોકોના મન પર ઊંડી અસર છોડી હતી અને જીવનનું મૂલ્ય સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું વિશેષ આકર્ષણ ડૉ. હિમા પોપટ અને ડૉ.નિધીશ કક્કડની જહેમતથી માનસિક આરોગ્ય વિભાગની OPD માં તૈયાર કરવામાં આવેલી 'વોલ ઓફ હોપ' (આશાની દીવાલ) નામની એક અનોખી પહેલ હતી. આ દીવાલ પર માનસિક બીમારી સામે લડી ચૂકેલા દર્દીઓએ તેમના સંઘર્ષ અને સકારાત્મક અનુભવો (testimony) લખ્યા હતા. જ્યારે બીજી તરફ, ઉત્સાહી વિદ્યાર્થીઓ એ દર્દીઓનો જુસ્સો વધારવા અને તેમને નવી ઉર્જા આપવા માટે હકારાત્મક સંદેશાઓ (positive affirmations) લખ્યા હતા. આ 'વોલ ઓફ હોપ' હાલ સારવાર લઈ રહેલા દર્દીઓ માટે ખરા અર્થમાં આશાનું કિરણ બની છે. GMERS માનસિક રોગ વિભાગનો આ સરાહનીય પ્રયાસ સમાજમાં માનસિક સ્વાસ્થ્ય અંગે પ્રવર્તતી ગેરસમજો દૂર કરવા અને હતાશામાં જીવતા લોકોને જીવન પ્રત્યે નવો દ્રષ્ટિકોણ પૂરો પાડવા માટે એક મહત્વપૂર્ણ કદમ બની રહ્યો છે.

**બીમાર ગૌમાતાની વહારે પહોંચ્યું ગૌવંશમ ગ્રુપ**

## નવાવાસ વિસ્તારમાં બીમાર ગૌમાતાને ડૉ. દીક્ષિતભાઈ પટેલે આપી પ્રાથમિક સારવાર



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે ગૌવંશમ ગ્રુપની ટીમને નવાવાસ વિસ્તારમાં એક ગૌમાતા બીમાર હોવાની જાણ થતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ગૌમાતાની સ્થિતિને ધ્યાનમાં લઈને ડૉ. દીક્ષિતભાઈ પટેલ દ્વારા સ્થળ પર જ પ્રાથમિક સારવાર કરવામાં આવી હતી.આ સેવાકાર્યમાં જે.આર. ગોસ્વામી, માધવસિંહ રાઠોડ સહિત ગૌવંશમ ગ્રુપ નખત્રાણાની ટીમ તેમજ ગૌપ્રેમીઓ અને ગૌસેવકો જોડાયા હતા. સૌએ સાથે મળી બીમાર ગૌમાતાની સેવા-સારવાર કરી માનવતા અને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.આ અંગે જે.આર. ગોસ્વામીએ યાદીમાં જણાવ્યું હતું કે, ગૌવંશની સેવા અને રક્ષણ માટે ટીમ સતત પ્રયત્નશીલ છે અને ગૌમાતા કે અન્ય પશુઓ મુશ્કેલીમાં હોવાની જાણ થાય ત્યારે તાત્કાલિક સેવા પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

### લોન રિસ્ટ્રક્ચરિંગ, ગ્રેસ પિરિયડ કે લમ્પસમ સેટલમેન્ટ જેવા વિકલ્પો ચકાસી શકાય

# નોકરી જતી રહે અને હપ્તો ભરવાના રૂપિયા ન હોય તો પેનલ્ટીથી બચવા તરત કરો આ 5 કામ

(એજન્સી) નવી દિલ્હી | તા 12




EMI ભરવામાં મુશ્કેલી પડે ત્યારે ગ્રાહકોએ બેંકનો સંપર્ક કરવો હિતાવહ છે. નોકરી ગુમાવવી કે પગાર ઘટાડો જેવી સ્થિતિમાં બેંકને વાસ્તવિક કારણ જણાવી, લોન રિસ્ટ્રક્ચરિંગ, ગ્રેસ પિરિયડ કે લમ્પસમ સેટલમેન્ટ જેવા વિકલ્પો ચકાસી શકાય છે. આનાથી ક્રેડિટ સ્કોર પર નકારાત્મક અસર ટાળી શકાય છે.આજના સમયમાં EMIના માધ્યમથી મોંઘી વસ્તુઓ કે વિવિધ જરૂરિયાતો માટે લોન લેવી સામાન્ય બની ગઈ છે. EMIના કારણે મોટી રકમ એકસાથે ચૂકવવાને બદલે દર મહિને નિશ્ચિત રકમ ચૂકવી શકાય છે. જોકે નોકરી જતી રહેવી, પગારમાં ઘટાડો થવો અથવા અચાનક મોટો ખર્ચ આવી પડવા જેવી સ્થિતિમાં સમયસર EMI ભરવી મુશ્કેલ બની શકે છે.EMI ભરવામાં મુશ્કેલી પડે ત્યારે બેંકથી વાત છુપાવવાને બદલે શક્ય તેટલી વહેલી તકે સંપર્ક કરવો જોઈએ. તમારી લોનની વિગતો, અગાઉની ચુકવણીનો રેકોર્ડ અને બેંક તરફથી મળેલી નોટિસ જેવા દસ્તાવેજો તૈયાર રાખો. EMI ન ભરી શકવાનું વાસ્તવિક કારણ બેંકને જણાવો અને તમે લોન ચૂકવવા માટે પ્રતિબદ્ધ છો તે સ્પષ્ટ કરો. અગાઉ તમારો ચુકવણી રેકોર્ડ સારો રહ્યો હોય તો તેનો પણ ઉલ્લેખ કરી શકાય છે.જો થોડા મહિનામાં તમારી આર્થિક સ્થિતિ સુધરવાની શક્યતા હોય, જેમ કે નવી નોકરી મળવાની આશા હોય, તો બેંક સાથે EMI માટે રાહત અથવા ચુકવણી મુલતવી રાખવાની શક્યતા અંગે ચર્ચા કરી શકાય છે. બેંકની મંજૂરી અને લાગુ શરતો અનુસાર આવો વિકલ્પ મળી શકે છે. જોકે, ગ્રેસ પિરિયડ બાદ EMI ફરી શરૂ થશે અને મોડા ચુકવણીના ચાર્જ અથવા અન્ય લાગુ ખર્ચ થઈ શકે છે.જો હાલની EMI તમારી આવકની સરખામણીએ વધારે થઈ ગઈ હોય તો બેંક સાથે લોન રિસ્ટ્રક્ચરિંગ અંગે વાત કરી શકાય છે. કેટલીક પરિસ્થિતિમાં EMI ઘટાડીને લોનની મુદત વધારવાનો વિકલ્પ મળી શકે છે. તેનાથી ટૂંકા ગાળે માસિક નાણાકીય બોજ ઓછો થઈ શકે છે.કેટલાક કિસ્સામાં બેંક બાકી લોન માટે એકમુશ્ત સેટલમેન્ટનો વિકલ્પ પણ વિચારણા હેઠળ લઈ શકે છે. જોકે આવી વ્યવસ્થા તમારી ક્રેડિટ હિસ્ટ્રી અને ક્રેડિટ સ્કોર પર નકારાત્મક અસર કરી શકે છે. તેથી આ વિકલ્પ પસંદ કરતા પહેલાં તેની લાંબા ગાળાની અસર સમજવી જરૂરી છે.અન્ય વિકલ્પો કામ ન કરે તો ઉપલબ્ધ બચત, ડિપોઝિટ અથવા કેટલાક રોકાણને લિક્વિડેટ કરીને EMI ચૂકવવા અંગે વિચાર કરી શકાય છે. જોકે આ નિર્ણય લેતા પહેલાં રોકાણ તોડવાથી થનારા નુકસાન, ટેક્સ અને ભવિષ્યની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.નાણાકીય આયોજનમાં ઈમરજન્સી ફંડનું મહત્વ ખૂબ છે. સામાન્ય રીતે ઓછામાં ઓછા કેટલાક મહિનાના જરૂરી ખર્ચ અને EMIને આવરી શકે તેવી સરળતાથી ઉપલબ્ધ બચત રાખવી ઉપયોગી બની શકે છે. સૌથી મહત્વનું એ છે કે EMI ચૂકવવામાં મુશ્કેલી પડે ત્યારે સમસ્યાને ટાળવાને બદલે બેંક સાથે વહેલી તકે પારદર્શક વાતચીત કરવી. કોઈપણ લોન સંબંધિત નિર્ણય લેતા પહેલાં તેની ફી, વ્યાજ, ક્રેડિટ સ્કોર પર અસર અને કુલ ચુકવણી અંગેની શરતો સારી રીતે સમજવી જરૂરી છે.

## નોપેપરફોર્મ સોલ્યુશન્સ લિમિટેડે બજાર નિયમનકારક સેબીમાં UDRHP-1 ફાઈલ કર્યું

મુંબઈ | નોપેપરફોર્મ સોલ્યુશન્સ લિમિટેડ AI-પાવર્ડ વર્ટિકલ સોફ્ટવેર-એઝ-એ-સર્વિસ (“વર્ટિકલ SaaS”), એમ્બેડેડ પેમેન્ટ અને એજેન્ટિક AI ઉત્પાદનોનો સંપૂર્ણ સેટ પ્રદાન કરતી કંપની છે, જેને ખાસ કરીને શિક્ષણ ઉદ્યોગ માટે સ્થાપિત કરવામાં આવી છે. કંપનીએ ફ્રેશ ઈશ્યૂ મારફતે 375 કરોડનું ફંડ ઊભું કરવા સેબીમાં DRHP ફાઈલ કર્યું છે, જેમાં રોકાણકાર વિક્રેતા શેરધારકો દ્વારા 38,422,392 ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (OFS) સામેલ છે. તેમાં દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ 1 છે.કંપનીએ ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ચોખ્ખા ભંડોળનો ઉપયોગ આ માટે કરવાનું નક્કી કર્યું છે 1. ગ્રાહક મેળવવા અને જાળવવા માટે ખર્ચને ફંડ આપવું; 2. ટેકનોલોજી વિકાસ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ ખર્ચને ફંડ પૂરું પાડવું; અને 3. સાધારણ કોર્પોરેટ કામગીરીઓ અને ઓળખ ન કરાયેલા એક્વિઝિશન મારફતે ઈનઓર્ગેનિક વૃદ્ધિ માટે ફંડ પૂરું પાડવું. નોપેપરફોર્મ સોલ્યુશન્સ લિમિટેડ કેટેગરી ક્રીએટર છે તથા નાણાકીય વર્ષ 2024-25માં કામગીરીમાંથી આવકની દ્રષ્ટિએ વિદ્યાર્થીઓની નોંધણી અને પેમેન્ટ ક્ષેત્રમાં ભારતનું સૌથી મોટું પ્લેટફોર્મ છે (સ્રોત : 1લેટિસ રિપોર્ટ). સાથે સાથે, નાણાકીય વર્ષ 2024-25માં આ ક્ષેત્રમાં 500 મિલિયનથી વધારે આવક કરનારી એકમાત્ર નફાકારક ભારતીય કંપની છે.

# News Brief

## ઇન્ડસઇન્ડ બેંકે વ્યવસાયો માટે ઓવરડ્રાફ્ટ અને કેશ ક્રેડિટ લિન્ક્ડ કોર્પોરેટ ક્રેડિટ કાર્ડ લોંચ કર્યા

મુંબઈ | ઈન્ડસઈન્ડ બેંકે વ્યવસાયોને રોકડપ્રવાહ પર વધારે નિયંત્રણ આપવા, કાર્યદક્ષતા વધારવા અને મંજૂર ધિરાણની મર્યાદાઓનો સ્માર્ટ ઉપયોગ કરવા ઓવરડ્રાફ્ટ (OD) અને કેશ ક્રેડિટ (CC) લિન્ક્ડ કોર્પોરેટ ક્રેડિટ કાર્ડ લોંચ કરવાની જાહેરાત કરી હતી.આ પરિવર્તનકારક ખાસિયત કાર્ડને ગ્રાહકના હાલના OD કે CC એકાઉન્ટ સાથે જોડીને કામ કરવા સક્ષમ બનાવે છે - જેથી અલગ ધિરાણ મર્યાદા, બિલિંગ સાયકલ કે સ્વતંત્ર ધોરણે એકાઉન્ટ મેળવવાની જરૂરિયાત દૂર થાય છે. રોજિંદા વ્યાવસાયિક ખર્ચને મુખ્ય કાર્યકારી મૂડી સાથે જોડીને આ સમાધાન વ્યવસાયને શ્રેષ્ઠ રીતે લિક્વિડિટી મેનેજ કરવામાં મદદ કરે છે. સાથે સાથે, ખર્ચ પર સંપૂર્ણ પારદર્શકતા અને નિયંત્રણ સુનિશ્ચિત કરે છે.આ લોંચ પર ઈન્ડસઈન્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જગદીપ મલ્લારેડ્ડીએ કહ્યું હતું : “હાલ વ્યવસાયો સ્માર્ટ અને ઈન્ટિગ્રેટેડ ફાઈનાન્શિયલ સોલ્યુશન શોધે છે, જે કામકાજને સરળ બનાવવા અને સાથે સાથે, રોકડપ્રવાહ પર શ્રેષ્ઠ નિયંત્રણ આપે. ઈન્ડસઈન્ડ બેંકના OD/CC લિન્ક્ડ કોર્પોરેટ ક્રેડિટ કાર્ડ આ જરૂરિયાતને પૂર્ણ કરે છે. આ મંજૂર કાર્યકારી મૂડીની મર્યાદાનો ઉપયોગ પેમેન્ટ કરવાની સુવિધા આપે છે, જેથી વ્યવસાયની કામગીરીની ક્ષમતા વધે છે. આ લોંચ બેંકના સતત એ ધ્યાનને દર્શાવે છે, જે અંતર્ગત એ ડિજિટલ ક્ષમતાઓનો ઉપયોગ કરીને નવા સોલ્યુશન આપે છે, જે વ્યવસાયો અને MSMEsને આત્મવિશ્વાસ સાથે આગળ વધવામાં મદદ કરે છે.” OD/CC-લિન્ક્ડ કોર્પોરેટ ક્રેડિટ કાર્ડ મંજૂર OD કે CC મર્યાદાઓમાંથી સીધા રૂપિયા ઉપાડીને સરળતાપૂર્વક ઓનલાઈન અને ઓફલાઈન ચુકવણી કરવાની સુવિધા આપે છે, જેથી વધારે સરળતાપૂર્વક અને સારામાં સારી નાણાકીય શિસ્ત મળે છે. આ કાર્ડ ભારતના મુખ્ય કાર્ડ નેટવર્ક એટલે કે NPCI - રુપે, માસ્ટરકાર્ડ, વિઝા પર લોંચ થશે તથા પ્રોપેલગો ટેકનોલોજીસ દ્વારા સંચાલિત હશે.

## રિવાહ બાય તનિષ્કે વેડિંગ સિગ્નેચર્સ લોંચ કર્યું, આધુનિક નવવધૂના જ્વેલરી કલેક્શનમાં ગુજરાતના વારસાને જીવંત કર્યો




મુંબઈ | તનિષ્કની વેડિંગ જ્વેલરી પર કેન્દ્રીત સબ બ્રાન્ડ રિવાહ બાય તનિષ્કે તમિલ, તેલુગુ, રાજસ્થાની/મારવાડી, ગુજરાતી, મરાઠી અને પેન ઈન્ડિયા/મેટ્રોનું પ્રતિનિધિત્વ કરતા છ વિવિધ ભારતીય નવવધૂના સમુદાયોમાં સંપૂર્ણ બ્રાઈટલ જ્વેલરી કલેક્શન વેડિંગ સિગ્નેચર્સ લોંચ કર્યું છે. આ કલેક્શન રિવાહની એ સમજણ પર આધારિત છે કે, હાલ આધુનિક ભારતીય નવવધૂઓ પોતાનાં સાંસ્કૃતિક વારસાને જાળવવા આતુર છે, પણ પોતાની વિશિષ્ટ રીતે.8થી 12 મહિનામાં એક નવવધૂ લગ્ન માટે સ્થળ, સમારંભનું સ્થાન, વિવિધ ફંક્શન, ફેશન, ફોટોગ્રાફી, ડીકોર, સુંદરતા અને જ્વેલરીની પસંદગી કરે છે, જે તમામનો સમન્વય થઈને તેના લગ્નની દિશા નક્કી કરે છે. તેનાથી નવવધૂઓનો આભૂષણો પ્રત્યેનો દ્રષ્ટિકોણ પણ બદલાઈ ગયો છે. તેઓ એક સેટ પર નિર્ભર રહેવાને બદલે અલગ-અલગ પ્રસંગો માટે વિવિધ આભૂષણોની પસંદગી કરી રહી છે. વેડિંગ સિગ્નેચર્સ લગ્નના વિવિધ ફંક્શન અને સમારંભને પૂર્ણ કરવા ડિઝાઈનની એક સંપૂર્ણ જ્વેલરી વોર્ડરોબ પૂરો પાડે છે. વેડિંગ સિગ્નેચર્સ કલેક્શનમાં ગુજરાતી નવવધૂ માટે આધુનિક અને રમૂજી દ્રષ્ટિકોણ સાથે ગુજરાતી બ્રાઈડલ જ્વેલરીના વિવિધ પાસાંનું પુનઃ અર્થઘટન કરવામાં આવ્યું છે. હીરા ગૂંથણ અને ચંદનહારથી પ્રેરિત ડિઝાઈન મુખ્ય બની ગઈ છે, તો મોર, પોપટ, કેરી અને ડોડીની છાપ ઉજવણી, સાહચર્ય, સમૃદ્ધિ, સલામતી અને પારિવારિક વારસાના વિચારોનો સમન્વય કરે છે. જ્યારે રસ રવા, તાર વેણી અને કિટકિટ વાયર વર્ક સહિત વિવિધ પરંપરાગત ગુજરાતી સોનીકામની કારીગરીઓ બારીક બનાવટ અને કુશળતાનો સમન્વય કરે છે, ત્યારે ઘુઘરુ, ચંદ્રક ફૂલો, કુંદન હાઈલાઈટ્સ અને સમૃદ્ધ લાલ ગદર એનામેલ નવવધૂના વસ્ત્રોમાં ગતિ, રંગ અને વિશિષ્ટ યુવા ચરિત્ર દર્શાવે છે. પાટલા, સુતરલા અને ચૂડલાથી પ્રેરિત નવવધૂની બંગડીઓથી લઈને મોતી અને લીલા મીણની હળવી રચનાઓ સુધી આ કલેક્શન નવવધૂની સ્ટાઈલ માટે વધારે વિવિધતાસભર અને આધુનિક દ્રષ્ટિકોણ સાથે ગુજરાતી પરંપરાના સમૃદ્ધ વારસાને એકસાથે લાવે છે. તનિષ્કના ડિઝાઈન એક્સલન્સ સેન્ટર (DEC)માં વિકસિત વેડિંગ સિગ્નેચર્સ કલેક્શન સાત નવવધૂઓની દુનિયામાં પ્રાદેશિક સમજણ, ડિઝાઈનની કુશળતા અને કારીગરીને એકસાથે લાવે છે. આ કલેક્શનને “વન વેડિંગ, મેની સ્ટોરીઝ” એટલે કે “એક લગ્ન, ઘણી યાદગાર વાતો” અભિયાન મારફતે જીવંત કરવામાં આવ્યું છે, જે આ વિચારને ડેસ્ટિનેશન, ફોટોગ્રાફી અને ફિલ્મના માધ્યમથી બહોળી વેડિંગ ઈકોસિસ્ટમમાં સમાવે છે.

## AI અને આધુનિક ટૂલ્સથી ચમક્યું સ્થાનિક બજાર; પાવર ટૂલ્સ 2.26 અબજ ડૉલર અને મશીન ટૂલ્સ 1.97 અબજ

નવી દિલ્હી, 11 સપ્ટેમ્બર, 2026: ભારતીય મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં આવી રહેલા પાયાના બદલાવો વચ્ચે, ઔદ્યોગિકક્ષેત્રમાં પોતાની 24 વર્ષની સ્થાપિત ઓળખને આગળ ધપાવતા, &★39;ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા&★39; દ્વારા 17 થી 19સપ્ટેમ્બર દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે &★39;ટૂલ્સ એન્ડ ઈક્વિપમેન્ટ એક્સ્પો 2026&★39; (TAEE)નું આયોજનકરવામાં આવી રહ્યું છે. આ ત્રિ-દિવસીય એક્સ્પોમાં હેન્ડ ટૂલ્સ, પાવર ટૂલ્સ, કટિંગ અને વેલ્ડીંગ ટેકનોલોજી, સ્માર્ટ ટૂલ્સ,ઓટોમેશન તેમજ પર્યાવરણ-અનુકૂળ (સસ્ટેનેબલ) સાધનોની નવીનતમ શ્રેણી રજૂ કરવામાં આવશે. આ પ્રદર્શનીમાં દેશ-વિદેશના 300થી વધુ પ્રદર્શકો ભાગ લેશે, જ્યાં 2,000થી વધુ ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવશે અને 150થી વધુ નવાઉત્પાદનો લોન્ચ થશેઆયોજન પ્રસંગે &★39;ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા&★39;ના મેનેજિંગ ડિરેક્ટર યોગેશ મુદ્રાસે જણાવ્યું હતું કે, ભારતનુંમેન્યુફેક્ચરિંગ સેક્ટર વૈશ્વિક સપ્લાય ચેઈનમાં નિર્ણાયક ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. દેશમાં પાવર ટૂલ્સનું બજાર8.6% CAGRની વૃદ્ધિ સાથે 2.26 અબજ ડૉલર અને મશીન ટૂલ્સનું બજાર 7.5% CAGR સાથે 1.97 અબજડૉલરનું થઈ ચૂક્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ એક્સ્પો ઉદ્યોગને અદ્યતન ટેકનોલોજી સુધી સીધી પહોંચ પૂરીપાડશે અને વ્યવસાયોને સપ્લાય ચેઈન પરની નિર્ભરતા તેમજ ડિજિટલ કૌશલ્યની અછત જેવી પડકારો સામે લડવામાંસક્ષમ બનાવશે.ઉદ્યોગ જગતમાં હવે AI, IoT અને લિથિયમ-આયન બેટરી સંચાલિત કોર્ડલેસ ટૂલ્સની માંગ ઝડપથી વધી રહી છે. ભારતે2035 સુધીમાં આ ક્ષેત્રમાં 25 અબજ ડૉલરની નિકાસનું મહત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, વર્કફોર્સ ડેવલપમેન્ટ અને સર્ક્યુલર ઈકોનોમી જેવા વિષયો પર મંથન કરશે.

### ભરણાં મારફત રૂપિયા એક લાખ કરોડથી વધુ એકત્રિત કરાયા હોય

## IPO થકી ભંડોળ રૂ. એક લાખ કરોડ પાર થવાની તૈયારીમાં




મુંબઈ : વર્તમાન વર્ષમાં દેશની પ્રાઈમરી માર્કેટમાં ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ) મારફત ભંડોળ ઊભા કરવાનો આંક રૂપિયા એક લાખ કરોડને પાર થઈ જવાનું લગભગ નિશ્ચિત જણાઈ રહ્યું છે. વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં અત્યારસુધી ૮૧ આઈપીઓ મારફત કંપનીઓએ રૂપિયા ૮૩૦૦૦ કરોડ જેટલી રકમ ઊભી કરી લીધી છે અને બહુચર્ચિત એનએસઈના આઈપીઓનું કદ રૂપિયા ૨૨૫૯૦ કરોડ જેટલુ થવા જાય છે. પ્રથમ નવ મહિના સમાપ્ત થવા પહેલા જ આઈપીઓ મારફત રૂપિયા એક લાખ કરોડથી વધુનું ભંડોળ ઊભુ થઈ જવાની તૈયારીમાં છે. નાણાં વર્ષ સમાપ્ત થવાને ત્રણ મહિના બાકી છે ત્યારે જાહેર ભરણાં મારફત રકમ ઊભી કરવાનો આંક નોંધપાત્ર ઊંચો જોવા મળશે. ૨૦૨૬નું વર્ષ ચોથુ એવુ વર્ષ બની રહેશે જેમાં આઈપીઓ મારફત રૂપિયા એક લાખ કરોડથી વધુની રકમ ઊભી કરાઈ હોય. આ અગાઉ ૨૦૨૧, ૨૦૨૪ તથા ૨૦૨૫ના વર્ષ દરેકમાં રૂપિયા એક લાખ કરોડથી વધુ ભંડોળ ઊભુ કરાયુ હતું.૧૦૩ આઈપીઓ સાથે રૂપિયા ૧,૭૫,૯૦૦ કરોડ સાથે ૨૦૨૫નું વર્ષ આઈપીઓની દ્રષ્ટિએ અત્યારસુધીનું શ્રેષ્ઠ વર્ષ રહ્યું છે. રિટેલ રોકાણકારો દ્વારા મ્યુચ્યુઅલ ફન્ડસ મારફત દેશની ઈક્વિટીસમાં વધી રહેલા રોકાણ આઈપીઓની સફળતાનું મુખ્ય કારણ રહેલુ છે. જંગી ઈન્ફલોસ સાથે ફન્ડો આઈપીઓમાં નોંધપાત્ર રકમ ઠાલવી રહ્યા છે.મ્યુચ્યુઅલ ફન્ડો પાસે જંગી ભંડોળને ધ્યાનમાં રાખતા આઈપીઓ લાવતી કંપનીઓ પણ તેમના આઈપીઓને સફળતા મળવાનો વિશ્વાસ ધરાવે છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.તાજેતરના મહિનાઓમાં આઈપીઓના લિસ્ટિંગમાં રોકાણકારોને સારા વળતર મળી રહેતા રિટેલ રોકાણકારો પણ મોટેપાયે અરજી કરતા જોવા મળી રહ્યા છે.વર્તમાન વર્ષના જાન્યુઆરી થી જુલાઈના ગાળામાં લિસ્ટ થયેલા શેરો પર પ્રથમ દિવસે રોકાણકારોને સરેરાશ પાંચ ટકા વળતર મળ્યું છે જ્યારે ૨૦૨૫માં આ આંક ૧૦ ટકા રહ્યો હતો.

## સાઉદી અરેબિયાનું ક્રૂડ ઉત્પાદન ૩૬ વર્ષના નીચલા સ્તરે ઉતર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 12

ઈરાન યુદ્ધે હોર્મુઝ સ્ટ્રેટમાં ક્રૂડ તેલનો પુરવઠો ખોરવ્યો છે. સાઉદી અરેબિયામાં ઉત્પાદન ૩૬ વર્ષના નીચલા સ્તરે પહોંચી 6.2 મિલિયન બેરલ થયું છે. ભારત માટે આ ચેતવણીરૂપ છે, કારણ કે સાઉદી અરેબિયા ભારતનો ત્રીજો સૌથી મોટો સપ્લાયર છે. ક્રૂડના ભાવ 108 ડોલર થતાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે અને રૂપિયા પર દબાણ વધશે. ભારત માટે પણ ચેતવણીનો સંકેત કારણ કે સાઉદી અરેબિયા ભારતના ટોચના સપ્લાયર્સમાં સામેલ ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ અને લાલ સમુદ્ર દ્વારા ક્રૂડ તેલનો પુરવઠો ખોરવાઈ ગયો છે. વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાંના એક સાઉદી અરેબિયામાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ૩૬ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયું છે. આ ભારત માટે પણ ચેતવણીનો સંકેત છે, કારણ કે સાઉદી અરેબિયા ભારતના ટોચના સપ્લાયર્સમાં સામેલ છે.સાઉદી અરેબિયાનું કહેવું છે કે તેનું દૈનિક ઉત્પાદન ૧.૯ મિલિયન બેરલ ઘટીને ૬.૨ મિલિયન બેરલ થયું છે, જે ૧૯૯૦ પછીનું સૌથી નીચું સ્તર છે. ઓગસ્ટમાં નિકાસમાં પણ ૪૦% ઘટાડો થયો છે. કામચલાઉ ટેન્કર ટ્રેકિંગ ડેટા અનુસાર, સાઉદી અરેબિયાની નિકાસ [illegible] મિલિયન બેરલથી ઘટીને ૩.૧ મિલિયન બેરલ થઈ ગઈ છે. ઓપેક દેશોમાં સાઉદી અરેબિયા સૌથી મોટું ક્રૂડ ઉત્પાદક છે.સાઉદી અરેબિયા ભારતનો ત્રીજો સૌથી મોટો સપ્લાયર છે. ઈરાન યુદ્ધ પહેલા, સપ્ટેમ્બર અને ફેબ્રુઆરી વચ્ચે સાઉદી અરેબિયાથી દૈનિક પુરવઠો ૭૪૩,૦૦૦ બેરલ હતો, જે ફેબ્રુઆરી અને ઓગસ્ટ વચ્ચે ઘટીને ૪૪૦,૦૦૦ બેરલ થઈ ગયો હતો.ક્રૂડ તેલના ભાવ વધવાથી ભારતના આયાત બિલમાં વધારો થશે અને રૂપિયા પર દબાણ આવશે. આનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ વૃાધારો થઈ શકે છે. ભારત તેની તેલની જરૂરિયાતોના લગભગ ૯૦ ટકા આયાત કરે છે.ઈરાની જહાજો પરના હુમલાઓએ અખાતમાં ટ્રાફિકને અસર કરી છે. દરમિયાન, યમનના હુતી બળવાખોરો દ્વારા દરિયાકાંઠાના શહેર મોચા પર કબજો કરવાથી લાલ સમુદ્રમાં પરિવહન કરતા જહાજો માટે ખતરો વધી ગયો છે. આ બંદર બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ પાસે આવેલું છે, જે વૈશ્વિક શિપિંગ માટેનો બીજો મહત્વપૂર્ણ માર્ગ છે. આ જ કારણ છે કે પુરવઠામાં ઘટાડો થવાને કારણે તેલના ભાવમાં વૃાધારો થયો છે.

## મહિલા ઘરે બેઠા કરી શકશે જોરદાર કમાણી, નાનો બિઝનેસ મોટું વળતર

(એજન્સી) નવી દિલ્હી | તા 12

આજકાલ ઘણી મહિલાઓ મર્યાદિત બજેટ અને પોતાની સુવિધા મુજબ સમય ફાળવીને ઘરેથી જ નાના પાયે કામ શરૂ કરી રહી છે, જેને આગળ જઈને એક સફળ વ્યવસાયમાં ફેરવી શકાય છે.

કપડાં સીવવા અને ડિઝાઈન કરવાનો શોખ ધરાવતી મહિલાઓ માટે ઘરેથી ટેલરિંગ શરૂ કરવું એક સારો વિકલ્પ છે. શરૂઆતમાં પડોશની મહિલાઓ માટે ડ્રેસ, બ્લાઉઝ અને બાળકોના કપડાં સીવીને શરૂઆત કરી શકાય છે. તહેવારો અને લગ્નની સિઝનમાં કસ્ટમાઈઝ્ડ વસ્ત્રો અને ડિઝાઈનર બ્લાઉઝની માંગ વધી જાય છે. સોશિયલ મીડિયા પર તમારા કામના ફોટોઝ શેર કરીને તમે નવા ગ્રાહકો પણ મેળવી શકો છો.સુંદરતા અને મેકઅપમાં રસ ધરાવતી મહિલાઓ ઘરમાં જ નાનો વિસ્તાર ફાળવીને પાર્લર શરૂ કરી શકે છે. શરૂઆતમાં ફેશિયલ, વેક્સિંગ, થ્રેડિંગ અને બેઝિક મેકઅપ જેવી મૂળભૂત સેવાઓ આપો. અનુભવ અને તાલીમ વધ્યા પછી બ્રાઈડલ મેકઅપ અને હેર સ્ટાઈલ જેવી પ્રીમિયમ સેવાઓ ઉમેરી શકાય છે. સારી સેવા અને સ્વચ્છતા જૂના ગ્રાહકોને જાળવી રાખવામાં અને નવા ગ્રાહકો લાવવામાં મદદ કરે છે.રસોઈમાં ખાસિયત ધરાવતી મહિલાઓ માટે ટિફિન સેવા ખૂબ જ નફાકારક સાહસ છે. ઓફિસ કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને ઘરે રસોઈ બનાવવાનો સમય ન ધરાવતા પરિવારોને લક્ષ્ય બનાવીને આ કામ શરૂ કરી શકાય છે. થોડા ટિફિનથી શરૂઆત કરીને પાછળથી નાના કૌટુંબિક પ્રસંગો કે જન્મદિવસ માટે હોમ કેટરિંગ સુવિધાઓ પણ પૂરી પાડી શકાય છે. આ વ્યવસાયમાં સ્વાદ, સ્વચ્છતા અને સમયસર ડિલિવરી સૌથી મહત્વપૂર્ણ છે.જો તમને હાથથી નવી વસ્તુઓ બનાવવાનો શોખ હોય, તો તમે સુશોભન વસ્તુઓ, ગિફ્ટ આઈટમ્સ, સુગંધી મીણબત્તીઓ, હેન્ડમેડ જ્વેલરી અને રાખડીઓ બનાવીને વેચી શકો છો. શરૂઆતમાં મિત્રો, સંબંધીઓ અને પડોશીઓ પાસેથી ઓર્ડર મેળવો.

### દરેક ઇક્વિટી શૅર માટે શૅર દીઠ રૂ. 1,700 – રૂ. 1,785ની પ્રાઇસ બેન્ડ નક્કી કરાઇ

## નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (IPO) નું પ્રારંભિક ભરણું જાહેર




અમદાવાદ: નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડે તેના પ્રારંભિક જાહેર ભરણું (IPO) માટે રૂ. 1ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર દીઠ રૂ. 1,700 થી રૂ. 1,785ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીનો પ્રારંભિક જાહેર ભરણું (“IPO” અથવા “ઓફર”) સબ્સ્ક્રિપ્શન માટે 17 સપ્ટેમ્બર 2026ના રોજ ખુલશે અને 21 સપ્ટેમ્બર 2026ના રોજ બંધ થશે. રોકાણકારો ન્યૂનતમ 8 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 8 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે. હાલમાં રૂ. 1 ની મૂળ કિંમત ધરાવતા 2,475,000,000 ઈક્વિટી શૅર અસ્તિત્વમાં છે .રૂ. 1 ની ફેસ વેલ્યુ ધરાવતો આ IPO એ કોર્પોરેટ વેચાણકર્તા શેરધારકો દ્વારા 126,436,650 સુધીના ઈક્વિટી શૅરના વેચાણની ઓફર (ઓફર-ફોર-સેલ) છે. આ શેરધારકોમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ, અરાન્ડા ઈન્વેસ્ટમેન્ટ્સ (મોરેશિયસ) પ્રા. લિ., એમએસ સ્ટ્રેટેજિક (મોરેશિયસ) લિ., ધ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિ., એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ (SS), બેંક ઓફ બરોડા, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડનો સમાવેશ થાય છે.આ ઈશ્યૂ SEBI ICDR નિયમોને અનુરૂપ ‘બુક-બિલ્ડિંગ’ પ્રક્રિયા દ્વારા લાવવામાં આવી રહ્યો છે, જેમાં ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIBs) માટે મહત્તમ 50%, નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (NIIs) માટે ઓછામાં ઓછા 15% અને રિટેલ ઈન્ડિવિજ્યુઅલ ઈન્વેસ્ટર્સ (RIIs) માટે ઓછામાં ઓછા 35% હિસ્સો અનામત રાખવામાં આવ્યો છે.નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE) એ 1994માં તેની કામગીરી શરૂ કરી હતી અને તે ભારતનું પ્રથમ એક્સચેન્જ હતું જેણે ઈલેક્ટ્રોનિક અથવા સ્ક્રીન-આધારિત ટ્રેડિંગનો અમલ કર્યો હતો. NSE પાસે સંપૂર્ણ રીતે સંકલિત બિઝનેસ મોડલ છે જેમાં એક્સચેન્જ લિસ્ટિંગ, ટ્રેડિંગ સેવાઓ, ક્લિયરિંગ અને સેટલમેન્ટ સેવાઓ, સૂચકાંકો (indices) અને માર્કેટ ડેટા ફીડ્સનો સમાવેશ થાય છે. NSE ટ્રેડિંગ અને ક્લિયરિંગ સભ્યો તેમજ લિસ્ટેડ કંપનીઓ દ્વારા SEBI અને એક્સચેન્જના નિયમો અને નિયમનોના પાલન પર પણ દેખરેખ રાખે છે.

## BRICS સમિટ 2026 : ચીનના પ્રમુખ જિનપિંગ ભારત પહોંચ્યા, રાષ્ટ્રપતિ મૂર્મુએ ઈરાની સમકક્ષ પેઝેશ્કિયાન સાથે કરી મુલાકાત

(એજન્સી) નવી દિલ્હી | તા 12




ભારતમાં BRICS દેશોનું 18મું શિખર સંમેલન યોજાશે. પુતિન, ઈરાનના પ્રમુખ અને શી જિનપિંગ ભારતમાં છે. વડાપ્રધાન મોદી વિવિધ નેતાઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠકો કરશે. સવારે 10 વાગ્યાથી શરૂ થતા કાર્યક્રમમાં ઈથિયોપિયા, મલેશિયા, વિયેતનામના નેતાઓ સાથે મુલાકાત થશે. બપોરે BRICS સભ્યોનું આગમન અને સાંજે મોદી-જિનપિંગની દ્વિપક્ષીય બેઠક યોજાશે. આજે ભારતમાં BRICS દેશોના 18મા શિખર સંમેલનનું આયોજન થવા જઈ રહ્યું છે. પુતિન અને ઈરાનના પ્રમુખ પહેલાથી જ ભારતમાં આવી ચૂક્યા છે ત્યારે આજે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ ભારત આવી પહોંચશે. વડાપ્રધાન મોદી BRICS દેશોના જુદા જુદા પ્રમુખ સાથે બેઠક કરીને અનેક મહત્ત્વના કરારો કરી દુનિયાને મોટો સંદેશ આપવા જઈ રહ્યા છે. તો જાણી લો આજનો સંપૂર્ણ કાર્યક્રમ શું છે?

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ તેમણે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે અમેરિકાએ ફક્ત એમ વિચારીને અમારા પર હુમલો કર્યો કે તે શક્તિશાળી છે, અમે કોઈ ઉશ્કેરણી પણ નહોતી કરી. અમેરિકાને લાગ્યુ હતું કે તે વેનેઝુએલાની જેમ ઈરાનમાં પણ તેની સરકાર સ્થાપિત કરી દેશે. પરંતુ તેના ઈરાદા પર પાણી ફરી ગયું. પીએમ મોદીએ હૈદરાબાદ હાઉસમાં મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહીમ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. બંને નેતાઓ ભારત અને મલેશિયા વચ્ચે સંબંધોને મજબૂત કરવા અને મહત્ત્વના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે સહમત થયા હતા. વર્ષ 2026 માં ભારતની BRICS અધ્યક્ષતાનો મુખ્ય વિષય (Theme) “બિલ્ડિંગ ફોર રિસિલિયન્સ, ઈનોવેશન, કો-ઓપરેશન એન્ડ સસ્ટેનેબિલિટી” રાખવામાં આવ્યો છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની “હ્યુમેનિટી ફર્સ્ટ” (માનવતા પ્રથમ) ની ભાવના પર આધારિત માનવ-કેન્દ્રિત દ્રષ્ટિકોણને દર્શાવે છે. આ શિખર પરિષદ દરમિયાન તમામ સભ્ય દેશોના નેતાઓ BRICS દેશો વચ્ચેની સામાજિક-આર્થિક પ્રાથમિકતાઓ પર પરસ્પર સહયોગ મજબૂત કરવાના ઉપાયો પર ચર્ચા કરશે તેમજ વિવિધ વૈશ્વિક અને પ્રાદેશિક મહત્વના મુદ્દાઓ પર પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરશે.

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલી 18મી BRICS શિખર પરિષદમાં ભાગ લેવા માટે આશરે સાત વર્ષ પછી ભારત આવવા રવાના થયા છે. ભારતની અધ્યક્ષતામાં યોજાઈ રહેલી આ સમિટમાં રશિયાના પ્રમુખ પુતિન સહિત 12 દેશોના વડાઓ હાજરી આપી રહ્યા છે. આ પરિષદ દરમિયાન PM મોદી અને શી જિનપિંગ વચ્ચે મહત્ત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક પણ યોજાશે, જેમાં ભારત-ચીન સરહદ વિવાદ (LAC) અને દ્વિપક્ષીય વેપાર જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 02**

# બ્રિક્સ બાબતે કોંગ્રેસમાં બે ફાંટા

બ્રિક્સ સંમેલનની અગત્યતા બાબતે કોંગ્રેસમાં બે ફાંટા પડી ગયા છે. કોંગ્રેસના સાંસદ શશી થરૂરએ બ્રિક્સની અગત્યતા જણાવતા કહ્યું હતું કે, આ સંમેલન ગ્લોબલ સાઉથના દેશો માટે એક મહત્વપૂર્ણ મંચ છે. ગ્લોબલ સાઉથમાં ૧૦૦ થી વધુ દેશો છે, પરંતુ બ્રિક્સમાં સામેલ ૧૧ પ્રમુખ દેશો અલગ અલગ વિચારો અને ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરે છે. ભારત હમણા બ્રિક્સની આગેવાની કરે છે અને યજમાન દેશ હોવાથી આપણા માટે બ્રિક્સ સંમેલન અગત્યનું છે. થરૂરના કહેવા પ્રમાણે ૧૧ બ્રિક્સ દેશો મળીને દુનિયાની મોટા ભાગની વસ્તી અને વૈશ્વિક જીડીપીના ૪૧ ટકા જેટલા ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. આજ કારણે દુનિયાના બાકીના દેશો પણ બ્રિક્સને ગંભીરતાથી લે છે. જોકે બીજી તરફ કોંગ્રેસના સિનિયર નેતા પી ચીદમ્બરમએ કહ્યું હતું કે, બ્રિક્સની છેલ્લી ૨-૩ બેઠકો પછી કોઈ પરિણામ દેખાયું નહોતું. બ્રિક્સના સંમેલનથી કોઈ ફાયદો થવાનો નથી. કોંગ્રેસના બંને સિનિયર નેતાઓના અલગ અલગ વિચારો બાબતે કોંગ્રેસમાં પણ ચર્ચા ચાલુ થઈ ગઈ છે.

દિલ્હીમાં શરૂ થઈ રહેલા બ્રિક્સ શીખર સંમેલનને લઈને સુરક્ષા વ્યવસ્થા ખૂબ કડક કરવામાં આવી છે. દિલ્હી પોલીસના ૧૫ હજાર કર્મચારીઓ ઉપરાંત અર્ધ સૈનિક દળોની ૨૦૦ કંપનીઓ તૈયાર રાખવામાં આવી છે. દિલ્હીના ભારત મંડપમમાં આવતી કાલથી ૧૮મું બ્રિક્સ સંમેલન શરૂ થઈ રહ્યું છે. કોઈ અઘટીત બનાવ નહીં બને એ માટે રાજધાનીમાં નજર રાખવા વધારાના ૫૦૦ સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા છે. સ્થાનિક દિલ્હીવાસીઓની વધેલી મુશ્કેલી બાબતે દિલ્હીના મીડિયામાં ઘણુ આવી રહ્યું છે. પોલીસે સ્પષ્ટતા કરવી પડી છે કે સંમેલનને કારણે આખુ દિલ્હી બંધ રહેશે નહીં, પરંતુ વીવીઆઈપી વાહનોના કાફલા જ્યાંથી પસાર થશે ત્યાં જ કામચલાઉ ટ્રાફીક અટકાવવામાં આવશે. કેટલીક જગ્યાએ રૂટ ડાયવર્ટ પણ કરાશે.

નીતિન ગડકરી કેન્દ્રીય પરીવહન મંત્રી છે. હાઈવે બનાવવાનું કામ એમની મીનીસ્ટ્રીમાં આવે છે. ગુજરાત કે મુંબઈથી મોટર રસ્તે ગોવા જનારાઓ જાણે છે કે મુંબઈ - ગોવાનો હાઈવે બનવાનું કામ વર્ષોથી ચાલે છે. જો કામ ધીમી ગતીએ ચાલતુ હોય તો એને માટે કેન્દ્રીય મંત્રી જવાબદાર ગણાય, પરંતુ અહીં તો હાઈવેના મંદગતીએ ચાલતા કામ બાબતે નીતિન ગડકરી ખુદને શરમ આવી છે. એમણે કહ્યું છે કે, હાઈવેનું કામ પુરૂ થતા ૧૬ થી ૧૭ વર્ષ થયા આ એક કમનસીબી છે. એમણે સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરોના માથે નાખી છે. પસ્તાવારૂપે ગડકરી મુંબઈ - ગોવાના હાઈવેના ઉદ્ઘાટનમાં હાજર નહીં રહે. મુંબઈથી નીકળીને કોકણ થઈ ગોવા સુધી જતો મુંબઈ - ગોવા હાઈવે ખૂબ અગત્યનો છે. ગડકરી મુંબઈ - ગોવા હાઈવે બાબતે શરમ અનુભવતા હોય તો વારંવાર શરમ અનુભવવી પડે એવી હાલત રાષ્ટ્રીય ધોરી માર્ગોની છે. હમણા જ બનેલો દિલ્હી - મુંબઈ એક્સપ્રેસ હાઈવે પહેલા વરસાદમાં જ ધોવાઈ ગયો હતો. રસ્તા પર ઠેર ઠેર ખાડા પડી ગયા છે.

વંદે માતરમના સન્માનમાં ૩ મીનીટ અને ૧૦ સેકન્ડ સુધી ઉભા રહ્યા પછી જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ પલ્ટી મારી છે. હવે એમણે રાષ્ટ્ર ગીતની ટીકા કરી છે. બદલાયેલા ઉમરે કહ્યું છે કે પક્ષ તરીકે એમણે કદી વંદે માતરમનો સ્વિકાર કર્યો નથી કે કરશે નહીં. જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ઉમર અબ્દુલ્લા ૩ મીનીટ અને ૧૦ સેકન્ડ સુધી ઉભા રહ્યા હતા અને વંદે માતરમના તમામ છ છંદ ગાવામાં આવ્યા હતા. આ બાબતે કોંગ્રેસે ટીકા કર્યા પછી ઉમર અબ્દુલ્લાએ હવે રંગ બદલ્યો છે. એમણે કહ્યું છે કે, રાષ્ટ્ર ગીતને લઈને એક કાયદો બનાવવામાં આવ્યો છે. વંદે માતરમના તમામ છંદ ગાવા ફરજીયાત કરવામાં આવ્યા છે. આ નિયમ ફક્ત જમ્મુ-કાશ્મીરમાં નહીં, પરંતુ આખા દેશમાં લાગુ કરવામાં આવ્યો છે. આ નિયમનું પાલન નહીં થાય તો કાયદેસર કાર્યવાહી થઈ શકે અને એટલા માટે જ અમે સંપૂર્ણ વંદે માતરમ વગાડયું હતું.

સુપ્રિમ કોર્ટના કોલેજિયમએ ૮ ન્યાયાધીશોને દિલ્હી હાઈકોર્ટના જજ તરીકે નિમણુક કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સીજેઆઈ સૂર્યકાંતની આગેવાનીમાં કોલેજિયમની બેઠક મળી હતી અને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કોલેજિયમએ ગુરૂવિંદર પાલ સિંહ, નિવેદિતા અનિલ શર્મા, નિશા સહાય સક્સેના, સંજય શર્મા, ભારત પરાસર, અદિતી ચૌધરી, દિનેશ ભટ્ટ અને અરૂણા ભારદ્વાજને દિલ્હી હાઈકોર્ટના જસ્ટીસ બનાવવા મંજૂરી આપી છે. કોલેજિયમએ ન્યાયાધીશ યશ પાલ બોર્નીને જમ્મુ-કાશ્મીર તેમજ લદાખના હાઈકોર્ટ જજ બનાવવાના ભલામણ પણ કરી છે. એક અન્ય નિર્ણયમાં કોલેજિયમએ જસ્ટીસ મનોજ પ્રસાદ, અખિલ કુમાર અને રામ શર્માને ઝારખંડ હાઈકોર્ટના જજ બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. એજ રીતે ઉષા રાણી, કે એસ ભરત કુમાર અને નિરાલે વિરભદ્રેયા ભવાનીને કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ બનાવવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે.

## દીપડાનો વધુ એક વીડિયો વાયરલ:-સાપુતારામાં પ્રોટેક્શન વૉલ પર દીપડો નજરે પડતા ચકચાર

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના પ્રવાસન મથક સાપુતારામાંથી દીપડાનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા સ્થાનિક રહીશો અને પ્રવાસીઓમાં ભારે ચકચાર મચી ગઈ છે.



તાજેતરમાં રાત્રિના સુમારે સાપુતારા ખાતે મુખ્ય માર્ગ નજીક આવેલા એક વિસ્તારમાં દીપડો પ્રોટેક્શન વોલ પર આરામ ફરમાવતો નજરે પડ્યો હતો.આ દ્રશ્ય જોઈને ત્યાંથી પસાર થતા સ્થાનિક યુવકોએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક અન્ય લોકોને ફોન દ્વારા જાણ કરી સાવચેત રહેવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ સાપુતારા ઘાટના મુખ્ય માર્ગ પર દીપડો પસાર થતો હોવાના અગાઉના બનાવો કેમેરામાં કેદ થઈ ચૂક્યા છે. સાપુતારા પંથકમાં વારંવાર થઈ રહેલી દીપડાની આ હિલચાલથી આસપાસના ગ્રામજનો તેમજ બહારથી આવતા પ્રવાસીઓમાં સુરક્ષાને લઈને ગંભીર ચિંતાની લાગણી ફેલાઈ ગઈ છે.હાલમાં દક્ષિણ વન વિભાગનાં શામગહાન રેંજ દ્વારા સાપુતારા વિસ્તારમાં રાત્રિના સમયે આવાગમન કરતા પ્રવાસીઓ અને સ્થાનિકોને વિશેષ સાવચેતી રાખવા તેમજ વન્યજીવોથી સુરક્ષિત રહેવા સૂચના આપવામાં આવી છે.શામગહાન રેંજનાં આર.એફ.ઓ મંજુલાબેન દ્વારા વિસ્તારમાં પાંજરા ગોઠવી દીપડો પકડવાની કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

## મોટા બારમણ નજીક આવેલ પૌરાણિક શામળિયા મહાદેવ મંદિર ખાતે ભાદરવી અમાસનો ભવ્ય લોકમેળો સંપન્ન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ નજીક રાયડી નદીના કાંઠે આવેલ પૌરાણિક અને પ્રસિદ્ધ શામળિયા મહાદેવ મંદિર ખાતે ભાદરવી અમાસ નિમિત્તે પરંપરાગત ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.



ભાદરવી અમાસ એટલે પિતૃઓની મોક્ષ તિથિ. આ પવિત્ર દિવસે શામળિયા મહાદેવના દર્શન કરવા વહેલી સવારથી જ ભાવિક ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. ભક્તોએ ભગવાન ભોળાનાથને જળાભિષેક, દુગ્ધાભિષેક કરી ધન્યતા અનુભવી હતી અને પોતાના પિતૃઓની મોક્ષ માટે પ્રાર્થના કરી હતી. મંદિરને ફૂલો અને રોશનીથી શણગારવામાં આવ્યું હતું.આ ભાદરવી અમાસના મેળામાં ખાંભા, રાજુલા, જાફરાબાદ, સહિત આસપાસના ૫૦ થી વધુ ગામોમાંથી હજારોની સંખ્યામાં લોકો પરિવાર સાથે ઉમટી પડ્યા હતા. મેળામાં બાળકો માટે ખાણી-પીણીના સ્ટોલ, રમકડાં અને ઘરવખરીની દુકાનો આકર્ષણનું કેન્દ્ર બની હતી.સ્થાનિક મંદિર સમિતિ દ્વારા શ્રદ્ધાળુઓ માટે પીવાના પાણી, પ્રસાદ અને પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ખાંભા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અંતે મંદિરના પૂજારી દ્વારા પિતૃઓની શાંતિ અને સૌના સુખ-સમૃદ્ધિ માટે મહાઆરતી કરવામાં આવી હતી અને મેળો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

# પર્યુષણ પર્વના પાવન અવસરે રાપરગઢમાં ભાવના સંધ્યાભક્તિનો દિવ્ય સંગમ, વિશ્વ હિન્દુ પરિષદ ધર્મ પ્રસાર ટીમ સહભાગી બની

મહેશ એલ. સોની નખત્રાણા

અબડાસા તાલુકાના ઐતિહાસિક અને શ્રદ્ધાના કેન્દ્ર સમાન રાપરગઢ ખાતે બિરાજમાન જૈન ધર્મના પરમ આરાધ્ય, કષ્ટભંજન દેવ શ્રી ગોડિયા પાર્શ્વનાથ ભગવાનના દરબારમાં પવિત્ર પર્યુષણ મહાપર્વ નિમિત્તે આયોજિત દિવ્ય, ભવ્ય અને ભાવસભર ભાવના સંધ્યાભક્તિ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ ધર્મ પ્રસાર ટીમે ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.પર્યુષણ પર્વ એ ક્ષમા, ત્યાગ, તપ અને આત્મશુદ્ધિનો પર્વ છે, ત્યારે આ પાવન અવસરે યોજાયેલ સંધ્યાભક્તિમાં જૈન ધર્મની આગવી પરંપરા મુજબ ભગવાનના ભજનો, ભાવના અને પ્રાર્થનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ દિવ્ય પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ ધર્મ પ્રસાર સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રશાસનિક પ્રમુખ શ્રી જગદીશસિંહભાઈ ગોહિલ, માતાના મઢ ધર્મ પ્રસાર પ્રમુખ શ્રી



રામજીભાઈ કોલી, કોઠારા પ્રખંડના ગૌ સેવા સંવર્ધન પ્રમુખ શ્રી દલપતસિંહભાઈ જાડેજા, કોઠારા પ્રખંડ ગૌ સેવા સંવર્ધન ઉપપ્રમુખ શ્રી વિપુલભાઈ શાહ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાંથી શ્રી ભગીરથસિંહભાઈ જાડેજા સહિત જૈન સમાજ અને સમસ્ત સનાતન હિન્દુ સમાજના શ્રેષ્ઠીઓ, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં ઉમળકાભેર જોડાયા હતા.સૌએ સાથે મળીને સંધ્યાભક્તિમાં લીન બની ભગવાન પાર્શ્વનાથના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું અને સર્વે ભવન્તુ સુખિન: ની ભાવના સાથે વિશ્વ કલ્યાણ, સમાજમાં એકતા, બંધુત્વ અને ધર્મની જય હો તેવી પ્રાર્થના કરી હતી. જૈન અને સનાતન હિન્દુ સમાજના આવા સંગમથી સર્વધર્મ સમભાવ અને સાંસ્કૃતિક એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.એવું વિશ્વ હિન્દુ પરિષદ માતાના મઢ જિલ્લા પ્રચાર પ્રમુખ શ્રી હિરેનભાઈ ભાનુશાલી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ભુજ-નેત્રા-નારાયણ સરોવર એસ.ટી. બસ સેવા નિયમિત કરવા ભવ્ય વિદ્યાર્થી પદયાત્રા યોજાશે

મહેશ એલ. સોની નખત્રાણા

નેત્રા પંથકના વિદ્યાર્થીઓના હિતાર્થે વર્ષ ૨૦૧૭થી અનિયમિત બનેલી ભુજ-નારાયણ સરોવર (વાયા નેત્રા) એસ.ટી. બસ સેવાને નિયમિત કરવા માટે આગામી તા.૧૨/૦૯/૨૦૨૬ ને રવિવારના રોજ વહેલી સવારે ૭:૦૦ વાગ્યે બેંક ઓફ બરોડા પાસે, નેત્રાથી નખત્રાણા બસ ડેપો સુધી ભવ્ય વિદ્યાર્થી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, આ બસ સેવા અનિયમિત હોવાના કારણે દરરોજ અનેક વિદ્યાર્થીઓ ખાસ કરીને દીકરીઓને આશરે ૫ કિલોમીટર સુધી પગપાળા અપડાઉન કરવાની ફરજ પડી રહી છે, જે માત્ર વિદ્યાર્થીઓ જ નહિ



પરંતુ સમગ્ર વિસ્તારના લોકો માટે ગંભીર સમસ્યા બની છે, ત્યારે 'અમારી માંગ યોગ્ય છે, નિયમિત બસ સેવા અમારો અધિકાર છે' અને 'વિદ્યાર્થી, વાલી અને ગામજનો આવો જોડાઓ, નિયમિત બસ માટે એક બનીએ' ના બુલંદ નારા સાથે યોજાનારી આ પદયાત્રામાં તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ, ગ્રામજનો, સામાજિક-રાજકીય આગેવાનો, યુવાનો, મહિલાઓ અને સર્વ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાઈ એકતા સાથે અવાજ ઉઠાવે તેવી હાર્દિક અપીલ કરાઈ છે, આ સાથે મુખ્ય બે માંગણીઓ (૧) ભુજ-ના.સરોવર (વાયા નેત્રા) બસ તાત્કાલિક નિયમિત કરો અને (૨) ભુજ ડેપો મેનેજરને સસ્પેન્ડ કરો અંગે સ્પષ્ટ રજૂઆત કરાઈ છે, વિદ્યાર્થીઓએ સ્પષ્ટ કહ્યું છે કે નિયમિત બસ સેવા એ માત્ર સુવિધા નથી પણ શિક્ષણનો અધિકાર છે, દીકરીઓને પગપાળા નહિ પરંતુ સુરક્ષિત અને નિયમિત બસ સેવા મળવી જોઈએ, માટે 'શિક્ષિત યુવાશક્તિ, સમૃદ્ધ સમાજ, મજબૂત આવતીકાલ' ના સંકલ્પ સાથે સૌ કોઈ આ પદયાત્રામાં જોડાઈ વર્ષોથી પડતર પ્રશ્નના કાયમી ઉકેલ માટે 'આવો, જોડાઓ, બદલાવ લાવીએ' નો સંદેશ આપશે, આ અગાઉ પણ આ અંગે અનેક વખત તંત્રને રજૂઆત કરાઈ છે પરંતુ રજૂઆતોની કોઈ અસર ના થતાં ના છૂટકે નેત્રાથી નખત્રાણા સુધી અંદાજીત ૩૫ કિમીની પદયાત્રા યોજવાની ફરજ પડી રહી છે.

### શ્રી ગીતા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ આયોજિત ગીતા જયંતી મહાસંમેલન

# ૨૫૦૦૦ ગીતા નામધારી મહિલાઓ એક મંચ પર એકત્ર થઈ રચશે વિશ્વ રેકોર્ડ

મહેશ એલ સોની, નખત્રાણા

અમદાવાદની પાવન ધરા પર એક નવો ઈતિહાસ રચવા જઈ રહ્યો છે, શ્રી ભગવદ્ ગીતા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા 'ગીતા સાથે - સશક્ત નારી, સંસ્કારી સમાજ' ના દિવ્ય સંકલ્પ સાથે આગામી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ ગીતા જયંતી મહાસંમેલનનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં 'એક નામ... એક શક્તિ... એક સંકલ્પ...' ના અલૌકિક મંત્ર સાથે દેશભરમાંથી ૨૫,૦૦૦ થી વધુ એક જ 'ગીતા' નામધારી માતૃશક્તિ, બહેનો એક જ મંચ પર એકત્રિત થઈ એક સાથે ભગવદ્ ગીતાના શ્લોકોનું સામૂહિક પઠન કરી વિશ્વમાં એક અનોખો, અદ્વિતીય અને અવિસ્મરણીય વિશ્વ રેકોર્ડ સર્જવા જઈ રહી છે, જેની નોંધ Guinness World Records માં લેવા માટે પ્રયાસ હાથ ધરાયો છે, આ મહાસંમેલનમાં ભવ્ય સામૂહિક હવન, અનેક યજ્ઞકુંડ, હજારો બહેનો દ્વારા સામૂહિક ગીતા શ્લોક પઠન, ગીતા



બહેનોનું વિશેષ ગૌરવવંતુ સન્માન, ભગવદ્ ગીતા પ્રચાર-પ્રસારનું વિશેષ આયોજન, મહિલા સશક્તિકરણ અને સમાજજાગૃતિ, બાળકો માટે પ્રેરણાત્મક કાર્યક્રમો, વ્યસનમુક્તિ અને આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ તેમજ પરિવાર, માતા-પિતા અને જીવનમૂલ્યો અંગે માર્ગદર્શન જેવા દિવ્ય કાર્યક્રમો યોજાશે, ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટ દ્વારા અગાઉ રાજકોટ, ભાવનગર અને સુરત ખાતે 'ગીતા' નામની બહેનોના વિશિષ્ટ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજવામાં આવ્યા હતા અને હવે અમદાવાદમાં વધુ વિશાળ અને વૈશ્વિક સ્તરે આ મહાસંમેલન યોજાઈ રહ્યું છે, ત્યારે ટ્રસ્ટનો ઉદ્દેશ માત્ર વિશાળ સંમેલન યોજવાનો નથી પરંતુ ભગવદ્ ગીતા પ્રચાર-પ્રસાર સાથે મહિલા સશક્તિકરણ, સેવા, સંસ્કાર અને સમાજમાં સકારાત્મક પરિવર્તનનો સંદેશ પહોંચાડવાનો છે, જેથી '૨૫,૦૦૦ થી વધુ એક જ નામની મહિલાઓ એક મંચ પર' નો આ અનોખો પ્રયાસ અમદાવાદને રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનું કેન્દ્ર બનાવશે અને સનાતન સંસ્કૃતિની સુવાસ સમગ્ર વિશ્વમાં ફેલાવશે.

# આશરે 20 વર્ષ જૂની બોટો 'જળસમાધિ' માટે તૈયાર? વરસાદ અને પ્રતિકૂળ હવામાન વચ્ચે પણ બોટિંગ ચાલુ રાખવાના આક્ષેપો

સુશીલ પવાર | ડાંગ

ગુજરાતનાં જાણીતા ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષા સાથે ચેડા થઈ રહ્યા હોવાના આક્ષેપો વચ્ચે સર્પગંગા તળાવમાં ચાલી રહેલા નૌકા વિહારની વ્યવસ્થા ફરી એક વખત સવાલોના ઘેરામાં આવી છે.સર્પગંગા તળાવમાં નૌકા વિહાર માટે ઉપયોગમાં લેવાતી કેટલીક



બોટો આશરે 20 વર્ષ જૂની હોવાની ચર્ચા વચ્ચે તે જર્જરિત હાલતમાં હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે.એટલું જ નહીં, વરસાદી પાણી ભરાઈ જવાને કારણે કેટલીક બોટો તળાવમાં ડૂબેલી અથવા પાણીમાં ખૂંપેલી હાલતમાં જોવા મળતી હોવાની ચર્ચા છે.0આવી સ્થિતિ વચ્ચે પ્રવાસીઓ માટે બોટિંગની કામગીરી કેટલી સુરક્ષિત છે અને બોટોની નિયમિત ફિટનેસ તપાસ થાય છે કે નહીં તે અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.હાલ ચોમાસાની સિઝનમાં સાપુતારામાં અવારનવાર ધોધમાર વરસાદ, ગાઢ ધુમ્મસ અને પ્રતિકૂળ હવામાનની સ્થિતિ સર્જાઈ રહી છે. બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા 12થી 15 સપ્ટેમ્બર દરમિયાન ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હોવાના સંદર્ભમાં, આવા પ્રતિકૂળ હવામાનમાં પ્રવાસીઓ માટે નૌકા વિહાર જેવી પ્રવૃત્તિ ચાલુ રાખવા અંગે સ્થાનિક તંત્ર દ્વારા કેટલી સાવચેતી રાખવામાં આવી રહી છે.તે તપાસનો વિષય બન્યો છે.સાપુતારા ખાતે સર્પગંગા તળાવમાં નૌકાવિહાર કરવા માટે આવતા પ્રવાસીઓની સુરક્ષા સર્વોપરી હોવી જોઈએ ત્યારે વરસાદી માહોલ અને જોખમી હવામાન વચ્ચે પણ બોટિંગ ચાલુ રાખવામાં આવે છે કે કેમ, બોટોની દરરોજ ફિટનેસ તપાસ કરવામાં આવે છે કે નહીં, લાઈફ જેકેટ સહિતના બચાવ સાધનો પૂરતા અને કાર્યક્ષમ છે કે નહીં તેમજ બોટ સંચાલકો પાસે જરૂરી મંજૂરી અને તાલીમ છે કે નહીં તેવા અનેક પ્રશ્નો હાલ ચર્ચામાં છે.સર્પગંગા તળાવ સાપુતારાના પ્રવાસનનું મહત્વનું કેન્દ્ર છે. દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં નૌકા વિહારનો આનંદ માણવા પહોંચે છે.આવા સંજોગોમાં બોટની ઉંમર, બોડીની મજબૂતી, ફ્લોટેશન સિસ્ટમ, એન્જિન, સ્ટિયરિંગ, સુરક્ષા સાધનો અને બોટની મંજૂર ક્ષમતા સહિતના તમામ પાસાઓની નિયમિત અને વૈજ્ઞાનિક તપાસ થવી અત્યંત જરૂરી છે.આશરે બે દાયકાથી ઉપયોગમાં રહેલી બોટો જર્જરિત બની ગઈ હોવાની ચર્ચા વચ્ચે જો આવી બોટોમાં પ્રવાસીઓને બેસાડવામાં આવતા હોય તો કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં જ જવાબદાર તંત્ર દ્વારા તકેદારીના પગલાં ભરવાની જરૂરિયાત ઊભી થઈ છે.'દુર્ઘટના બાદ કાર્યવાહી'ને બદલે 'દુર્ઘટના પહેલાં તકેદારી' ક્યારે? તેવો સવાલ હવે પ્રવાસીઓમાં ઉઠી રહ્યો છે.આ સમગ્ર મામલો વધુ ગંભીર એટલા માટે બને છે કે ડાંગ જિલ્લાના પૂર્વ પટ્ટામાં આવેલા થોરપાડા વિસ્તારમાં આજે જ તળાવમાં ડૂબી જવાથી એક આધેડ વ્યક્તિનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. પાણી સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓમાં સલામતીની જરા પણ બેદરકારી કેટલી ગંભીર બની શકે છે તેનું આ બનાવ ચેતવણીરૂપ ઉદાહરણ છે.આવી સ્થિતિમાં સાપુતારા જેવા મહત્વના પ્રવાસન સ્થળે મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓની સલામતી બાબતે તંત્રએ કોઈપણ પ્રકારનું જોખમ ન લેવુ જોઈએ.સાપુતારા નોટિફાઈડ એરિયા કચેરીના નવ નિયુક્ત ચીફ ઓફિસર દ્વારા સર્પગંગા તળાવમાં ચાલી રહેલા બોટિંગની સમગ્ર વ્યવસ્થાનું તાત્કાલિક નિરીક્ષણ કરાવવાની જરૂરિયાત ઊભી થઈ છે.બોટિંગમાં ઉપયોગમાં લેવાતી તમામ બોટોના ફિટનેસ સર્ટિફિકેટ, વીમો, પરમિશન, બોટની ઉંમર, મુસાફરોની મંજૂર ક્ષમતા, ફ્લોટેશન સિસ્ટમ, એન્જિન-સ્ટિયરિંગની સ્થિતિ, લાઈફ જેકેટ તથા અન્ય સુરક્ષા સાધનોની ચકાસણી થવી જરૂરી છે. સાથે જ બોટ સંચાલકોની તાલીમ અને લાયકાત અંગે પણ નિયમોનું પાલન થાય છે કે નહીં તેની તપાસ થવી જોઈએ.ખાસ કરીને ઓરેન્જ એલર્ટ દરમિયાન ભારે વરસાદ, ગાઢ ધુમ્મસ અને પવનની સ્થિતિમાં બોટિંગ ચાલુ રાખવા અંગે કોઈ સ્પષ્ટ સલામતી પ્રોટોકોલ છે કે નહીં તેની પણ તપાસ જરૂરી છે. હવામાન જોખમી હોય ત્યારે પ્રવાસીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને બોટિંગ બંધ રાખવામાં આવે છે કે નહીં તે અંગે પણ તંત્રએ સ્પષ્ટતા કરવી જોઈએ.સાપુતારા પ્રવાસનથી સરકાર અને સ્થાનિક તંત્રને મોટી આવક થાય છે, પરંતુ આવક કરતાં પ્રવાસીઓની જિંદગીનું મૂલ્ય વધુ છે. જર્જરિત બોટો, પાણી ભરાયેલી બોટો અને પ્રતિકૂળ હવામાન વચ્ચે બોટિંગ ચાલુ રાખવાના આક્ષેપો સાચા ઠરે તો સમગ્ર વ્યવસ્થાની ગંભીર તપાસ જરૂરી બની શકે છે.જેમાં કોઈ અનિચ્છનીય ઘટના બને ત્યારબાદ જ તંત્ર જાગે તેવી સ્થિતિ સર્જાય તે પહેલાં જ સર્પગંગા તળાવના બોટિંગની તાત્કાલિક ફિટનેસ તપાસ કરાવી, ખામીયુક્ત બોટોને ઉપયોગમાંથી દૂર કરી અને વરસાદ તથા ઓરેન્જ એલર્ટ દરમિયાન સુરક્ષા નિયમોનું કડક પાલન કરાવવું સમયની માંગ છે.પ્રવાસીઓની જિંદગી જોખમમાં મુકાય અને ત્યારબાદ જવાબદારી નક્કી કરવા માટે તપાસ સમિતિ બેસાડવામાં આવે તે પહેલાં જ સાપુતારા નોટિફાઈડ તંત્રએ સક્રિય થવાની જરૂર છે.હવે જોવાનું એ રહે છે કે નવ નિયુક્ત ચીફ ઓફિસર સર્પગંગા તળાવની બોટિંગ વ્યવસ્થાની તાત્કાલિક તપાસ કરાવી જરૂરી કાર્યવાહી કરશે કે પછી હરણી લેક જેવી મોટી દુર્ઘટનાને દોહરાવ્યા બાદ તંત્ર જાગશે?

# ડેડીયાપાડા આરોગ્ય કેન્દ્ર માં અનોખો સંયોગ, માતા નર્સ, તો દીકરી ડોક્ટર

સત્યાવલંબ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લાના અંતરિયાળ ડેડીયાપાડામાં એક એવું પ્રેરણાદાયી દ્રશ્ય જોવા મળી રહ્યું છે, જે સમગ્ર પંથક માટે ગૌરવની વાત બની છે. CHC ડેડીયાપાડામાં માતા સ્ટાફ નર્સ તરીકે અને દીકરી MBBS ડોક્ટર તરીકે એક જ હોસ્પિટલમાં સાથે ફરજ બજાવી દર્દીઓની સેવા કરી રહ્યાં છે.પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જીલ્લા ના ડેડીયાપાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં છેલ્લા 20 વર્ષથી નિષ્ઠાપૂર્વક સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવી રહેલા કુંતાબેન રાયસિંગભાઈ વસાવાએ વર્ષોથી દર્દીઓની સેવા કરવાની સાથે પોતાની દીકરીને ડોક્ટર બનાવવાનું સપનું જોયું હતું. માતાની મહેનત, સંઘર્ષ અને પ્રેરણાથી દીકરી ડૉ. રિત્વિકા વસાવાએ MBBSની ડિગ્રી મેળવી અને હવે જે હોસ્પિટલમાં તેમની માતા વર્ષોથી સેવા આપી રહી છે, એ જ CHC ડેડીયાપાડામાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવવાની તક મેળવી છે.માતા-દીકરીની આ જોડીએ માત્ર પોતાના પરિવારનું નહીં પરંતુ સમગ્ર ડેડીયાપાડા પંથકનું ગૌરવ વધાર્યું છે. એક તરફ માતા વર્ષોથી દર્દીઓની સેવા કરી રહી છે, તો બીજી તરફ દીકરી ડોક્ટર બની દર્દીઓની સારવાર કરી રહી છે. એક જ વોર્ડમાં માતા દર્દીને ઈન્જેક્શન આપે અને બાજુમાં દીકરી એ જ દર્દીની તપાસ કરે-આ દ્રશ્ય દર્દીઓ અને હોસ્પિટલ સ્ટાફ માટે પણ લાગણીસભર બની જાય છે.ડૉ.રિત્વિકાબેન વસાવાએ પ્રાથમિકથી માધ્યમિક સુધીનું શિક્ષણ સાપુતારા સ્થિત મિશન સંસ્થાની અંગ્રેજી માધ્યમ શાળામાં પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ અમદાવાદ ખાતે MBBSનો અભ્યાસ પૂર્ણ કરી ડોક્ટર



બની અને હવે પોતાના જ વિસ્તારની CHC ડેડીયાપાડામાં સેવા આપવાની તક મેળવી છે. ડૉ.રિત્વિકાબેન કહે છે કે, "મારા મા-બાપ મારા પ્રથમ ગુરુ છે. નાનપણથી મેં મારી મમ્મીને રાત-દિવસ જોયા વગર લોકોની સેવા કરતા જોઈ છે. તેમની મહેનત અને સેવા ભાવનાએ મને ડોક્ટર બનવાની પ્રેરણા આપી. આજે જે હોસ્પિટલમાં મારી માતા વર્ષોથી સેવા આપે છે, એ જ સ્થળે તેમની સાથે કામ કરવાની તક મળી એ મારા માટે સૌથી મોટી ઉપલબ્ધિ છે."ડૉ.રિત્વિકાબેનના પિતા રાયસિંગભાઈ હુનિયાભાઈ વસાવા પણ તાલુકા પ્રાથમિક શાળા, ડેડીયાપાડામાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે. એટલે એક તરફ માતા આરોગ્ય ક્ષેત્રે અને પિતા શિક્ષણ ક્ષેત્રે સેવા આપી રહ્યાં છે, જ્યારે દીકરી ડોક્ટર બની આરોગ્ય ક્ષેત્રે પરિવારની સેવા પરંપરાને આગળ ધપાવી રહી છે.અંતરિયાળ ગામ મુલ્કાપાડા, તા. ડેડીયાપાડા, જિ. નર્મદાથી આવેલી આ માતા-દીકરીની સફળતા ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી સમાજની દીકરીઓ માટે પ્રેરણારૂપ બની છે. "દીકરીને ભણાવો" માત્ર સૂત્ર નહીં પરંતુ તેને તક મળે તો દીકરી શું કરી શકે તેનું જીવંત ઉદાહરણ ડેડીયાપાડાની આ માતા-દીકરીની જોડી બની છે.CHC ડેડીયાપાડામાં સાથે સેવા આપતી આ અનોખી માતા-દીકરીની જોડીને લઈને સમગ્ર પંથકમાં ખુશી અને ગૌરવની લાગણી જોવા મળી રહી છે. લોકો દ્વારા બંનેને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.માતાની 20 વર્ષની સેવા અને દીકરીની મહેનતથી સાકાર થયેલું ડોક્ટર બનવાનું સપનું ડેડીયાપાડાની આ માતા-દીકરીની જોડી આજે અનેક દીકરીઓ માટે "સપનું જુઓ અને તેને સાકાર કરો"નો જીવંત સંદેશ બની છે.

### ડાંગ જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાનું પુનરાગમન

# સાપુતારા સહિત સમગ્ર પંથકમાં આહલાદક વાતાવરણ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લામાં લાંબા વિરામ બાદ ફરીવાર વરસાદી માહોલ જામ્યો છે. ડાંગ જિલ્લામાં શનિવારે વહેલી સવારથી જ ધીમીધારનો વરસાદી માહોલ જામ્યો હતો.ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા, શામગહાન, બોરખલ, ગલકુંડ, આહવા, ચીંચલી, પીપલદહાડ, ગારખડી, સુબિર, સિંગાણા, લવચાલી, બરડીપાડા, કાલીબેલ, પીંપરી,મહાલ,વઘઈ અને ભેંસકાતરી,સાકરપાતળ,સહિતના પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં સવારથી જ ધીમીધારનો વરસાદ સતત ચાલુ જોવા મળ્યો હતો.આ સાર્વત્રિક વરસાદના પગલે લાંબા સમયથી ચાલી રહેલા ઉકળાટ બાદ વાતાવરણ એકદમ ઠંડુ અને આહલાદક બની ગયું હતુ,જેને લઈને સ્થાનિક લોકો અને પ્રવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ખાસ કરીને ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે વરસાદની સાથેસાથે ગાઢ ધુમ્મસિયા વાતાવરણની સફેદ ચાદર છવાઈ જતા દિવસ દરમ્યાન



અદ્દભુત નજારો સર્જાયો હતો.ડુંગરાળ અને હરિયાળા પ્રદેશ તરીકે જાણીતા ડાંગ જિલ્લામાં ધુમ્મસ અને વરસાદના આ સંગમને કારણે અહીંના કુદરતી જોવાલાયક સ્થળોનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યુ હતુ.સાથે જ પ્રવાસન સ્થળો મહેકી ઉઠ્યા હતા. સાપુતારા ખાતે વિઝિબિલિટી ઓછી થઈ જવાના કારણે વાહનચાલકોને દિવસ દરમિયાન પણ ગાડીઓની હેડલાઈટ ચાલુ રાખીને સાવચેતીપૂર્વક વાહનો હંકારવાની ફરજ પડી હતી. બીજી તરફ, શનિ-રવિવારની સાપ્તાહિક રજાઓ હોવાને કારણે ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેના પરિણામે અહીંની હોટલો અને હોમસ્ટે, રિસોર્ટ્સ,ટેન્ટ સીટીઓ હાઉસફૂલ થઈ ગઈ હતી.ડાંગ જિલ્લામાં મેઘરાજાના આ આગમનથી સમગ્ર જિલ્લામાં કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલ્યુ છે. વરસાદી માહોલમાં ડાંગનાં ગીરાધોધ વઘઈ અને બોટનીકલ ગાર્ડન ખાતે શનિવારે પ્રવાસીઓનો ઘસારો વધતા બખા થઈ જવા પામ્યા હતા.

## તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત "CEIR"પોર્ટલના ઉપયોગથી તથા ટેકનીકલ સોર્સના માધ્યમથી મોબાઈલ ફોન શોધી મુળ માલિકને પરત આપતી જાફરાબાદ મરીન પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

મ્હે.ભાવનગર રેન્જ આઈ.જી.પી. શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં મિલ્કત ગુમના બનાવોમાં સત્વરે મિલ્કત શોધી મુળ માલિકને પરત કરવા તથા 'તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ સાર્થક કરવા સુચના આપેલ હોય જે અન્વયે મહે.અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબ તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડીયા સાહેબ રાજુલા વિભાગ નાઓ દ્વારા જરૂરી સૂચના અને માર્ગદર્શન આપેલ હતું.
જે અન્વયે જાફરાબાદ મરીન પો.સ્ટે.ના I/C પોલીસ ઈન્સ્પેકટર શ્રી એમ.બી. ગોહીલ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શનથી જાફરાબાદ મરીન પો.સ્ટે. માં 'CEIR" પોર્ટલનો ઉપયોગ કરી, "CEIR" પોર્ટલમાં એંટ્રી કરી સતત મોનીટરીંગ રાખી, ગુમ થયેલ મોબાઈલ ફોનને શોધી, રીકવર કરવા માટે કાર્યવાહી કરવા જણાવેલ હોય, જેથી અરજદાર શ્રી ગૌરાંગભાઈ સુરેશભાઈ સોલંકી રહે.જાફરાબાદ, સામાકાંઠા પરશુરામ સોસાયટી વિસ્તાર જી. અમરેલી વાળાનો મોબાઈલ ગઈ



તા.૦૪/૦૯/૨૦૨૬ ના રોજ જાફરાબાદ, સામાકાઠા વિસ્તારમાં રસ્તામાં કયાંક પડી ગયેલ હોય, જે મોબાઈલ શોધી, રીકવર કરી અને મુળ માલીકને પરત સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.શોધી કાઢવામાં આવેલ મોબાઈલની વિગત અનુ. કંપનીનુ નામ 1વિવો ઉપકરણ મોડેલ V29e 5G IMEI NO. ૮૬૩૪૦૫૦૬૯૨૮૯૬૫૭ ૭.૩.૨૬,૯૯૯/-રીમાર્કર્સ શાંતિ આપની સાથે, આપના માટે લોકાભિમુખ અભિગમ અંતર્ગત તેરા તુજકો અર્પણ નાગરિકો માટે હરહમેશા નિષ્ઠાવાન કામગીરી બજાવતી મારીન પોલીસ સ્ટેશનની કામગીરી કરનાર અધિકારી અને કર્મચારીઓની નિષ્ઠાવાન કામગીરી બિરદાવતી જનતા તેરા તુજકો અર્પણ અંતર્ગત કામગીરી કરનાર અધિ.શ્રી/ કર્મચારીઓજાફરાબાદ મરીન પો.સ્ટે. ના I/C પોલીસ ઈન્સ્પેકટર શ્રી એમ. બી.ગોહીલ સાહેબની સુચના અને માર્ગદર્શન નીચે અના. હેડ કોન્સ. સુરેશભાઈ જાદવભાઈ ડાભી તથા પો. કોન્સ. અનિલભાઈ બાબુભાઈ ડાભી તથા પો.કોન્સ. ભાવેશભાઈ એમ. સોલંકી નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

## છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પંથકમાં લાંબા વિરામ બાદ ફરી વરસાદ શરૂ થયો

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પંથકમાં લાંબા વિરામ બાદ આજે બપોરથી ફરી વરસાદ શરૂ થયો છે. પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. આનાથી લોકોને અસહ્ય ગરમી અને બફારાથી રાહત મળી છે.અંદાજિત એક મહિનાના લાંબા વિરામ બાદ વરસાદ વરસ્યો છે. આ વરસાદથી કપાસની ખેતી કરતા ખેડૂતોમાં ખુશી જોવા



મળી હતી. વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે.હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી બે-ત્રણ દિવસ દરમિયાન છોટાઉદેપુર જિલ્લા સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. હાલ સંખેડા અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં આશા જાગી છે અને ખેતીના પાકને પણ ફાયદો થવાની સંભાવના છે.

# આર્ટ્સ કોલેજ લીમખેડામાં POCSO Act, સાયબર ક્રાઈમ અને રોડ સેફ્ટી અવેરનેસ અંગે કાર્યક્રમ યોજાયો



દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટ્સ કોલેજ, લીમખેડાના એન.એસ. એસ. વિભાગ, સાયબર ક્લબ તથા લીમખેડા પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના મંત્રીશ્રી ભરતભાઈ ભરવાડ સાહેબના અધ્યક્ષસ્થાને POCSO Act, સાયબર ક્રાઈમ અને રોડ સેફ્ટી અવેરનેસ અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં લીમખેડા પોલીસ વિભાગમાંથી Dy.SP શ્રીમતી મિત્તલબેન સાકરીયા સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે POCSO Act, સાયબર ક્રાઈમ તથા રોડ સેફ્ટી જેવા મહત્વપૂર્ણ વિષયો અંગે વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે લીમખેડા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી એસ.વી. વસાવા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રોડ સેફ્ટી અવેરનેસ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી તેમજ વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કેળવાય તે હેતુથી માહિતીપ્રદ માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે સંસ્થાના આચાર્યશ્રી પ્રા. અશ્વિનભાઈ આર. પટેલ સાહેબ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ કાર્યક્રમના ઉદ્દેશ્ય અને મહત્વ અંગે ઉદ્બોધન કર્યું હતું.આ કાર્યક્રમમાં સમગ્ર કોલેજ પરિવાર તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક સહભાગી બન્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમનું સુંદર સંચાલન ઈતિહાસ વિભાગના પ્રોફેસર ડૉ. બાબુભાઈ પરમાર સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમગ્ર આયોજન અને વ્યવસ્થાપન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કમલેશકુમાર બી. અમીન દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે ગુજરાતી વિભાગના પ્રા. જશવંતસિંહ નાયક સાહેબ દ્વારા આભારવિધિ તથા સમાપન કરવામાં આવ્યું હતું. અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સફળ સમાપન કરવામાં આવ્યું હતું.

# રોજ મખાના ખાવાથી તમને થશે અનેક ફાયદા



**મખાના ખાવાથી તમારા હાડકાં મજબૂત બને |** માખણ કેલ્શિયમ, પ્રોટીન અને ફોસ્ફરસનો સારો સ્ત્રોત છે. દરરોજ મખાના ખાવાથી તમારા હાડકાં મજબૂત બને છે. દરરોજ મખાના ખાવાથી હાડકાની મજબૂતી પણ વધે છે. મખાના ખાવાથી સ્નાયુઓની વૃદ્ધિમાં પણ મદદ મળે છે. મખાના તમારા સ્નાયુઓની તાકાત વધારે છે. જીમમાં જતા લોકોને મખાના ખાવાની સલાહ આપવામાં આવે છે જેથી તે બોડી બિલ્ડિંગમાં મદદ કરે.

**રોગપ્રતિકારકમાં વધારો થાય છે |** મખાનામાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે. મખાનામાં વિટામિન્સ, ઝિંક અને મેગ્નેશિયમ વધુ માત્રામાં હોય છે, જે તમારી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. મખાના ખાવાથી તમે મોસમી રોગો અને ચેપના જોખમથી બચી શકો છો.

**ત્વચા માટે મખાના ફાયદાકારક |** મખાનામાં હાજર એન્ટી એજિંગ ગુણ તમારી ત્વચાને લાંબા સમય સુધી યુવાન રાખે છે. તમારી ત્વચામાં શુષ્કતા અથવા ફંગલ ચેપનું જોખમ ઓછું છે. મખાનામાં ભરપૂર માત્રામાં બળતરા વિરોધી અને એન્ટીઓક્સીડેન્ટ ગુણ હોય છે. આ ત્વચાના પોષણને પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે.

**હૃદયના સ્વાસ્થ્ય માટે અસરકારક છે મખાના |** મખાણા હૃદયના સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. મખાના ખાવાથી શરીરનું કોલેસ્ટ્રોલ લેવલ સંતુલિત રહે છે. મખાના મેગ્નેશિયમ અને ફોસ્ફરસનો સ્ત્રોત છે. તેને ખાવાથી રક્તવાહિનીઓ શાંત રહે છે. તેથી દરરોજ એક મુઠ્ઠી મખાના ખાવાથી ફાયદો થાય છે.

**બ્લડ શુગર લેવલ નિયંત્રિત રહેશે |** મખાના ખાવાથી શરીરનું બ્લડ શુગર લેવલ પણ કંટ્રોલમાં રહે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે પણ માખણ ફાયદાકારક છે. મખાનામાં ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઓછો છે. તે લોહીમાં ખાંડ ઓગળવાની પ્રક્રિયાને ધીમી કરે છે. મખાનામાં ફાઈબર હોય છે, જે પાચનને સુધારવામાં મદદ કરે છે. રોજ મખાના ખાવાથી શૌચની સમસ્યા ઓછી થાય છે. મખાના તમને પેટની તમામ સમસ્યાઓ જેવી કે કબજિયાત અને ગેસથી બચાવવામાં મદદ કરે છે.

**વજન ઘટાડવામાં ઉપયોગી થશે મખાના |** મખાનામાં કેલરીની માત્રા ઘણી ઓછી હોય છે. મખાનામાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે. વજન ઘટાડવા માંગતા લોકો માટે મખાનાને સૌથી સ્વાદિષ્ટ અને ફાયદાકારક નાસ્તો માનવામાં આવે છે, જેને તેઓ ઈચ્છે તેટલું ખાઈ શકે છે. મખાના આ લોકોના શરીરમાં પોષક તત્વોની ઉણપને પૂરી કરશે અને તેમનું વજન પણ નિયંત્રણમાં રહેશે.

## રોગપ્રતિકારક શક્તિ પણ વધશે!

મખાનામાં પ્રોટીન, ફાઈબર, મેગ્નેશિયમ અને પોટેશિયમ ભરપૂર માત્રામાં હોય છે. તેમાં ફોસ્ફરસ, આયર્ન અને ઝિંક જેવા પોષક તત્વો પણ હોય છે. મખાનાને પાવરહાઉસ ફૂડ આઈટમ ગણવામાં આવે છે. આ પોષક તત્વો શારીરિક કાર્યો કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેને ઘણી રીતે ખાઈ શકાય છે. જેમ કે લોકો તેને સાદા, મીઠા વગર, મસાલા વગર અથવા ચાટ બનાવ્યા પછી પણ ખાય છે. મીઠાઈમાં મખાનાની ખીરનો પણ સમાવેશ થાય છે. મખાના ખાવાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. આવો જાણીએ રોજ એક મુઠ્ઠી મખાના ખાવાથી શરીરને શું ફાયદા થાય છે.



# ડાયાબિટીસના જોખમને જડમૂળથી દૂર કરી શકે છે આ 5 સસ્તા ખોરાક



**દ્રાક્ષ |** 'કોરિયન જર્નલ ઑફ ફેમિલી મેડિસિન'માં પ્રકાશિત થયેલા એક સંશોધન અનુસાર, નિયમિત રીતે દ્રાક્ષનું સેવન કરવાથી તમે ટાઈપ 2 ડાયાબિટીસનું જોખમ ઘટાડી શકો છો. આ સંશોધન 40-69 વર્ષની વયના લોકોમાં કરવામાં આવ્યું હતું, જેમાં ડાયાબિટીસમાં ફળોના સેવનનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**બ્રાઉન રાઇસ |** મેડિકલ જર્નલ 'thebmj'માં પ્રકાશિત થયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે સામાન્ય આખા અનાજનું વધુ માત્રામાં સેવન કરવાથી ડાયાબિટીસનું જોખમ ઘણી હદ સુધી ઘટાડી શકાય છે. તે જ સમયે, દર અઠવાડિયે 2-3 વખત બ્રાઉન રાઈસ ખાવાથી તેનું જોખમ 12 ટકા ઓછું થઈ શકે છે.

**મરચા |** 'જર્નલ ઑફ એગ્રીકલ્ચરલ એન્ડ ફૂડ કેમિસ્ટ્રી'માં પ્રકાશિત થયેલા સંશોધન મુજબ, મરચામાં મસાલેદારતા લાવે છે તે રસાયણ કેપ્સેસિન બ્લડ સુગરના સ્તરને ઘટાડવામાં મદદ કરી શકે છે. આનાથી ડાયાબિટીસનું જોખમ ઘણી હદ સુધી ઘટાડી શકાય છે.

**ચણા |** 'જર્નલ ઑફ ફૂડ સાયન્સ એન્ડ ટેક્નોલોજી'માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ અનુસાર, ચણાનું નિયમિત સેવન ડાયાબિટીસનું જોખમ પણ ઘટાડી શકે છે. તેમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર અને પ્રોટીન હોય છે, જે લાંબા સમય સુધી પેટ ભરેલું રાખી શકે છે. તેનાથી સ્થૂળતા અને ડાયાબિટીસનું જોખમ ઘટાડી શકાય છે.

**દહીં |** 'જર્નલ ઑફ ન્યુટ્રિશન'માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ અનુસાર, દરરોજ 80-125 ગ્રામ દહીંનું સેવન કરવાથી હૃદય રોગનું જોખમ 14 ટકા ઓછું થઈ શકે છે. દહીં એક આથો ડેરી પ્રોડક્ટ છે, જે ટાઈપ 2 ડાયાબિટીસનું જોખમ ઘટાડી શકે છે.

# ઈડલીનું ખીરું ખાટું થઈ જાય તો ફોલો કરો આ ટીપ્સ, ખીરાની ખટાશ દુર થઈ જશે

**ઈડલી સાંભાર મોટાભાગના લોકોની ફેવરિટ ડીશ હશે. ઈડલી, સાંભાર અને નાળિયેરની ચટણી નાસ્તામાં પણ ઘણા ઘરોમાં પીરસાય છે. જેમના ઘરમાં ઈડલી વધારે ખવાતી હોય છે તેઓ ઈડલીનું ખીરું જાતે ઘરે તૈયાર કરવાનું પસંદ કરે છે. ઘરે ઈડલીનું ખીરું તૈયાર કરવું સરળ છે. પરંતુ કેટલીક વાર વાતાવરણના કારણે અંદાજ રહેતો નથી અને આથો વધારે આવી જાય છે. આ સ્થિતિમાં ખીરું વધારે ખાટું થઈ જાય છે અને તેમાંથી ખાટી સ્મેલ પણ આવવા લાગે છે. ઈડલી ખાટી હોય તો ભાવતી નથી. તેથી ઈડલીના ખીરાની ખટાશ દુર કરવા માટીની જોરદાર ટ્રીક આજે તમને જણાવી દઈએ. અહીં દર્શાવેલી ટીપ્સ ફોલો કરી તમે વધારે આથાના કારણે ખાટા થઈ ગયેલા ખીરાને સુધારી શકો છો. આ ટીપ્સ અપનાવવાથી બેટરમાં આવેલી ખટાશ દુર થઈ જશે.**



1 જો ખીરું થોડું જ ખાટું થયું છે તો તેમાં લીલા મરચાં અને આદુની પેસ્ટ ઉમેરી દો. તેનાથી ઈડલી વધારે સ્વાદિષ્ટ લાગશે અને ખટાશ બેલેન્સ થઈ જશે.

2 ઈડલીનું ખીરું વધારે ખાટું થઈ ગયું હોય તો ગોળ અથવા ખાંડનો ઉપયોગ કરી શકાય છે. આ વસ્તુઓ બેટરમાં ઉમેરશો તો ખટાશ ઓછી થઈ જશે અને સ્વાદ પણ સારો આવશે. જે પ્રમાણે ખીરામાં ખટાશ હોય તેને અનુરુપ ખાંડ કે ગોળ ઉમેરવો.

3 ખીરું ખાટું થઈ જાય તો તેમાં થોડો ચોખાનો લોટ કે રવો ઉમેરી શકાય છે. આ વસ્તુ ઉમેરવાથી ખટાશ ઘટશે. સાથે જ ઈડલી પણ સોફ્ટ બનશે.

4 જો બેટર વધારે ખાટું થઈ ગયું હોય તો તમે તેમાં થોડું ફ્રેશ બેટર ઉમેરી શકો છો. તેનાથી ઈડલીની ખટાશ બેલેન્સ થઈ જશે.

5 ઈડલીનું બેટર ખાટું ન થાય તે વાતનું ધ્યાન રાખવું હોય તો ચોખા અને દાળને પીસતી વખતે ફ્રીજના ચીલ્ડ પાણીનો ઉપયોગ કરવો. તેનાથી આથો આવ્યા પછી પણ બેટર ખાટું નહીં થાય.

# બેડ કોલેસ્ટ્રોલ વધવાનું લક્ષણ હોય છે શરીરના આ 3 અંગોમાં થતો દુખાવો

**ખોટા આહાર અને ખરાબ જીવનશૈલીના કારણે બેડ કોલેસ્ટ્રોલ વધવાની સમસ્યા દિવસેના દિવસે વધી રહી છે. બેડ કોલેસ્ટ્રોલ શરીરમાં વધતું મીણ જેવું પદાર્થ હોય છે. બેડ કોલેસ્ટ્રોલ નસોમાં જામી જાય છે અને રક્ત પરિભ્રમણને અસર કરે છે. બેડ કોલેસ્ટ્રોલના કારણે ધમનીઓ બ્લોક થઈ જાય છે અને તેના કારણે સ્ટ્રોક અને હાર્ટ અટેક જેવી ગંભીર સ્થિતિનું જોખમ વધી જાય છે. શરીરમાં વધતા બેડ કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરવું જરૂરી છે. શરીરમાં જ્યારે બેડ કોલેસ્ટ્રોલ વધી રહ્યું હોય તો કેટલાક લક્ષણ જોવા મળે છે. ખાસ કરીને શરીરના ત્રણ અંગ એવા છે જ્યાં બેડ કોલેસ્ટ્રોલના કારણે દુખાવો અનુભવાય છે. જો કોઈપણ વ્યક્તિને આ ત્રણ અંગમાં દુખાવાનો અનુભવ થતો હોય તો તેણે બેડ કોલેસ્ટ્રોલ માટે ચેકઅપ કરાવી સારવાર શરૂ કરવી જોઈએ.**



**પગમાં દુખાવો |** બેડ કોલેસ્ટ્રોલ વધી રહ્યું હોય તો પગમાં દુખાવો થાય છે. જ્યારે પગની ધમનીઓમાં કોલેસ્ટ્રોલ જામવા લાગે તો રક્ત પ્રવાહ બાધિત થાય છે. તેના કારણે પગમાં દુખાવો અને સોજાની સમસ્યા થાય છે. આ સ્થિતિને મેડિકલ ભાષામાં પેરીફેરલ આર્ટરી ડીસીઝ કહેવાય છે. ઘણી વખત આ સ્થિતિમાં વ્યક્તિને ચાલવામાં સમસ્યાનો સામનો કરવો પડે છે

**હાથમાં દુખાવો |** બેડ કોલેસ્ટ્રોલ વધવાની સ્થિતિમાં હાથમાં અને બાવળામાં દુખાવો અનુભવાય છે. જ્યારે શરીરમાં બેડ કોલેસ્ટ્રોલની માત્રા વધી રહી હોય તો હાથ સુધી રક્ત પહોચવાનું ઓછું થઈ જાય છે. જેના કારણે હાથમાં દુખાવો થાય છે. આ સિવાય હાથમાં ઝણઝણાટી અને ખાલી ચઢી જવાની સમસ્યા પણ વધી જાય છે. જો તમને કોઈ સ્પષ્ટ કારણ વિના હાથમાં દુખાવો થતો હોય તો તુરંત જ હેલ્થ એક્સપર્ટ ની મદદ લેવી.

**પીઠમાં દુખાવો |** પીઠમાં થતો દુખાવો પણ હાઈ કોલેસ્ટ્રોલનું સંકેત હોઈ શકે છે. જ્યારે ધમનીઓમાં કોલેસ્ટ્રોલ જમા થઈ જાય છે તો કરોડરજ્જુ આસપાસના ભાગમાં રક્ત પ્રવાહ ઓછો થવા લાગે છે. જેના કારણે પીઠના નીચેના ભાગમાં દુખાવો રહે છે. જો તમને પીઠ કે કમરમાં વારંવાર દુખાવો થતો હોય તો આજથી તેને ઈગ્નોર કર્યા વિના તુરંત ડોક્ટરનો સંપર્ક કરો.

# અંતર્દૃષ્ટિ
# ધન લાલસા

દૈનિક જીવનના સુચારુ સંચાલન માટે ધન જરૂરી છે. તેના અભાવમાં અનેક કાર્યો અવરુદ્ધ થઈ જાય છે, જ્યારે તેની વિપુલતામાં કેટલીય સમસ્યાઓ પેદા થઈ જાય છે. મોટાભાગના લોકોના જીવનનું લ-ય માત્ર એ જ છે કે ન્યૂનતમ સમયમાં વધુને વધુ ધનસંપત્તિ ભેગી કરી લેવી. અથાગ ધનની ઉત્કંઠા વિશેષ કરીને યુવાઓ અને બાળકોને ભ્રમિત કરી રહી છે અને તેના સુચારુ, સ્વસ્થ જીવનમાં અડચણ બની રહી છે. ઝડપતી વધતી આ અવાંછિત પ્રવૃત્તિ માટે તે માતા-પિતા, વરિષ્ઠજન, નેતા અને સમાજ પણ દોષી છે, જે અપરિપક્વ મનમાં એ વાત બેસાડી દે છે કે સફળતાનો માપદંડ આર્થિક સમૃદ્ધિ છે. એવું શીખીને કે ધનના જોરે સંસારમાં બધું જ પ્રાપ્ત કરી શકાય છે, તેઓ ધન કમાવાને જ લ-ય બનાવી લે છે અને તેને મેળવવા માટે યોગ્ય-અયોગ્યમાં ભેદ કરવાનું ભૂલી જાય છે.આવા વ્યક્તિ જીવન મૂલ્યો સાથે સહજ રીતે સમજૂતી કરી લે છે. સંબંધોની ગરિમા અને આધ્યાત્મિક સમૃદ્ધિ તેમના માટે અર્થહીન હોય છે. વ્યવહારમાં એક વાર ધન કમાવાના રસ્તે નીકળી ગયેલો વ્યક્તિ એ જ દિશામાં ઉત્તરોત્તર આગળ વધતો જાયછે. ધનની આવક વધે છે તો બિનજરૂરી વસ્તુઓ પણ જમા થઈ જાય છે. સાથે જ એવી આદતો પણ બને છે, જે માત્ર ક્ષણિક આનંદ આપે છે. અનુભવ દર્શાવે છે કે જે જીવનશૈલી આપણે પસંદ કરીએ છીએ તેમાંથી પાછા વળવું મોટાભાગે દુષ્કર હોય છે. જીવનમાં ધન કમાવાને જ સર્વોપરિ માનનારા આધ્યાત્મિક, બૌદ્ધિક તથા ભાવનાત્મક દૃષ્ટિએ સંપન્ન વ્યક્તિને ઉતરતો આંકે છે અને તેને હીણી દૃષ્ટિથી જુએ છે. તેનામાં અહંકાર આવી જાય છે અને આ જ તેના વિનાશનું કારણ બને છે. એના પહેલાં કે ધનની અધિકતા આપણને યોગ્ય માર્ગથી વિચલિત કરી દે, વિચાર કરવો પડશે કે શ્રેષ્ઠ-સુખી જીવન માટે કેટલા ધનથી આપણાં કાર્યો નિભાવી શકાશે. એ પણ કે ધન સાધન માત્ર રહે અને લ-ય ન બની જાય.

# મારી લાડલી ભારતી



- રુપાલી દવે



નીરુ ઓ નીરુ ક્યાં છો? ક્યાં હોવ? તમારા સાથે લગ્ન થયા ત્યાર થી "સેવાકીય" કામકાજ માટે જન્મ લીધો હોય એવું વધારે લાગે છે. બોલો શું હતું? ઓહો!!મારી ગુસ્સેલ નીરુ,તારા નાક પર ગુસ્સો એવો ને એવો ગુસ્સો આજે પણ લાલ લાલ ટહુકા કર્યા કરે છે.આપણી લાડલી ભારતી અમદાવાદથી કાલે આવવાની છે ને આ વખતે ૧૫દિવસ ની રજાઓ લઈ ને આવવાની છે. હરખ માં ને હરખ માં ઉત્સાહ થી નીરુ બોલી કે ભારતી ના પપ્પા એક રિક્વેસ્ટ કરું..

કર ને પગલી એમાં તારે મંજૂરી લેવી પડે બોલ જે મન માં ચિંતા સતાવતી હોય એ બિન્દાસ બોલી નાખ.

નીરુ ધીમે થી બોલી કે ભારતી ને પુરા ૨૮ વર્ષ થઈ ગયા છે તોતો.. તમે એને લગ્ન માટે સમજાવશો વિષ્ણુ પ્રસાદ ના મુખ પર પુત્રી ના લગ્ન ની વાત આવતા જ ખુશ ખુશાલ થતા એણે કહ્યું કે નીરુ,બાપ છું મને પણ તારી જેમજ ભારતી ના લગ્ન ની ચિંતા સતાવી રહી છે. જમાનો ખરાબ છે દીકરીઓ પર કળી ટીલી લગતા વાર લાગતી નથી. મારી એક ની એક લાડલી દીકરીને પરણાવવા ના કોડ તો મને પણ તમારા જેમ વધારે છે. નીરુ,તું ચિંતા છોડ કાલે જ ગામડે થી દીદી નો ફોન હતો ભારતી ને લાયક મુરતિયો એની નજર માં છે. મુરતિયો સેન્ટ્રલ બેંક માં નોકરી કરે છે આપણી ભારતી ને પરફેક્ટ આવશે.

નીરુ,તારી વાત એકદમ સાચી છે જ્યાર થી યુવતીઓ પગભર થવા લાગી છે ત્યાર થી એના પર શોષણ ની ઘટના માં વધારો થયો છે. સમાજ ના ભયે અને નોકરી ગુમાવવા ની બીકે મોટાભાગ ની યુવતીઓ,સ્ત્રીઓ ચૂપ રહેવાનું વધારે પસંદ કરવા લાગી છે.

જો બહેન એ શોધેલ છોકરો ભારતી ને પસંદ નહીં પડે તો પણ આપણી ભારતી જેવી સુંદર અને સરકારી સરકારી નોકરી કરતી યુવતી માટે તો મુરતિયા ઓની લાઈન લાગશે.બેત્રણ મિનિટ મૌન બની ને વિષ્ણુ ભાઈ બોલ્યા કે નીરુ, ક્યારેય દીકરીઓ ભાર નથી હોતી છતાંય એના સુરક્ષિત જીવન માટે સાસરે મોકલવી પડતી હોય છે.

જો જે ને નીરુ,આપણી ભારતી સરકારી નોકરી કરે છે ને પગભર પણ છે એને લાયક તો છોકરાઓ તો ચુટકી વગાડતા મળી જશે.ભવિષ્ય થી અજાણ બન્ને પતિપત્ની છ મહિના બાદ દીકરી ના આવવાની હોશ માં ને હોશમાં એના મનપસંદ વ્યંજનો અને વાનગીઓ નું લીસ્ટ સાથે લગ્ન ના સ્વપ્ના જોવા માં વ્યસ્ત હતા.

છેલ્લા બેત્રણ વર્ષથી અમદાવાદ ની સરકારી ઓફિસ માં ક્લાર્ક ની નોકરી કરતી ભારતી ને એના બોસ એ રાત્રે અમુક ખાસ ફાઈલો કોમ્પ્યુટર માંથી શોધવા બોલાવી.બે ત્રણ વર્ષ થી પિતાની ઉંમર ના બોસ સાથે કામ કરી રહેલ નિર્દોષ ભારતી ને એના પર શંકા ના ગઈ. ફટાફટ ઓફિસ બેગ લઈને એ ભારતી ઓફિસે પહોંચી.રાત્રે ૯વાગ્યે ઓફિસે પોંહચી ત્યારે ઓફિસ સૂનકાર ભાસતી હતી એટલે એ ઘરે જવા પાછળ ફરી ને બે ત્રણ સ્ટેપ ચાલી હશે ત્યાં ચેમ્બર માંથી બોસ બોલ્યા કે બેટા, કેમ જાય છે?ચેમ્બર માં આવ.

ભારતી ના ભોળપણ નો લાભ ઉઠાવી ને નશા માં ધૂત બોસ એ એની દીકરી સમાન નાજુક ભારતી ના કપાળે કાયમ ના માટે કાળી ટીલી લગાવી ને ઘોર નિંદ્રા માં પોઢી ગયો.

લોહી લુહાણ હાલત માં દર્દ માં કણસતી ભારતી માંડ માંડ એના ફ્લેટ પર પોંહચી. રૂમ મેટ નિધિ ને ભારતી ની હાલત જોતા ખ્યાલ આવી ગયો એણે ગુમસુમ ભારતી ને ગળે લગાડતા જ ચોંધર આંસુ એ ધ્રુસકે ને ધ્રૂસકે રડી પડી..

બીજે દિવસે વહેલી સવાર ની રાજકોટ ની બસ માં નિધિ એની રૂમ મેટ ભારતી ને લઈને ગઈ ત્યારે સદાય ખીલખીલાટ હસતી ભારતી ના મુખ પરનું હાસ્ય ગાયબ હતું. રાતભર રડી રડીને સોજી ગયેલ એની આંખ કશુંક કહેવા માંગતી હતી પણ આઘાત એ એના મુખ પર પટ્ટી બાંધી દીધી હતી

ઘર નું ફાટક ખોલી ને જેવી ભારતી પ્રવેશી એ ભેગા એની માતા દીકરી નો ચહેરો જોતા જ સમજી ગઈ. ઓરડા માં લઈ જઈને પૂછ્યું ત્યારે નિધિ એ ભારતી સાથે થયેલ દુષ્કૃત્ય ની વાત સંભળાવી.દીકરી સાથે થયેલ અત્યાચાર ની વાત સાંભળતા જ વિષ્ણુ પ્રસાદ બોલ્યા કે ન્યાય મેળવવા કોર્ટ કચેરી ચક્કર ખાવા ના બદલે એ નરાધમ નો વધ કરી નાખીશ ભલે મને જેલ માં જવું પડે.. સમાજ ની પરવા નથી ભલે જે થવું હોય તે થાય મારી ભારતી ના લગ્ન નહી થાય એટલું જ છે ને. જે સમાજ દીકરી ની આપવીતી સાંભળી ને પણ એને બદનામ કરશે એને ત્યાં સબંધ જ ન હોય.

કોણ છે નરાધમ? બેટા, નામ આપ

ભારતી એ રડતા રડતા કહ્યું કે ડેડી,જેને પિતા સમાન માનતી હતી એ બોસ એ મારું જીવન ઝેર કર્યું છે. પ્લીઝ,ડેડી,કાયદો હાથ માં ન લેતા,તમારા વગર મારું અને મમ્મી નું શું થશે?

વિષ્ણુ પ્રસાદ ભાઈ એ સ્થાનિક કોર્ટ માં ભારતી ના બોસ પર કેસ કર્યો..સામાજિક કાર્યકર અને નારી નિકેતન નામક સંસ્થા ચલાવતા એડવોકેટ નયના શાહ એ ભારતી નો કેસ લઅ્યો ભારતી નું મેડિકલ ચેક અપ અને બોસ ની ચેમ્બર ના સી સી ટીવી કેમેરા ના પુરાવા ના આધારે બોસ નું કૃત્ય બહાર આવ્યું.પોલીસ તપાસ દરમિયાન મળેલ પુરાવા અનુસાર બોસ ની સજા પાકી હતી.રૂપિયા અને દાદાગીરી ના જોરે બોસ એ કેસ ને નબળો પાડવા ખૂબ કોશિશ કરી હતી પરંતુ અંતે તો સત્ય નો જ વિજય થાય છે "સત્ય મેવ જયતે".મહિલા જજ ગાયત્રી સંઘવી એ બન્ને પક્ષની દલીલ સાંભળી ને ભારતીના બોસ ને ગુનેગાર ઠેરવ્યો.. શારીરિક અને માનસિક અત્યાચાર ધારા અંતર્ગત ૨૦ વર્ષની સજા ફરમાવી..

બે વર્ષ બાદ ભારતી ના લગ્ન પણ એના ફઈ એ શોધી રાખેલ મુરતિયા સાથે થઈ ગયા.સમાજ શું કહેશે? આ વાત થી દીકરીઓ ના માતાપિતા એ ડરવા ની જરૂર નથી તમારી દીકરી ની સાથે કઈ પણ ખોટું થઈ રહ્યું છે તો એના માટે લડી ને ન્યાય મેળવો.દરેક ના જીવન માં લગ્ન માટેની જોડી ઉપરવાળા એ નક્કી કરીને જ રાખી હોય છે ઋણનું બંધન ના સબંધો ત્રાજવા પર રાખેલ વજન જેવા હોય છે એટલે બધા ને એના બર નું મળી જ જતું હોય છે.

ગુજરાતમાં 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના આયોજનને લઈને થયેલા વિવાદ વચ્ચે, એક્ટર પરેશ રાવલે આ નિર્ણયનો બચાવ કર્યો છે. તેમણે કહ્યું કે, 'ગુજરાત ભારતનો જ એક ભાગ છે અને દેશના દરેક રાજ્યમાં આવા મોટા રાષ્ટ્રીય કાર્યક્રમો થવા જોઈએ.' ન્યૂઝ એજન્સી ANI સાથેની વાતચીતમાં પરેશ રાવલે કહ્યું, શું ગુજરાત બાંગ્લાદેશ કે પાકિસ્તાનમાં છે? તે પણ આપણા પોતાના દેશનો એક ભાગ છે. આ કાર્યક્રમ ગુજરાતમાં કેમ ન થઈ શકે? આવા કાર્યક્રમો ગુજરાતમાં પણ થવા જોઈએ. મારું કહેવું છે કે દેશના દરેક રાજ્યમાં આવા આયોજનો થવા જોઈએ. તેમાં કંઈ ખોટું નથી.

# 'શું ગુજરાત બાંગ્લાદેશ કે પાકિસ્તાનમાં છે?' : નેશનલ ફિલ્મ અવોર્ડ્સ વિવાદ પર પરેશ રાવલ ભડક્યા, મહારાષ્ટ્રના નેતાઓનો ઉધડો લીધો...

(એજન્સી) મુંબઈ | તા.12

મહારાષ્ટ્રના નેતાઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ 72 વર્ષના ઈતિહાસમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દિલ્હીથી ગુજરાત ખસેડવાના નિર્ણયની ટીકા કરી છે. જ્યારે, શિવસેનાના સાંસદ સંજય રાઉતે કલાકારોને આ સમારોહનો બહિષ્કાર કરવા અપીલ કરી છે. સ્થાન બદલવા પર રાજ ઠાકરેએ વાંધો ઉઠાવતા લખ્યું, 'આખરે તેની જરૂર કેમ પડી? દેશની આર્થિક રાજધાની મુંબઈનું મહત્ત્વ ઓછું કરવાનો પ્રયાસ કર્યા પછી, શું હવે દેશની રાજધાની દિલ્હીનું મહત્ત્વ પણ ધીમે ધીમે સમાપ્ત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે?'

તેમણે આગળ લખ્યું, 'પ્રશ્ન સીધો છે, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન ગુજરાતમાં જ કેમ? જો જગ્યા બદલવી જ હતી તો મુંબઈ કેમ નહીં? દાદાસાહેબ ફાળકેએ ભારતીય સિનેમાનો પાયો મહારાષ્ટ્રમાં નાખ્યો હતો. તો પછી પુરસ્કાર સમારોહ મહારાષ્ટ્રમાં કેમ ન થયો? તમિલનાડુ, કેરલમ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણા જેવા રાજ્યોમાં મોટા પાયે ફિલ્મો બને છે. દક્ષિણ ભારતમાં સિનેમાએ રાજકારણને પણ પ્રભાવિત કર્યું છે. તો પછી ગુજરાતને જ કેમ પસંદ કરવામાં આવ્યું?'



તેમણે વધુમાં લખ્યું, 'એવું લાગે છે કે પોતે કંઈક મોટું કરવામાં નિષ્ફળ ગયેલા લોકો હવે નામ અને જગ્યા બદલીને એક નવો ઈતિહાસ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કદાચ તેમને ડર છે કે, આવતીકાલે તેમનો રાજકીય પ્રભાવ ફક્ત ગુજરાત સુધી સીમિત રહી જાય, તેથી આજથી જ ગુજરાતને દરેક વસ્તુનું કેન્દ્ર બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.' ગુજરાતને આગળ કેમ કરવામાં આવી રહ્યું છે- રાજ ઠાકરે રાજ ઠાકરેએ માત્ર નેશનલ ફિલ્મ એવોર્ડ જ નહીં, પરંતુ કોમનવેલ્થ, 2023 ક્રિકેટ વર્લ્ડ કપનું સ્થળ પણ ગુજરાતમાં રાખવા પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે પૂછ્યું છે કે આનાથી અમિત શાહ દેશને શું કહેવા માંગે છે? તેમણે લખ્યું, 'મુદ્દો એ નથી કે સમારોહ કેવડિયામાં થઈ રહ્યો છે કે મુંબઈમાં. અસલી પ્રશ્ન એ છે કે 72 વર્ષથી ચાલી આવતી એક શાનદાર પરંપરાને આખરે શા માટે તોડવામાં આવી રહી છે? રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો દેશની રાજધાની દિલ્હીમાં આપવામાં આવતા રહ્યા છે. હવે અચાનક આ પરંપરાને બદલવાની જરૂર કેમ પડી? અમેરિકામાં ઓસ્કર હંમેશા લોસ એન્જલસમાં હોય છે. ત્યાં ટ્રમ્પ આવ્યા, બુશ આવ્યા કે ઓબામા, કોઈએ એવો પ્રયાસ કર્યો નથી કે પુરસ્કાર સમારોહ પોતાના ગૃહ રાજ્યમાં લઈ જાય.'

'અમે આ મુદ્દે ચોક્કસ અવાજ ઉઠાવીશું, પરંતુ દેશભરના કલાકારોને પણ આગળ આવવું પડશે. કલાકારોએ પૂછવું પડશે કે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની ગૌરવશાળી પરંપરાને શા માટે તોડવામાં આવી રહી છે.'

શિવસેના નેતા સંજય રાઉતે પણ ગુજરાતમાં સેરેમની રાખવા બદલ નિંદા કરી. તેમણે કહ્યું કે, આ ગુજરાત સાથે જોડાયેલો કોઈ કાર્યક્રમ નથી, પરંતુ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર છે, તો તેનું સ્થાન ગુજરાત કેમ રાખવામાં આવ્યું. તેને રાજધાનીમાં જ રાખવાનો હતો, જેવું છેલ્લા ઘણા વર્ષોથી ચાલ્યું આવે છે. તેમણે અન્ય સેલેબ્સને આ ઈવેન્ટમાં ન જવા અને તેનો બહિષ્કાર કરવા અપીલ કરી છે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ સામાન્ય રીતે નવી દિલ્હીમાં યોજાતો રહ્યો છે. ગયા વર્ષે 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનો સમારોહ 23 સપ્ટેમ્બર 2025ના રોજ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાયો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિજેતાઓને પુરસ્કારો પ્રદાન કર્યા હતા.

## રાષ્ટ્રપતિ મુર્મુના હસ્તે પુરસ્કાર મળવાની સંભાવના

ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો 23 સપ્ટેમ્બરે ગુજરાત પ્રવાસ પ્રસ્તાવિત છે. તેઓ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે અને ત્યારબાદ પાદરામાં બ્રહ્માકુમારીઝના કાર્યક્રમમાં ભાગ લેશે. આ જ પ્રવાસમાં તેમના એકતા નગર જવાની પણ સંભાવના છે, જ્યાં તેઓ 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો પ્રદાન કરી શકે છે.

એકતા નગર ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલું છે અને અહીં સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય આકર્ષણ છે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને અહીં આયોજિત કરવાથી તેને ગુજરાતના મુખ્ય પર્યટન અને રાષ્ટ્રીય એકતા સાથે સંકળાયેલા સ્થળ સાથે જોડવાનો સંદેશ જાય છે. તાજેતરમાં 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં આનંદ એલ રાયની ડોક્યુમેન્ટરી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનું પ્રતીક'ને પણ સન્માન મળ્યું છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કેવડિયાના વિકાસની વાર્તા પર આધારિત છે.

72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના વિજેતાઓની જાહેરાત 18 જુલાઈ 2026ના રોજ કરવામાં આવી ચૂકી છે. આમાં 'આર્ટિકલ 370'ને સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો. ફિલ્મની એક્ટ્રેસ યામી ગૌતમને સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનું સન્માન મળ્યું, જ્યારે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર કાર્તિક આર્યન ('ચંદુ ચેમ્પિયન') અને મમ્મૂટી ('બ્રહ્મયુગમ')ને સંયુક્ત રીતે આપવામાં આવ્યો.



# આલિયા ભટ્ટના બોડીગાર્ડે ચાહકને સાઈડમાં ખસેડ્યો

## સેલ્ફી લેવા નજીક ગયો હતો; 'ડોન્ટ બી શાય'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં Gen-Z સ્લેંગ પર આપ્યો મજેદાર જવાબ

(એજન્સી) મુંબઈ | તા.12

આલિયા ભટ્ટ શુક્રવારે મુંબઈમાં તેની આગામી ફિલ્મ 'ડોન્ટ બી શાય'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં પહોંચી હતી. ઈવેન્ટ પછી બહાર નીકળતી વખતે ભીડ વચ્ચે એક ચાહક તેની તરફ સેલ્ફી લેવા માટે આગળ વધ્યો અને એક્ટ્રેસની નજીક આવવાનો પ્રયાસ કર્યો.

ત્યારબાદ તેના બોડીગાર્ડે ચાહકને ઝડપથી બાજુ પર કરી દીધો. જોકે, આ દરમિયાન આલિયાનું ધ્યાન ચાહક તરફ નહોતું અને તે અન્ય ચાહકો સાથે ફોટો ક્લિક કરાવી રહી હતી.

'ડોન્ટ બી શાય' આલિયા ભટ્ટના પ્રોડક્શનની ફિલ્મ છે. ફિલ્મમાં પ્રેમ અને જિંદગીના નિર્ણયો વચ્ચેની વાર્તા બતાવવામાં આવી છે. જે 25 સપ્ટેમ્બરે OTT પ્લેટફોર્મ પ્રાઈમ વીડિયો પર રિલીઝ થશે.

'ડોન્ટ બી શાય'ના ટ્રેલર લોન્ચ પર આલિયાએ બહેન શાહીનનો બાળપણનો કિસ્સો સંભળાવ્યો. કાર્યક્રમના હોસ્ટે આલિયા, શાહીન અને ડિરેક્ટર શ્રુતિ મુખર્જીને 'ઓરા ફાર્મિંગ', 'બ્રેડક્રમ્બિંગ', 'સાઈડ ક્વેસ્ટ', 'બ્રેનરોટ' અને 'રેજબેટ' જેવા જેન-ઝી ટર્મ્સના અર્થ પૂછ્યા. આલિયાએ 'રેજબેટ'નો અર્થ સમજાવતા કહ્યું, "જ્યારે હું નાની હતી, ત્યારે શાહીન મારી સાથે આ જ કરતી હતી. તે મને કહેતી હતી કે હું પાર્લે-જી સાથે ફ્રી આવી છું."

તેણે કહ્યું, "તે કહેતી હતી કે હું ખરેખર મારી મમ્મી અને પપ્પાની દીકરી નથી. હું ચાર વર્ષની હતી, જ્યારે શાહીન મને રેજબેટ કરતી હતી."

ફિલ્મ 'ડોન્ટ બી શાય'માં ચાર નવા એક્ટર્સ અને એક ડેબ્યુટન્ટ ડિરેક્ટર છે. કાર્યક્રમની શરૂઆતમાં આલિયાએ કહ્યું, "14 વર્ષ પહેલાં મેં એક એક્ટર તરીકે ડેબ્યુ કર્યું હતું. આજે 14 વર્ષ પછી હું ચાર નવા એક્ટર્સ અને એક ડેબ્યુટન્ટ ડિરેક્ટરને રજૂ કરી રહી છું." તેણે આગળ કહ્યું, "આ સમયે હું તેમના કરતાં ક્યાંય વધુ નર્વસ છું. મારા પેટમાં પતંગિયા ઉડી રહ્યા છે."

આલિયાને પૂછવામાં આવ્યું કે શું તે આ ફિલ્મમાં એક્ટ્રેસ તરીકે પણ કામ કરવા માંગતી હતી. તેણે કહ્યું, "ના, મને નથી લાગતું કે મેં ક્યારેય આવું અનુભવ્યું હોય."

તેણે કહ્યું, "મને એક્ટ્રેસ બનવું અને કેમેરા સામે રહેવું ગમે છે, પરંતુ પ્રોડ્યુસર બનવાથી એક અલગ પ્રકારનો સંતોષ મળે છે. આનાથી મને ખુશીનું એક વધુ સ્તર મળે છે."

આલિયાએ જણાવ્યું કે ફિલ્મની દુનિયા અને વાર્તાને શરૂઆતથી તૈયાર કરવામાં ટીમ સામેલ રહી. શ્રુતિ તેમની પાસે એક આઈડિયા લઈને આવી હતી અને ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

આલિયાએ કહ્યું, "અમે કહ્યું કે હા, ચાલો આ સાથે કરીએ. તેને તૈયાર કરવામાં બે વર્ષ લાગ્યા. આ પછી અમે તેને એમેઝોનના અમારા પ્રિય પાર્ટનર્સ પાસે લઈ ગયા."

તેણે આગળ જણાવ્યું, "શુક્રવારે અમે તેમને મટીરીયલ મોકલ્યું હતું. શનિવારે સવારે નિખિલે મેસેજ કર્યો - આલિયા, વાત કરીએ."

### આલિયા ભટ્ટે બોડીગાર્ડને ચાહક સાથે ગેરવર્તન કરતા રોક્યો હતો

2024માં આલિયા ભટ્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં એક ફેન એરપોર્ટ પર આલિયા સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન બોડીગાર્ડ તેને દૂર કરતો જોવા મળ્યો.

આ જોઈને આલિયા ગુસ્સે થઈ ગઈ અને બોડીગાર્ડને આવું કરતા રોકતા કહ્યું કે કોઈને સ્પર્શ ન કરો. આ પછી આલિયાએ પોતે તે ફેનને પોતાની પાસે બોલાવ્યો અને તેની સાથે ફોટો ક્લિક કરાવ્યો.

# 'તાકાત હોય તો 'સ્પિરિટ'ની સમીક્ષા કરીને દેખાડો'...

## ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાના ભાઈનો ખુલ્લો પડકાર, 'રોમાંચકમ'ની ટીકાને જીરવી ન શક્યા

(એજન્સી) મુંબઈ | તા.12

ફિલ્મ નિર્માતા સંદીપ રેડ્ડી વાંગાના ભાઈ અને પ્રોડ્યુસર પ્રણય રેડ્ડી વાંગાએ તેમની ફિલ્મ 'રોમાંચકમ'ની સમીક્ષા કરનારા વિવેચકોને પડકાર ફેંક્યો. તેમણે કહ્યું કે વિવેચકો ફિલ્મ 'સ્પિરિટ'ને પણ એ જ દૃષ્ટિકોણથી ચકાસે. 'સ્પિરિટ'માં પ્રભાસ અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકાઓમાં છે. જ્યારે, ફિલ્મનું ડિરેક્શન સંદીપ રેડ્ડી વાંગા કરી રહ્યા છે. ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, પ્રણય રેડ્ડી વાંગા અને પ્રભાકર રેડ્ડી વાંગા ફિલ્મના પ્રોડ્યુસર છે.



પ્રણયે આ વાત યુટ્યુબ ચેનલ ટેગ તેલુગુ સાથેની વાતચીતમાં કહી. 'રોમાંચકમ' 3 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને તેને મિશ્રથી સરેરાશ પ્રતિક્રિયાઓ મળી હતી.

પ્રણયે કહ્યું કે, 'ફિલ્મોની સમીક્ષા કરવી સરળ કામ લાગી શકે છે. આવું એટલા માટે, કારણ કે સિનેમાઘરોમાં રિલીઝ થતી ઘણી ફિલ્મો સફળ થતી નથી.' તેમણે કહ્યું કે, 'ફિલ્મ બનાવવાની મુશ્કેલીઓ ત્યારે જ સમજાય છે, જ્યારે કોઈ પોતે પ્રોડક્શન પ્રક્રિયાનો ભાગ બને છે.'

'જો તમે પ્રોડક્શનમાં આવો છો, તો સમજો છો કે લખેલી વસ્તુને પડદા પર ઉતારવા માટે ડિરેક્ટર કેટલી મહેનત કરે છે. પ્રોડક્શનમાં કયા પ્રકારની મુશ્કેલીઓ આવે છે, તે પણ સમજાય છે.'

પ્રણયે એમ પણ કહ્યું કે, 'સમીક્ષાઓ કોઈ ફિલ્મની બોક્સ ઓફિસ પરફોર્મન્સ નક્કી કરતી નથી.' તેમના મતે, 'ખરાબ સમીક્ષાઓ છતાં કેટલીક ફિલ્મો સારું પ્રદર્શન કરે છે, જ્યારે કેટલીક ફિલ્મોને ખૂબ સારી સમીક્ષાઓ મળે છે, પરંતુ તે દર્શકો સાથે જોડાઈ શકતી નથી. આખરે અંતિમ નિર્ણય દર્શકો જ આપે છે.'

પ્રણયે 'રોમાંચકમ'ના સમીક્ષકો પર સીધો કટાક્ષ પણ કર્યો. તેમણે કહ્યું કે, 'ફિલ્મ નાની પ્રોડક્શન હોવાને કારણે તેને વધુ તપાસ-પડતાલનો સામનો કરવો પડ્યો.'

તેમણે આ ટીકાની સરખામણી 'મરઘીના ઈંડામાંથી પીંછા ખેંચવા' સાથે કરી. ત્યારબાદ તેમણે વિવેચકોને 'સ્પિરિટ' સાથે પણ આવો જ અભિગમ અપનાવવાનો પડકાર ફેંક્યો. તેમણે કહ્યું, 'આ નાની ફિલ્મ છે, તેથી તેની સાથે એવું કરવામાં આવી રહ્યું છે.

# રણવીર BMW ઈન્ડિયાનો બ્રાન્ડ એમ્બેસેડર બન્યો

(એજન્સી) મુંબઈ | તા.12

નવી દિલ્હીમાં BMW ઈન્ડિયાએ શુક્રવારે તેની નવી 'BMW 7 સિરીઝ' રેન્જ લોન્ચ કરી. આ ખાસ અવસરે 'ધુરંધર' એક્ટર રણવીર સિંહને BMW ઈન્ડિયાના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રજૂ કરવામાં આવ્યો.

લોન્ચ ઈવેન્ટમાં નવી 'BMW 7 સિરીઝ' રેન્જ પરથી પડદો રણવીર સિંહે ઉઠાવ્યો. આ અવસરે BMWની ફ્લેગશિપ 7 સિરીઝ અને રણવીર સિંહની હાજરી એકસાથે જોવા મળી. રણવીર સિંહે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે આ લોન્ચમાં ભાગ લીધો. BMW અનુસાર, આ ભાગીદારી શ્રેષ્ઠતા, મહત્વાકાંક્ષા અને કંઈક અસાધારણ કરવાની ઈચ્છા દર્શાવે છે. BMWની ફ્લેગશિપ સેડાન પેટ્રોલ અને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક પાવરટ્રેન સાથે ઉપલબ્ધ થશે. સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક પર્ફોર્મન્સ મોડેલ 'BMW i7 M70' પણ ભારતમાં ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે.

'BMW i7 M70' અત્યાર સુધીની સૌથી પાવરફુલ BMW 7 સિરીઝ હશે. આ કારની ડિલિવરી ઓક્ટોબર 2026થી શરૂ થશે. રણવીર આ પહેલા સ્કોડા ઓટો ઈન્ડિયાનો બ્રાન્ડ ફેસ હતો. ફેબ્રુઆરી 2025માં સ્કોડાએ તેને પોતાનો પહેલો 'બ્રાન્ડ સુપરસ્ટાર' જાહેર કર્યો હતો. કંપનીએ રણવીરને પોતાની નવી બ્રાન્ડ સ્ટ્રેટેજી અને કાયલાક SUVના પ્રમોશનલ કેમ્પેઈનમાં સામેલ કર્યો હતો. જોકે, રણવીરનો કાર કંપનીઓ સાથેનો સંબંધ માત્ર સ્કોડા પૂરતો સીમિત રહ્યો નથી. તે પહેલા 'મારુતિ સુઝુકી નેક્સા'નો પણ બ્રાન્ડ એમ્બેસેડર રહી ચૂક્યો છે. 2014માં તેને નેક્સા રેન્જનો ચહેરો બનાવવામાં આવ્યો હતો.



ખાસ વાત એ છે કે, રણવીર પોતે પણ મોંઘી અને લક્ઝરી કારના શોખીન છે. તેના કાર કલેક્શનમાં 'ફરારી 296 જીટીબી', 'જીએમસી હમર ઈવી 3એક્સ', 'રેન્જ રોવર ઓટોબાયોગ્રાફી' અને 'મર્સિડીઝ-મેબેક જીએલએસ 600' જેવી ગાડીઓનો સમાવેશ થાય છે.

# કિન્નર હોવાના આરોપ લાગતા ટ્રોલર્સ પર ભડકી અભિનેત્રી, બોલ્ડ પર્સનાલિટી માટે છે જાણીતી...

(એજન્સી) મુંબઈ | તા.12

અતરાંગી ફેશન અને બોલ્ડ અંદાજ: અભિનેત્રી ઉર્ફી જાવેદ હંમેશા પોતાની અફાટ ફેશન સેન્સ અને બોલ્ડ પર્સનાલિટી માટે જાણીતી છે, જે દરેક મુદ્દે પોતાનું સ્પષ્ટ મંતવ્ય રજૂ કરે છે.પોતાના રિવિલિંગ કપડાં અને બોલ્ડનેસને કારણે ઉર્ફીને અવારનવાર ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડે છે, જેમાં તેના પર ધર્મ પરિવર્તન જેવા ગંભીર આરોપો પણ લાગી ચૂક્યા છે. તાજેતરમાં 'ધ અર્શી ટૉક શો' (The Arshi Talk Show) માં હાજરી આપીને ઉર્ફીએ પોતાની પર થતી ટ્રોલિંગ અને વિવાદો વિશે ખુલીને વાતચીત કરી હતી. શો દરમિયાન ઉર્ફીએ જણાવ્યું કે એક વ્યક્તિએ તેમની ઓળખ પર જ સવાલ ઉઠાવતા દાવો કર્યો હતો કે ઉર્ફી જાવેદ ટ્રાન્સજેન્ડર (કિન્નર) છે. ટ્રોલર્સ વિશે વાત કરતા ઉર્ફીએ સ્પષ્ટ કહ્યું કે જે લોકોને તે ઓળખતી નથી અને જેમને તે કંઈ ગણતી નથી, તેમની વાતો સાંભળવાનો કોઈ સવાલ જ નથી. ઈન્ટરનેટ પર બેસીને અંકલ-આંટી કંઈ પણ બોલતા હોય છે. ઉર્ફીએ આકરા પ્રહાર કરતા કહ્યું કે આ લોકો એવી રીતે વાત કરે છે જાણે તેમણે જ તેમને જન્મ આપ્યો હોય. આ તમામ ટ્રોલિંગની પરવા કર્યા વગર ઉર્ફી હંમેશા પોતાની શરતો પર જ જીવન જીવે છે.



# સતત હાર્ડવર્ક કરો, સક્સેસ ફોલોઝ માય બ્રધર...!

## રવિ કિશનને ખાવાના પણ ફાંફાં હતા, ઈન્ડસ્ટ્રીએ સતત અપમાન કર્યું; 750+ ફિલ્મો કરી સ્ટાર બન્યા

(એજન્સી) મુંબઈ | તા.12

માટીના કાચા ઘરમાંથી નીકળેલો છોકરો, પરિવાર પર જવાબદારીઓનો બોજ, ખેતર ગીરવે અને પેટ ભરવા માટે 12 લોકો વચ્ચે એક ખિચડી. પછી મુંબઈનો પ્રવાસ, જ્યાં વડાપાઉં અને ચાના સહારે દિવસો પસાર થયા અને 15 વર્ષ સુધી કામના બદલામાં સન્માનજનક પૈસા ન મળ્યા. આ જ રવિ કિશનના એ જીવનની તસવીર છે, જેને તેઓ આજે પણ ભૂલી શક્યા નથી.

ક્યારેક કામ મેળવવા માટે સંઘર્ષ કરનાર રવિ કિશને ભોજપુરી સિનેમામાં સ્ટારડમ હાંસલ કર્યું, હિન્દી ફિલ્મો અને OTTમાં ઓળખ બનાવી અને હવે રાજકારણમાં પણ સક્રિય છે. 750 થી વધુ ફિલ્મોનો પ્રવાસ ખેડી ચૂકેલા રવિ કિશન આજે ઉત્તરપ્રદેશના ગોરખપુરથી બીજી વખત લોકસભા સાંસદ છે. આજની સક્સેસ સ્ટોરીમાં રવિ કિશનના જીવન અને કારકિર્દી સાથે જોડાયેલી કેટલીક વધુ ખાસ વાતો

રવિ કિશનનો જન્મ 17 જુલાઈ 1969ના રોજ મુંબઈ (તત્કાલીન બોમ્બે)માં થયો હતો, પરંતુ આર્થિક પરિસ્થિતિઓને કારણે તેમનું બાળપણ ઉત્તર પ્રદેશના જૌનપુરમાં વીત્યું. પરિવાર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો હતો. ખેતર ગીરવે હતું અને ઘરની જવાબદારીઓ વધતી જતી હતી. પાછળથી એક્ટિંગને પોતાનું સ્વપ્ન બનાવીને તેમણે મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

રવિ કિશને પોતાના સંઘર્ષને યાદ કરતા જણાવ્યું છે કે, તેમનો પરિવાર અત્યંત ગરીબીમાં રહ્યો. એક સમય એવો હતો જ્યારે 12 લોકો માટે એક જ ખિચડી બનતી હતી અને તેમાં પેટ ભરવા માટે પાણી ભેળવી દેવામાં આવતું હતું. શુભાંકર મિશ્રા સાથેની વાતચીતમાં રવિ કિશને કહ્યું હતું, 'ભયંકર ગરીબી જોઈ. અમે લોકો ભયંકર ગરીબીવાળા. એક જ ખિચડી બની રહી છે, તેમાં 12 લોકો ખાઈ રહ્યા છે, પાણી ઉમેરીને.' તેમના મતે ગરીબી માત્ર આર્થિક સ્થિતિ નહોતી, પરંતુ તે અનુભવ તેમના વ્યક્તિત્વનો એક ભાગ બની ગયો.

રવિ કિશનને બાળપણથી જ એક્ટિંગનો શોખ હતો. ગામમાં રામલીલામાં તેઓ માતા સીતાનો રોલ ભજવતા હતા અને તેના માટે માતાની સાડી પહેરતા હતા. જ્યારે તેમના પૂજારી પિતાએ તેમને સીતાના રોલમાં જોયા, ત્યારે તેમને બેલ્ટથી ખૂબ માર માર્યો, જેનાથી તેમની ચામડી છોલાઈ ગઈ. આ પછી માતાએ ડરીને 500 રૂપિયા આપ્યા અને કહ્યું કે બેટા ભાગી જા, નહીં તો આજે તને મારી નાખવામાં આવશે. પોતાનો જીવ બચાવવા માટે તેઓ ઘરેથી ભાગ્યા અને ટ્રેન પકડીને મુંબઈ પહોંચી ગયા. તે સમયે રવિ 17 વર્ષના હતા.મુંબઈમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ચમક પાછળનો સંઘર્ષ તેમણે નજીકથી જોયો. અહીં ન કોઈ મોટું ફિલ્મી બેકગ્રાઉન્ડ હતું, ન મજબૂત આર્થિક સહારો અને ન ઈન્ડસ્ટ્રીમાં કોઈ ઓળખ. રવિ કિશન કહે છે, 'લોકો ચાલીને આવે છે, હું ઘસડાઈને આવ્યો છું. જ્યારે હું મુંબઈ આવ્યો હતો, ત્યારે તે બંબઈ કહેવાતું હતું. પપ્પા મારા એક્ટિંગ કરિયરની વિરુદ્ધ હતા.'

'તેઓ કહેતા હતા, 'નાચવાવાળો બનીશ કે શું?' તેઓ ઈચ્છતા હતા કે હું ખેતી કરું, સરકારી નોકરી કરું કે દૂધ વેચું. પણ મને આ વસ્તુઓમાં રસ નહોતો. મને બસ ડાન્સમાં મજા આવતી હતી. આ મારી ભગવાનની ભેટ હતી. હું આ જ રસ્તે ચાલતો રહ્યો. આમાં ઘણો સમય લાગ્યો.'

રવિ કિશને 1990ના દાયકામાં હિન્દી ફિલ્મોથી અભિનય કારકિર્દીની શરૂઆત કરી. 'પીતાંબર', 'આગ કા તુફાન', 'રાની ઔર મહારાની', 'જખ્મી દિલ', 'ઉધાર કી જિંદગી', 'આતંક', 'કોઈ કિસી સે કમ નહીં', 'અગ્નિ મોર્ચા' જેવી ફિલ્મો કરી. પણ આ ફિલ્મોથી ન તો ખાસ ઓળખ મળી, ન સન્માનજનક મહેનતાણું. રવિ કિશનના મતે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લગભગ 15 વર્ષ સુધી તેમને કામના બદલામાં તે પૈસા ન મળ્યા, જેને તેઓ સન્માનજનક મહેનતાણું માનતા હતા.

**અપમાનને નબળાઈ નહીં, તાકાત બનાવી** | રવિ કિશનની સફળતામાં બીજી એક બાબત મહત્ત્વની રહી – તેમણે પોતાના સંઘર્ષને લઈને કડવાશ રાખી નહીં. તેઓ માને છે કે જીવનમાં મળેલા અપમાન અને રિજેક્શને તેમને મજબૂત બનાવ્યા. તેમના મતે, નાની ઉંમરમાં સંઘર્ષ વ્યક્તિને ઝડપથી પરિપક્વ બનાવે છે. તેઓ કહે છે- 'નાની ઉંમરમાં અપમાન પણ યોગ્ય હોય છે. તે ખૂબ મજબૂત બનાવે છે, પરિપક્વ કરે છે. જે સંઘર્ષ જોતો નથી, તે પછીથી ક્યાંક ને ક્યાંક ગભરાઈ જાય છે.' આ જ વિચાર તેમની કારકિર્દીમાં જોવા મળે છે. તેમણે પોતાની વિરુદ્ધ જતી પરિસ્થિતિઓને પોતાની ઓળખ બનવા દીધી નથી. હિન્દીમાં મર્યાદિત તકો મળી તો ભોજપુરીમાં ગયા, ત્યાં સ્ટાર બન્યા તો પાછા હિન્દી અને બીજી ભાષાઓની ફિલ્મોમાં પોતાની જગ્યા બનાવી. OTT આવ્યું તો ત્યાં પણ નવા પાત્રો સ્વીકાર્યા.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ભક્તિ શર્માએ વર્લ્ડ શૂટિંગ પેરા સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ઈતિહાસ

● દસ મીટર એર પિસ્તોલ એચવન સ્પર્ધામાં ભારતને ગૌરવ અપાવ્યું



(એજન્સી) નવી દિલ્હી । તા. 12

દક્ષિણ કોરિયાના ચાંગવોન શહેરમાં ચાલી રહેલી વર્લ્ડ શૂટિંગ પેરા સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભારતની યુવા અને તેજસ્વી શૂટર ભક્તિ શર્માએ દસ મીટર એર પિસ્તોલ એચવન ફાઈનલ મુકાબલામાં અદ્ભુત પ્રદર્શન કરીને દેશ માટે કાંસ્ય પદક જીતી લીધો છે અને સાથેસાથે જુનિયર ક્વોલિફિકેશન વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે નોંધાવી લીધો છે.

આ વૈશ્વિક સ્પર્ધાના પ્રારંભિક ચરણમાં જ ભારતીય શૂટર્સે પોતાની કાબેલિયત સાબિત કરી દીધી હતી. ભક્તિ શર્માએ ફાઈનલ મુકાબલામાં બે સો તેર પોઈન્ટ એકનો સ્કોર બનાવીને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને કાંસ્ય પદક પર પોતાનો દાવો મજબૂત કર્યો હતો. આ સ્પર્ધામાં ઈરાનની પ્રતિભાશાળી ખેલાડી ફાએઝે અહમદીએ બે સો અડત્રીસ પોઈન્ટ ત્રણના સ્કોર સાથે સુવર્ણ પદક જીત્યો હતો, જ્યારે તેમની જ દેશની નસરીન શાહી સમાખોને રજત પદક પોતાના નામે કર્યો હતો. ભારતની અન્ય એક ફાઈનલ સ્પર્ધક શ્રુષ્ટિ અરોરાએ પણ શાનદાર રમત બતાવતા પાંચમું સ્થાન મેળવ્યું હતું, જ્યારે અનુભવી ખેલાડીઓનું પ્રદર્શન પણ નોંધપાત્ર રહ્યું હતું.

મુખ્ય મુકાબલામાં ઉતરતા પહેલાં ક્વોલિફિકેશન રાઉન્ડમાં ભક્તિ શર્માએ પાંચ સો પાંસઠ પોઈન્ટનો સ્કોર કરીને નવો જુનિયર વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. તેમની સાથે શ્રુષ્ટિ અરોરાએ પાંચ સો છાસઠ પોઈન્ટ બનાવ્યા હતા. આ ઉપરાંત, અન્ય ભારતીય ખેલાડી સુમેધા પાઠક માત્ર એક પોઈન્ટના તફાવતથી ટોચના આઠ ખેલાડીઓમાં સ્થાન મેળવવાથી ચૂકી ગઈ હતી, જ્યારે ગત પેરાલિમ્પિક્સની પદક વિજેતા રુબીના ફ્રાન્સિસે પાંચ સો ચોપન પોઈન્ટ સાથે અઢારમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ખેલાડીઓની આ સખત મહેનત અને સમર્પણના કારણે દેશનું નામ રોશન થયું છે.

## અભિમન્યુ મિશ્રાએ ગ્લોબલ ચેસ લીગની વાતો કહી




(એજન્સી) બેંગલુરુ । તા. 12

ભારતીય મૂળના અને વિશ્વના સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર તરીકેનો ઐતિહાસિક રેકોર્ડ ધરાવતા અભિમન્યુ મિશ્રાએ તાજેતરમાં બેંગલુરુ ખાતે ચાલી રહેલી રોમાંચક ગ્લોબલ ચેસ લીગમાં પોતાના પ્રદર્શન અને સંઘર્ષ અંગે ખુલીને વાતચીત કરી છે. માત્ર બાર વર્ષની નાની વયે ગ્રાન્ડમાસ્ટર બનવાની સિદ્ધિ મેળવનાર સત્તર વર્ષીય આ યુવા ખેલાડીએ પોતાની પ્રથમ લીગ રમત દરમિયાન સમયના દબાણ અને વિદેશી ધરતી પર ખેલાડીઓ સામે આવતી આર્થિક તથા સામાજિક અડચણો અંગે મીડિયા અહેવાલ સમક્ષ મહત્વના ખુલાસા કર્યા છે, જેણે રમત જગતમાં ભારે ચર્ચા જગાવી છે. બેંગલુરુ ખાતે આયોજિત આ વૈશ્વિક સ્પર્ધામાં સમયની પાબંદી અને ચાલ ચાલવા માટે વધારાનો સમય ન મળવાના નિયમને કારણે ખેલાડીઓ માટે મુકાબલો અત્યંત તણાવપૂર્ણ બની ગયો છે. એક મેચ દરમિયાન જીતની નજીક હોવા છતાં સમયના અતિશય દબાણને કારણે થયેલી ભૂલ અંગે વાત કરતા આ યુવા ખેલાડીએ જણાવ્યું હતું કે તે પરિસ્થિતિ એટલી ઝડપી હતી કે તેને સંભાળવા માટે કોઈ રેસિંગ ડ્રાઈવરની જરૂર પડી હોત. તેમ છતાં તેણે પોતાના પ્રતિસ્પર્ધીના દાવાને ખેલદિલીપૂર્વક સ્વીકાર્યો હતો અને ટીમ સ્પર્ધામાં દરેક અંકનું કેટલું મહત્વ હોય છે તે વાત પર ભાર મૂક્યો હતો. વિશ્વ સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરતા આ યુવા પ્રતિભાશાળી ખેલાડીએ અમેરિકામાં ચેસ રમતી વખતે પડતી મુશ્કેલીઓ વિશે જણાવતા કહ્યું હતું કે અન્ય દેશોની સરખામણીમાં ત્યાં ખેલાડીઓ માટે રસ્તો બિલકુલ સરળ નથી હોતો.

એશિયા કપમાં ભારતનો દબદબો જોવા મળ્યો

# ભારતીય જુનિયર મહિલા હોકી ટીમ ફાઈનલમાં પહોંચી

(એજન્સી) હુલુનબુઇર સિટી । તા. 12

શનિવારે હુલુનબુઇર સિટીના મેદાન પર રમાયેલી રોમાંચક મહિલા જુનિયર એશિયા કપની સેમિફાઈનલ મુકાબલામાં ભારતીય ટીમે ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરતા દક્ષિણ કોરિયાની ટીમને પાંચ એકના શાનદાર ગોલથી હરાવીને ટુર્નામેન્ટની ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ કરી લીધો છે અને દેશનું નામ રોશન કર્યું છે.

મેચની શરૂઆત અત્યંત સાવચેતીપૂર્વક રહી હતી અને બંને ટીમોએ પ્રારંભિક તબક્કામાં એકબીજાની રમતને પારખવાનો પ્રયાસ કર્યો હતો. મેચની તેરમી મિનિટમાં ભારતીય ખેલાડી મધુ સિદારે શાનદાર ગોલ કરીને ટીમનું ખાતું ખોલાવ્યું હતું અને ભારતને એક શૂન્યની સરસાઈ અપાવી હતી. આ પ્રથમ ગોલ બાદ ભારતીય ખેલાડીઓનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી ગયો હતો અને આક્રમકતામાં વધારો થયો હતો. પ્રથમ સફળતા બાદ મેદાને ઉતરેલી સ્ટાર ખેલાડી સુખ્રિયાએ પેનલ્ટી કોર્નરનો લાભ ઉઠાવીને સચોટ ડ્રેગ ફ્લિક દ્વારા સતત ગોલ ફટકાર્યા હતા. મેચની એકવીસમી મિનિટમાં સુખવીર કૌરે વધુ એક સુંદર ગોલ કરીને સ્કોર ત્રણ શૂન્ય પર પહોંચાડી દીધો હતો. હાફ ટાઈમ બાદ પણ ભારતીય ખેલાડીઓની ધાક યથાવત રહી હતી અને ત્રીસમી મિનિટમાં સુખ્રિયાએ પોતાનો બીજો અને ટીમનો ચોથો ગોલ નોંધાવ્યો હતો. દક્ષિણ કોરિયા તરફથી યુરી જોંગે એકમાત્ર ગોલ કરીને અંતર ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મેચના અંતિમ ચરણમાં સુખ્રિયાએ વધુ એક ગોલ ફટકારીને પોતાની હેટ્રિક પૂરી કરી હતી અને વિજય સુનિશ્ચિત કર્યો હતો. આ અગાઉની સફર પર નજર કરીએ તો ભારતીય ટીમે ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને હવે ફાઈનલ મુકાબલામાં ચીન અથવા જાપાન વચ્ચેના વિજેતા સામે ટક્કર લેવા માટે ટીમ સંપૂર્ણપણે તૈયાર છે.



# ભારત અફઘાનિસ્તાન શ્રેણીમાં ઈશાન કિશન ફિટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાનારી ત્રણ મેચોની ટ્વેન્ટી-ટ્વેન્ટી આંતરરાષ્ટ્રીય શ્રેણીની શરૂઆત પહેલાં ભારતીય ક્રિકેટ પ્રેમીઓ માટે રાહતના મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં નેટ પ્રેક્ટિસ દરમિયાન વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશનને થયેલી ઈજાને લઈને ફાસ્ટ બોલર નવદીપ સૈનીએ તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે અને સ્પષ્ટ કર્યું છે કે ખેલાડી સંપૂર્ણપણે સુરક્ષિત છે.

આગામી રોમાંચક મુકાબલાઓ માટે ભારતીય ટીમ દ્વારા નવી દિલ્હીના મેદાન પર સઘન તાલીમ સેશન ચલાવવામાં આવી રહ્યું છે, જ્યાં ખેલાડીઓ પોતાની આગવી કુશળતા દર્શાવી રહ્યા છે. આ દરમિયાન પ્રેક્ટિસ સેશનના પ્રારંભિક તબક્કામાં નેટ બોલર તરીકે સેવા આપી રહેલા ઝડપી બોલર નવદીપ સૈનીના એક ઘાતક શોર્ટ બોલ અથવા બાઉન્સર સામે બચવાના પ્રયાસમાં ડાબા હાથના વિસ્ફોટક બેટ્સમેન ઈશાન કિશનને કમરના નીચેના ભાગમાં અચાનક ખેંચાણ અને મચકોડ અનુભવાઈ હતી. અણધારી રીતે સર્જાયેલી આ શારીરિક તકલીફના કારણે ઈશાનને તાત્કાલિક ધોરણે પોતાનું નેટ સેશન અધવચ્ચે જ છોડીને મેદાન છોડવું પડ્યું હતું, જેનાથી મેનેજમેન્ટ અને ફેન્સમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ઘટના બાદ તરત જ મેડિકલ ટીમ હરકતમાં આવી ગઈ હતી અને ટીમ ઈન્ડિયાના કુશળ ફિઝિયો કમલેશ જૈનની આગેવાની હેઠળ ઈશાન કિશનની શારીરિક સ્થિતિનું સઘન મૂલ્યાંકન અને સારવાર શરૂ કરવામાં આવી હતી. આ ગતિવિધિઓ વચ્ચે ખુદ નવદીપ સૈનીએ મીડિયા અહેવાલ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે પ્રેક્ટિસ સમાપ્ત થયા પછી તેમણે તરત જ ઈશાન સાથે વ્યક્તિગત ચર્ચા કરી હતી અને સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં હોવાનું જાણવા મળ્યું હતું. સૈનીએ સ્પષ્ટ કર્યું હતું કે ઈશાનને કોઈ ગંભીર ઈજા થઈ નથી અને તે બિલકુલ સ્વસ્થ છે, જેથી કોઈએ પણ ઘબરાવાની કે ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી. વર્ષ 2026ના પ્રારંભમાં ભારતીય ટીમમાં શાનદાર પુનરાગમન કરનાર ઈશાન કિશન વર્તમાન સમયમાં પોતાના કરિયરના શ્રેષ્ઠ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો છે અને ટીમ માટે મેચ વિનર સાબિત થઈ રહ્યો છે. તેની આક્રમક બેટિંગ શૈલી અને શાનદાર સ્ટ્રાઈક રેટ વિરોધી ગેલન માટે હંમેશા મુસીબત સમાન રહ્યા છે.





# વૈભવ સૂર્યવંશીની શાનદાર રમતથી ક્રિકેટ જગતમાં ક્રાંતિ





(એજન્સી) નવી દિલ્હી । તા. 12

વૈશ્વિક ક્રિકેટ જગતમાં ભારતની યુવા પેઢીએ પોતાની અદ્ભુત પ્રતિભાના બળે એક નવો જ ઈતિહાસ રચ્યો છે, જ્યાં માત્ર પંદર વર્ષની નાની વયે વૈભવ સૂર્યવંશીએ અદ્ભુત બેટિંગ કૌશલ્ય પ્રદર્શિત કરીને સૌનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું છે. પાકિસ્તાનના મહાન ખેલાડી વસીમ અકરમે તાજેતરમાં જ એક મુલાકાતમાં ભારતીય ઈન્ડિયન પ્રિમિયર લીગ અને પાકિસ્તાનની સુપર લીગ વચ્ચેની તુલના કરતા પોતાના દેશની ક્રિકેટ વ્યવસ્થાની ગંભીર ત્રુટિઓ જાહેરમાં સ્વીકારી છે અને આશરે દસ વર્ષ વીતી જવા છતાં ગુણવત્તાસભર બેટરો તૈયાર કરવામાં સ્થાનિક મેનેજમેન્ટ નિષ્ફળ રહ્યું હોવાની કડક ટીકા કરી છે.

વસીમ અકરમે એક લોકપ્રિય યુટ્યુબ ચેનલને આપેલા વિસ્તૃત ઈન્ટરવ્યુમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારત જે રીતે પોતાની લીગ અને તળિયાના સ્તરેથી નવા ખેલાડીઓને શોધીને તૈયાર કરે છે, તેવું પાકિસ્તાનમાં છેલ્લા દસ વર્ષમાં જોવા મળ્યું નથી. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે દસ વર્ષનો લાંબો સમય વીતી ગયા પછી પણ શું આપણે એક પણ ઉચ્ચ કોટિનો બેટર તૈયાર કરી શક્યા છીએ? અકરમના મતે, જો પાકિસ્તાની ક્રિકેટને આગળ વધારવું હશે અને રેડ બોલ ક્રિકેટમાં સુધારો લાવવો હશે તો સરકારે અને બોર્ડે કરાચી તથા લાહોર જેવા મોટા શહેરોમાં કરોડો રૂપિયાનું રોકાણ કરીને ક્લબ ક્રિકેટ સંસ્કૃતિને ફરીથી બેઠી કરવી પડશે, કારણ કે સાચી પ્રતિભા હંમેશા સ્થાનિક મેદાનો અને ક્લબ સ્તરેથી જ બહાર આવે છે. માત્ર પંદર વર્ષની વય ધરાવતા ભારતીય બેટર વૈભવ સૂર્યવંશીએ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં પોતાની અદ્ભુત બેટિંગથી ધૂમ મચાવી દીધી છે અને ત્યારબાદ ઈંગ્લેન્ડ સામેની આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં ડેબ્યૂ કરીને સૌથી નાની ઉંમરે દેશનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

### પાકિસ્તાની ટીમની વર્તમાન કટોકટી અને સંઘર્ષ

એક તરફ જ્યાં ભારતીય ક્રિકેટ સતત નવી ઊંચાઈઓને સ્પર્શી રહી છે અને યુવા ખેલાડીઓ રેકોર્ડ તોડી રહ્યા છે, તો બીજી તરફ પાકિસ્તાની ક્રિકેટ ટીમની હાલત અત્યંત દયનીય બનેલી છે. બાબર આઝમના નેતૃત્વ હેઠળની પાકિસ્તાની ટીમ ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં શરમજનક ક્લીન સ્વીપના આરે આવીને ઊભી રહી ગઈ છે. અગાઉની બે મેચો ગુમાવ્યા બાદ મહેમાન ટીમ બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર રમાતી અંતિમ ટેસ્ટમાં પણ હારની નજીક પહોંચી ચૂકી છે. આ તમામ બાબતો દર્શાવે છે કે પાકિસ્તાની ક્રિકેટ બોર્ડની નબળી નીતિઓ અને યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન ન આપવાની માનસિકતાના કારણે દેશનું રમતગમતનું ભવિષ્ય ભારે જોખમમાં મુકાઈ ગયું છે.

# આર્મેન્ડ ડુપ્લાન્ટિસની ભવ્ય જીત, એમાનુઈલ કરાલિસનું શાનદાર પ્રદર્શન

(એજન્સી) બુડાપેસ્ટ । તા. 12

શુક્રવારે બુડાપેસ્ટમાં આયોજિત અલ્ટીમેટ ચેમ્પિયનશિપની શરૂઆતના દિવસે વિશ્વ અને ઓલિમ્પિક ચેમ્પિયન આર્મેન્ડ 'મોન્ડો' ડુપ્લાન્ટિસે અદ્ભુત પોલ વોલ્ટ પ્રદર્શન કરીને સ્પર્ધામાં શાનદાર વિજય મેળવ્યો હતો, જ્યાં તેમણે છ પોઈન્ટ વીસ મીટરની ઊંચાઈ પાર કરીને સ્પર્ધાનું ટાઈટલ પોતાના નામે કર્યું હતું. પગની માંસપેશીઓમાં ખેંચાણની સમસ્યા અને ઈજાના કારણે ભૂતકાળમાં કેટલીક સ્પર્ધાઓમાંથી હટી જવા છતાં, આ સ્વીડિશ ખેલાડીએ મેદાન પર શાનદાર વાપસી કરી હતી અને પ્રારંભિક તબક્કાથી જ પોતાનો દબદબો બનાવી રાખ્યો હતો. ગ્રીસના દિગ્ગજ ખેલાડી એમાનુઈલ કરાલિસ સાથેનો તેનો મુકાબલો અત્યંત રોમાંચક રહ્યો હતો, જ્યાં બંને ખેલાડીઓએ પાંચ પોઈન્ટ સાઈઠ મીટરની ઊંચાઈ સરળતાથી પાર કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, હળવી ઠંડી અને ઓપચારિક વાતાવરણ વચ્ચે પણ વીસ હજાર દર્શકોની ભરેલી સ્ટેડિયમની મેદાન પર આ ખેલાડીઓએ પોતાની શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કર્યું હતું અને ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી.

જેમ જેમ સ્પર્ધા આગળ વધી તેમ તેમ બારની ઊંચાઈ વધતી ગઈ અને મુકાબલો માત્ર બે સર્વશ્રેષ્ઠ વોલ્ટર વચ્ચે જ સીમિત રહી ગયો હતો. ડુપ્લાન્ટિસે પોતાની કુશળતાનો પરિચય આપતા છ પોઈન્ટ પાંચ મીટર અને ત્યારબાદ છ પોઈન્ટ પંદર મીટરની ઊંચાઈએ સફળતાપૂર્વક પાર કરી લીધી હતી, જ્યારે કરાલિસે પણ તેને સખત ટક્કર આપી હતી. અંતિમ ચરણમાં છ પોઈન્ટ વીસ મીટરની નિર્ણાયક ઊંચાઈ પર કરાલિસ નિષ્ફળ રહ્યો હતો, જ્યારે ડુપ્લાન્ટિસે કોઈ ભૂલ કર્યા વગર કૂદકો લગાવીને સોનેરી સફળતા મેળવી હતી. આ ભવ્ય જીત બાદ વિજેતા ખેલાડીએ પોતાના નામે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે અને આગામી સમયમાં વિશ્વ રેકોર્ડ તોડવાના પ્રયાસો પણ કર્યા હતા.




# વિયેતનામ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ઈશારાની બરુઆની ઐતિહાસિક જીત

## વિશ્વ બેડમિન્ટન સ્પર્ધામાં ભારતની શાનદાર સફળતા

(એજન્સી) હો ચી મિન્હ સિટી । તા. 12

હો ચી મિન્હ સિટી ખાતે રમાઈ રહેલી અત્યંત રોમાંચક અને પ્રતિષ્ઠિત વિયેતનામ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં શનિવારે ભારતીય મહિલા ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે, જ્યાં ત્રીજું ક્રમ ધરાવતી પ્રતિભાશાળી બેડમિન્ટન ખેલાડી ઈશારાની બરુઆએ પોતાની જ દેશવાસી રક્ષિતા શ્રી રામરાજને એકતરફી મુકાબલામાં હરાવીને મહિલા સિંગલ્સના ફાઈનલ મુકાબલામાં શાનદાર પ્રવેશ કરી લીધો છે અને આ સિદ્ધિ મેળવવાની સાથે જ ચાલુ સીઝનની પ્રથમ મોટી ટુર્નામેન્ટની ફાઈનલ સુધી પહોંચવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

આ અતિ મહત્વપૂર્ણ અને રોમાંચક મુકાબલામાં ઈશારાની બરુઆએ શરૂઆતથી જ પોતાની પ્રતિભા અને આક્રમક રમતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વિરોધી ખેલાડી સામે સચોટ શોટ્સ અને મજબૂત રમત રમીને તેણે માત્ર ઓગણચાલીસ મિનિટની ટૂંકી અંદર જ સતત બે ગેમમાં એકવીસ દસ અને એકવીસ અઢારના શાનદાર સ્કોરથી વિજય મેળવ્યો હતો. આ વિજય સાથે જ તેણે ચાલુ વર્ષની પોતાની સર્વશ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કર્યું છે, કારણ કે અગાઉ માર્ચ મહિનામાં રમાયેલી ઓર્લિયન્સ માસ્ટર્સ સુપર ત્રણસો સ્પર્ધામાં તેણે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ જીત માત્ર એક ખેલાડીની વ્યક્તિગત સફળતા નથી, પરંતુ સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ છે.



આ ટુર્નામેન્ટમાં અન્ય ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન પણ મિશ્ર રહ્યું છે, જ્યાં ટોચનું ક્રમ ધરાવતી પ્રતિભાશાળી ખેલાડી તન્વી શર્માને અન્ય સેમિફાઈનલ મુકાબલામાં થાઈલેન્ડની મજબૂત ખેલાડી સરુનરાક વિટિડસાર્ન સામે અતિ સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ઓગણીસ એકવીસ અને વીસ બાવીસના અંતરાલથી હારનો સામનો કરવો પડ્યો હતો, છતાં તેની રમત પ્રશંસનીય રહી હતી. આ ઉપરાંત પુરુષ સિંગલ્સ વર્ગમાં પણ ભારતીય પડકાર કઠિન પરિસ્થિતિઓ વચ્ચે આગળ વધ્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરી રહેલા ખેલાડીઓએ વિયેતનામની ધરતી પર પોતાની મહેનત અને લગનથી સાબિત કરી દીધું છે કે ભારતીય બેડમિન્ટન ભવિષ્યમાં વધુ ઊંચાઈઓ સર કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે અને સમગ્ર રમત જગતની નજર હવે આગામી અંતિમ મુકાબલા પર ટકેલી છે.

**ઈતિહાસ** // 131 વર્ષ બાદ ક્રિકેટમાં બની અનોખી ઘટના

# માનવ સુથારે કાઉન્ટી ક્રિકેટમાં રચ્યો ઈતિહાસ

(એજન્સી) કાર્ડિફ । તા. 12

ભારતીય ડાબોડી સ્પિનર માનવ સુથારે ઈંગ્લેન્ડની કાઉન્ટી ચેમ્પિયનશિપમાં વોર્સેસ્ટરશાયર તરફથી રમતા ગ્લેમોર્ગન વિરુદ્ધ કાર્ડિફના મેદાન પર રમાયેલી મેચમાં બંને ઈનિંગ્સમાં એક પણ રન આપ્યા વગર ત્રણ વિકેટ ઝડપીને એક સો એકત્રીસ વર્ષ જૂના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી છે અને ક્રિકેટ જગતમાં દેશનું નામ રોશન કર્યું છે.

આ અતિ દુર્લભ મુકાબલામાં સ્પિનર માનવ સુથારે પોતાની ઘાતક બોલિંગ કૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પ્રથમ ઈનિંગ્સમાં માત્ર ત્રણ બોલ ફેંકીને તેમણે વિરોધી ટીમની મહત્વની વિકેટ મેળવી હતી અને ત્યારબાદ બીજી ઈનિંગ્સમાં પણ અત્યંત ચુસ્ત બોલિંગ કરી માત્ર ચાર બોલના અંતરે બે બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા હતા. આ સમગ્ર મેચ દરમિયાન તેમણે એક પણ રન આપ્યા વિના શાનદાર સફળતા મેળવી હતી. આ અગાઉ વર્ષ એક હજાર આઠ સો પંચાણુંમાં ઈંગ્લેન્ડના એક સ્પિનર પ્રકારની સિદ્ધિ મેળવી હતી, જેની બરાબરી હવે આપણા ખેલાડીએ કરી છે.

વોર્સેસ્ટરશાયરની ટીમે આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ત્રણ સો એકવું રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો, જેના જવાબમાં વિરોધી ટીમ બંને ઈનિંગ્સમાં અનુક્રમે ઓગણોસઠ અને પંચાસ રન બનાવીને ધરાશાયી થઈ ગઈ હતી. પરિણામે વોર્સેસ્ટરશાયરે એકતરફી રીતે ઈનિંગ્સ અને બાવન રનથી ભવ્ય જીત નોંધાવી હતી. ખેલાડીની આ સિદ્ધિ માત્ર સ્થાનિક સ્તરે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય ફૂટનીતિ અને ખેલ જગતમાં પણ ભારે ચર્ચાનો વિષય બની ગઈ છે, કારણ કે આ અગાઉ પણ તેમણે શ્રેણીઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. યુવા ખેલાડીઓની આ પ્રકારની સિદ્ધિઓ દેશના રમતગમત જગતમાં એક નવી ક્રાંતિ લાવી રહી છે. આંતરરાષ્ટ્રીય માધ્યમો અને મીડિયા અહેવાલ મુજબ આ રેકોર્ડની નોંધ આખી દુનિયામાં લેવાઈ રહી છે. કઠિન પરિસ્થિતિઓમાં પણ પોતાની કુશળતા સાબિત કરનાર આ સ્પિનરે સાબિત કરી દીધું છે કે ભારતીય ક્રિકેટરો વૈશ્વિક સ્તરે કેવું શાનદાર પ્રદર્શન કરવા માટે સક્ષમ છે.

ભારતીય સ્પિનર માનવ સુથારે ઈંગ્લેન્ડની કાઉન્ટી ચેમ્પિયનશિપમાં વોર્સેસ્ટરશાયર તરફથી રમતા ગ્લેમોર્ગન સામે ઈતિહાસ રચ્યો છે. કાર્ડિફ ખાતેની મેચમાં તેમણે બંને ઈનિંગ્સમાં એકપણ રન આપ્યા વિના 3 વિકેટ ઝડપી 131 વર્ષ જૂના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી. આ અગાઉ 1895માં ટોમ હેવર્ડે આ સિદ્ધિ મેળવી હતી.

ભારતીય ડાબોડી સ્પિનર માનવ સુથારે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં એક અનોખો અને ઐતિહાસિક ચમત્કાર કરી બતાવ્યો છે. ઈંગ્લેન્ડની કાઉન્ટી ચેમ્પિયનશિપમાં વોર્સેસ્ટરશાયર તરફથી રમતા સુથારે ગ્લેમોર્ગન સામેની મેચની બંને ઈનિંગ્સમાં એક પણ રન આપ્યા વિના વિકેટો ઝડપીને 131 વર્ષ જૂના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી લીધી છે.




**વૈભવ સૂર્યવંશીની બેટિંગ કૌશલ્યથી દુનિયાભરમાં ડંકો**

# કિલિયન એમબાપેએ કર્યો બેલોન ડી ઓર જીતવાનો દાવો

(એજન્સી) પેરિસ । તા. 12

વિશ્વપ્રસિદ્ધ ફૂટબોલ જગતના જાણીતા સ્ટાર ખેલાડી કિલિયન એમબાપેએ તાજેતરમાં એક પ્રતિષ્ઠિત મેગેઝીનને આપેલા વિશેષ ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો છે કે ક્લબ સ્તરે કોઈ ટ્રોફી ન જીતી હોવા છતાં અને રાષ્ટ્રીય ટીમનો સફર સેમિફાઈનલ સુધી જ સીમિત રહ્યો હોવા છતાં તેઓ આ વર્ષે સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકેનો પ્રતિષ્ઠિત બેલોન ડી ઓર પુરસ્કાર જીતવા માટે સંપૂર્ણપણે હકદાર છે અને તેમનું આ લક્ષ્ય ખૂબ જ નજીક છે.

આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મંચ પર પોતાના અદ્ભુત પ્રદર્શનના બળે ઈતિહાસ રચનાર સત્તાવીસ વર્ષીય સ્ટાર ફોરવર્ડ ખેલાડીએ જણાવ્યું છે કે આ પુરસ્કાર કોઈ ટીમ માટે નહીં પરંતુ વ્યક્તિગત શ્રેષ્ઠતા માટે આપવામાં આવે છે. ચાલુ સિઝન દરમિયાન આ ખેલાડીએ ચેમ્પિયન્સ લીગમાં પંદર ગોલ અને સ્પેનિશ લીગમાં પચીસ ગોલ ફટકાર્યા હતા, તેમજ વિશ્વ કપની ઈતિહાસમાં સર્વાધિક બાવીસ ગોલ નોંધાવીને સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે, જે તેમની ઉત્કૃષ્ટ ક્ષમતાની સાક્ષી પૂરે છે.

| શ્રી સંતોષ રાઘોપ્રસાદ પાંડે, શ્રીમતી ઉમા સંતોષ પાંડે (પ્રોસ્પેક્ટ નંબર- IL10332231) | 13/01/2025 રૂ. 21,14,697.00 (અંકે રૂપિયા એકવીસ લાખ ચૌદ હજાર છસો સિત્યાણું પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: પ્લોટ નંબર D-87, આલિશાન સિટી, બ્લોક નં. 183 (જૂનો નં. 631), નવો સર્વે નં. 531, મોજે જીતાલી, અંકલેશ્વર, ભરૂચ, 393001. મિલકતનો વિસ્તાર (ચોરસ ફૂટમાં): જમીનનો વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર. મિલકતનો વિસ્તાર: 1024.00, 960.00, 2494.00 (બિલ્ટ-અપ વિસ્તાર 844 ચો.ફૂટ) | 27/07/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ: રૂ. 28,18,974.00/- (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ અઢાર હજાર નવસો માત્ર એકસો ચુમ્મોતેર) | રૂ. 21,99,000/- (અંકે રૂપિયા એકવીસ લાખ નેવણું હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. ૨,૧૯,૯૦૦.૦૦/- (રૂપિયા બે લાખ ઓગણીસ હજાર નવસો માત્ર) |
| શ્રી સુનીલ ટુંટુન પ્રસાદ, શ્રીમતી લીલાવતી દેવી (પ્રોસ્પેક્ટ નં. IL10324494) | 12/09/2024 રૂ. 15,86,487.00 (અંકે રૂપિયા પંદર લાખ છ્યાસી હજાર ચારસો સત્તાસી પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત: પ્લોટ નં. C-368, સર્વે નં. 183, જૂનો સર્વે નં. 631, આલીશાન સિટી, મોજે જીતાલી, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચ, 393001, ગુજરાત. વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર. મિલકતનો વિસ્તાર: 650.00, 624.00, 1535.00 (594 ચોરસ ફૂટનો વિસ્તાર) | 23/01/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 21,97,820.00 (અંકે રૂપિયા એકવીસ લાખ સત્તાણું હજાર આઠસો વીસ પૂરા) | રૂ. 13,60,000.00 (અંકે રૂપિયા તેર લાખ સાઠ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,36,000.00 (અંકે રૂપિયા એક લાખ છત્રીસ હજાર પૂરા) |
| શ્રી રાહુલ ગુપ્તા, શ્રીમતી બબીતા ગુપ્તા (પ્રોસ્પેક્ટ નં. IL10324026) | 31/07/2025 રૂ. 10,03,738.00 (અંકે રૂપિયા દસ લાખ ત્રણ હજાર સાતસો અડત્રીસ પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત: પ્લોટ નં. 55, સર્વે નં. 126, જૂનો રેસિડેન્શિયલ નં. ૨૧, શિવાંજલિ રેસિડેન્સી (ડ્રીમ સિટી ૩), ગામ - દધાલ, શહેર - અંકલેશ્વર, જિલ્લો - ભરૂચ, ગુજરાત - ૩૯૩૦૦૧, વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર, બાંધકામ વિસ્તાર; મિલકતનો વિસ્તાર: ૪૩૨.૦૦, ૧૩૩૬.૦૦, ૨૫૫.૦૦ | 21/03/2026<br>૧૧/૦૯/૨૦૨૬ ના રોજ કુલ બાકી રકમ રૂ. ૧૩,૩૬,૭૪૭.૦૦ (અંકે રૂપિયા તેર લાખ છત્રીસ હજાર સાતસો સુડતાલીસ પૂરા) | રૂ. ૭,૮૧,૦૦૦.૦૦ (અંકે રૂપિયા સાત લાખ એક્યાસી હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. ૭૮,૧૦૦.૦૦ (અંકે રૂપિયા અઠોતેર હજાર એકસો પૂરા) |
| શ્રી ભગાજી ઠાકોર, શ્રી ગંદાજી વર્ષીજી ઠાકોર, શ્રીમતી કુવરબેન ગંદાજી ઠાકોર; દૂધની આવક (પ્રોસ્પેક્ટ નં. IL10347106) | ૦૮/૦૫/૨૦૨૪, રૂ. ૧૯,૪૮,૦૦૦.૦૦ (અંકે રૂપિયા ઓગણીસ લાખ અડતાલીસ હજાર પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો સંપૂર્ણ ભાગ અને હિસ્સો: રહેણાંક મકાન, સિટી સર્વે નં. ૭૩૦/૩૪ પૈકી, શીટ નં. ૫૪, મૌજે હારીજ, તાલુકો હારીજ, જિલ્લો પાટણ, ગુજરાત - ૩૮૪૨૪૦; વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, કાર્પેટ વિસ્તાર, બાંધકામ વિસ્તાર; મિલકતનો વિસ્તાર: ૭૩૮.૨૦, ૬૮૦.૦૦, ૯૬૩.૦૦ | 10/11/2024<br>૧૧/૦૯/૨૦૨૬ ના રોજ કુલ બાકી રકમ રૂ. 28,70,094.00/- (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ સિત્તેર હજાર ચોર્યાણું પૂરા) | રૂ. ૧૭,૨૬,૦૦૦.૦૦ (અંકે રૂપિયા સત્તર લાખ છવ્વીસ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,72,600.00/- (અંકે રૂપિયા એક લાખ બોતેર હજાર છસો પૂરા) |
| શ્રીમતી ગીતાબેન કિશોરભાઈ પરમાર, શ્રી કિશોરભાઈ નારણભાઈ પરમાર (પ્રોસ્પેક્ટ નં.- IL10318707) | 13/10/2025 રૂ. 11,10,585.00 (અંકે રૂપિયા અગિયાર લાખ દસ હજાર પાંચસો પંચ્યાસી પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: પ્લોટ નં.-221, ઓમ રેસિડેન્સી, સનરાઈઝ સ્કૂલ પાસે, શિવમ રેસિડેન્સીની સામે, કિમ-કોસાદ રોડ, કુવારડા, માંગરોળ, સુરત- 394120. વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર \| મિલકતનો વિસ્તાર: 548.00, 195.00, 1,153.00 | 11/04/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 13,76,781.00/- (અંકે રૂપિયા તેર લાખ છોતેર હજાર સાતસો એક્યાસી પૂરા) | રૂ.6,73,000.00/- (અંકે રૂપિયા છ લાખ તેતેર હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 67,300.00/- (રૂપિયા સડસઠ હજાર ત્રણસો માત્ર) |
| શ્રી પ્રિતેશકુમાર કાનુભાઈ દોશી, શ્રીમતી સુજાતા પ્રફુલ્લા પાંડા (પ્રોસ્પેક્ટ નં. IL10286136) | 14/10/2025 રૂ. 11,08,569.00 (રૂપિયા અગિયાર લાખ આઠ હજાર પાંચસો ઓગણસિત્તેર માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત: પ્લોટ નં. D-52, લેક વિલા, બ્લોક / સર્વે નં. 725 (જૂનો 42/2), અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત - 393001 - ભારત. વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, કાર્પેટ વિસ્તાર, બિલ્ટ-અપ વિસ્તાર. મિલકતનો વિસ્તાર: 466.60, 577.40, 382.50 | 24/03/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 13,73,671.00/- (રૂપિયા તેર લાખ તેંતેર હજાર છસો એક્યોતેર માત્ર) | રૂ. 10,67,000.00/- (રૂપિયા દસ લાખ સડસઠ હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,06,700.00/- (રૂપિયા એક લાખ છ હજાર સાતસો માત્ર) |
| શ્રી ખુશવંત કુમાર, શ્રીમતી મુન્ના (પ્રોસ્પેક્ટ નં. IL10279971) | 12/06/2025 રૂ. 24,41,256.00 (રૂપિયા ચોવીસ લાખ એકતાલીસ હજાર બસો છપ્પન માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત: ફ્લેટ નં. A-303 ત્રીજો માળ, બ્લોક A, રશ્મિ વિહાર, આકૃતિ આંગણની સામે, નરોલ, વટવા ગામ અને તાલુકો, અમદાવાદ જિલ્લો, ગુજરાત 382245. વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: બિલ્ટ-અપ એરિયા, કાર્પેટ એરિયા, કુલ વિસ્તાર: 491.58, 587.38, 1044.00 | 18/01/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 30,94,378/- (અંકે રૂપિયા ત્રીસ લાખ ચુમ્માણું હજાર ત્રણસો અઠ્યાસી પૂરા) | રૂ. 24,03,000/- (અંકે રૂપિયા ચોવીસ લાખ ત્રણ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ.2,40,300.00/- (અંકે રૂપિયા બે લાખ ચાલીસ હજાર ત્રણસો પૂરા) |
| શ્રી મહેન્દ્રસિંહ જસુજી ચાવડા (ઉર્વશી પ્લાસ્ટિક), શ્રીમતી ભીખીબેન મહેન્દ્રસિંહ ચાવડા (તેમના પ્રોપ્રાઈટર/મેનેજિંગ ડિરેક્ટર/અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા) (પ્રોસ્પેક્ટ નં. IL10321091) | 18/08/2025 રૂ. 24,50,190.00 (અંકે રૂપિયા ચોવીસ લાખ પચાસ હજાર એકસો નેવું પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતની વિગત: પ્રોપર્ટી નં. 5/71 અને 5/72, ગામ: કરજીસણા, તાલુકો: કડી, જિલ્લો: મહેસાણા, ગાંધીનગર, ગુજરાત - 382721. વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: બિલ્ટ-અપ એરિયા, કાર્પેટ એરિયા, જમીનનો વિસ્તાર. મિલકતનો વિસ્તાર: 2599.00, 2880.00, 3594.00 | 26/03/2026<br>તારીખ 11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 31,98,004.00/- (અંકે રૂપિયા એકત્રીસ લાખ અઠ્ઠાણું હજાર ચાર પૂરા) | રૂ.21,48,000.00/- (અંકે રૂપિયા એકવીસ લાખ અડતાલીસ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ.2,14,800.00/- (અંકે રૂપિયા બે લાખ ચૌદ હજાર આઠસો પૂરા) |
| શ્રીમતી હેતલબેન મહેન્દ્રભાઈ વસાવા, શ્રી કલ્પેશભાઈ સોમાભાઈ ગોહિલ (પ્રોસ્પેક્ટ નં. IL10320394) | 13/01/2025 રૂ. 2193542.00 (રૂપિયા એકવીસ લાખ ત્રાણું હજાર પાંચસો બેતાલીસ માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | સંપત્તિનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: પ્લોટ નં. E-433, સર્વે નં. 631, આલીશાન સિટી, જીતાલી ગામ, બ્લોક નં. 183 (જૂનો નં. 631), મોજે જીતાલી, અંકલેશ્વર, ભરૂચ, 393001. વિસ્તાર (ચોરસ ફૂટમાં): સંપત્તિનો પ્રકાર: જમીનનો વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર. સંપત્તિનો વિસ્તાર: 925.00, 896.00 | 27/07/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 29,15,401.00/- (રૂપિયા ઓગણત્રીસ લાખ પંદર હજાર ચારસો એક માત્ર) | રૂ. 22,82,000.00/- (રૂપિયા બાવીસ લાખ બ્યાસી હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 2,28,200.00/- (રૂપિયા બે લાખ અઠ્ઠાવીસ હજાર બસો માત્ર) |
| શ્રી શમસુદ્દીન દિલાવર મીર, શ્રીમતી મરજીના શમસુદ્દીન ચાવડા (પ્રોસ્પેક્ટ નં- IL10235697) | 13/10/2023 રૂ. 10,76,054.00 (રૂપિયા દસ લાખ છોતેર હજાર ચોપન માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | સંપત્તિનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: ફ્લેટ નં. 308, ત્રીજો માળ, વિંગ D, સિલ્વર ટાવર, સમન્વય હાઈટ્સ, વોર્ડ નં. 13/2, CT સર્વે નં. 3938/1/3, T.P. સ્કીમ નં. 31, શીટ નં. 561, મોટી સાગર, રાજલક્ષ્મી સોસાયટીની પાછળ, મોડર્ન સ્કૂલ પાસે, મોરબી 150 ફૂટ રિંગ રોડ, રાજકોટ - 360003. વિસ્તાર (ચોરસ ફૂટમાં): સંપત્તિનો પ્રકાર: કાર્પેટ વિસ્તાર, બિલ્ટ-અપ વિસ્તાર બિલ્ટ-અપ વિસ્તાર / મિલકતનો વિસ્તાર: 241.00, 285.00 | 26/03/2026<br>તારીખ 11/09/2026 ના રોજ કુલ બાકી રકમ: રૂ. 13,35,029.00/- (અંકે રૂપિયા તેર લાખ પાંત્રીસ હજાર ઓગણત્રીસ પૂરા) | રૂ. 11,22,000.00/- (અંકે રૂપિયા અગિયાર લાખ બાવીસ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,12,200.00/- (અંકે રૂપિયા એક લાખ બાર હજાર બસો પૂરા) |
| શ્રી અબ્દુલશા રહેમાનશા દીવાન (મદાર ટ્રેડર્સ), શ્રીમતી નૂરજહાંબાનુ અબ્દુલશા દીવાન (પ્રોસ્પેક્ટ નં.- IL10223784) | 10/07/2023 રૂ. 15,43,697.00 (અંકે રૂપિયા પંદર લાખ તેતાલીસ હજાર છસો સત્તાણું પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | મિલકતની વિગત: મિલકત નં. 193 અને 194, જમીનનો વિસ્તાર 954.77 ચો. ફૂટ, કાર્પેટ વિસ્તાર 509.53 ચો. ફૂટ અને બિલ્ટ-અપ વિસ્તાર 599.45 ચો. ફૂટ; સ્થળ: સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસે, સ્ટ્રીટ નં. 15, રતનપર, સુરેન્દ્રનગર, ગુજરાત, ભારત - 363020 | 15/06/2025<br>તારીખ 11/09/2026 ના રોજ કુલ બાકી રકમ: રૂ. 21,07,111.00/- (અંકે રૂપિયા એકવીસ લાખ સાત હજાર એકસો અગિયાર પૂરા) | રૂ. 8,38,000.00/- (અંકે રૂપિયા આઠ લાખ અડત્રીસ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 83,800.00/- (અંકે રૂપિયા ત્યાસી હજાર આઠસો પૂરા) |
| શ્રી બજરંગલાલ પુસાજી બગડી, શ્રીમતી પ્રેમબેન બજરંગલાલ બગડી, મેસર્સ સાલાસર સ્ક્રેપ (તેમના માલિક/ મેનેજિંગ ડિરેક્ટર/ અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા) (પ્રોસ્પેક્ટ નં- IL10370691) | 12/09/2024 રૂ. 24,30,348.00 (માત્ર ચોવીસ લાખ ત્રીસ હજાર ત્રણસો અડતાલીસ રૂપિયા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: પ્લોટ નં. 55, અક્ષર આયુષ સ્કીમ, ગામ વિઠ્ઠલપુરા, તાલુકો હાલોલ, જિલ્લો પંચમહાલ, ગુજરાત, 389350. માપેલ વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર; મિલકતનો વિસ્તાર: 979.00, 1405.00 | 15/02/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 34,00,804.00 (માત્ર ચોત્રીસ લાખ આઠસો ચાર રૂપિયા) | રૂ. 20,93,000.00 (માત્ર વીસ લાખ ત્રાણું હજાર રૂપિયા)<br>બાનાની રકમ (EMD) રૂ. 2,09,300.00 (માત્ર બે લાખ નવ હજાર ત્રણસો રૂપિયા) |
| શ્રી પરેશકુમાર સુરેશભાઈ પટેલ, શ્રી પટેલ સુરેશભાઈ, શ્રીમતી પટેલ રંજનબેન (પ્રોસ્પેક્ટ નં- IL10272008) | 13/10/2025 રૂ. 11,75,080.00 (અંકે રૂપિયા અગિયાર લાખ પંચોતેર હજાર એંસી પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતની તમામ વિગતો: પ્લોટ નં: 27, સ્વીટ હોમ, સુકૂન રેસિડેન્સી પાસે, જીતાલી થી દધાલ રોડ, દધાલ, જૂના આર.એસ. નં. 103 બ્લોક નં. 46, ગુજરાત, ભારત, 393001, વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર; મિલકતનો વિસ્તાર: 431.00, 893.00, 430.00 | 15/03/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 14,49,407.00/- (અંકે રૂપિયા ચૌદ લાખ ઓગણપચાસ હજાર ચારસો સાત પૂરા) | રૂ.10,08,000.00/- (અંકે રૂપિયા દસ લાખ આઠ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,00,800.00/- (અંકે રૂપિયા એક લાખ આઠસો પૂરા) |
| શ્રી નિલેશ મણિલાલ પુરોહિત, શ્રીમતી દીપિકા નિલેશ રાજપુરોહિત (પ્રોસ્પેક્ટ નં- IL10062497) | 14/10/2025 રૂ. 12,17,935.00 (અંકે રૂપિયા બાર લાખ સત્તર હજાર નવસો પાંત્રીસ પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો સંપૂર્ણ ભાગ: H-405, શાંતિ શુક્ર (SHANTI SHUKRA), જૂની નરોલ કોર્ટની પાછળ, લક્ષ્મીનગર પાસે, નરોલ, અમદાવાદ, ગુજરાત, ભારત, 382405. મિલકતનું ક્ષેત્રફળ (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: કાર્પેટ એરિયા, સુપર બિલ્ટ-અપ એરિયા \| મિલકતનું ક્ષેત્રફળ: 300.00, 630.00 | 03/05/2026<br>તારીખ 11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 1511959.00/- (અંકે રૂપિયા પંદર લાખ અગિયાર હજાર નવસો ઓગણસાઠ પૂરા) | રૂ. 11,85,000.00/- (અંકે રૂપિયા અગિયાર લાખ પંચ્યાસી હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,18,500.00/- (અંકે રૂપિયા એક લાખ અઢાર હજાર પાંચસો પૂરા) |
| શ્રી રામદેવ પ્રદીપસિંહ ઝાલા, શ્રી પ્રદીપસિંહ ગણુભા ઝાલા, શ્રીમતી ગીતાબા પ્રદીપસિંહ ઝાલા (પ્રોસ્પેક્ટ નં. 924057) | 11/06/2024 રૂ. 7,90,215.00 (અંકે રૂપિયા સાત લાખ નેવું હજાર બસો પંદર પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | મિલકતની વિગત: પ્લોટ નં. 34, રેવન્યુ સર્વે નં. 220/4/પૈકી 1, ગામ: વરસમેડી, અંજાર, કચ્છ, ગુજરાત, ભારત - 370110; જમીનનો વિસ્તાર / સુપર બિલ્ટ-અપ વિસ્તાર: 559.00 / 477.00 | 08/06/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ: રૂ. 13,10,862.00/- (અંકે રૂપિયા તેર લાખ દસ હજાર આઠસો બાસઠ પૂરા) | રૂ. 9,94,000.00/- (અંકે રૂપિયા નવ લાખ ચોરાણું હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 99,400.00/- (અંકે રૂપિયા નવાણું હજાર ચારસો પૂરા) |
| શ્રી ચિરાગ હેમરાજજી ઠાકોર, શ્રીમતી સાવિતાબેન હેમરાજજી ઠાકોર (પ્રોસ્પેક્ટ નં. 928380) | 11/06/2024 રૂ. 7,90,215.00 (અંકે રૂપિયા સાત લાખ નેવું હજાર બસો પંદર પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | મિલકતની વિગત: પ્લોટ નં. 59 માં આવેલી મિલકત, જમીન સહિત 559 ચોરસ ફૂટ વિસ્તાર, 309 ચોરસ ફૂટ બિલ્ટ-અપ વિસ્તાર અને 477 ચોરસ ફૂટ સુપર બિલ્ટ-અપ વિસ્તાર; રેવન્યુ સર્વે નંબર 220/4/, પૈકી 1, વરસમેડી, અંજાર, કચ્છ, 370110, ગુજરાત, ભારત | 23/02/2024<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 16,07,695.00 (માત્ર સોળ લાખ સાત હજાર છસો પંચાણું રૂપિયા) | રૂ. 7,70,000.00 (માત્ર સાત લાખ સિત્તેર હજાર રૂપિયા)<br>બાનાની રકમ (EMD) રૂ. 77,000.00 (માત્ર સિત્તેર હજાર રૂપિયા) |
| શ્રી ઉત્તમ નાસ્કર, શ્રીમતી પાયલ ઉત્તમ નાસ્કર (પ્રોસ્પેક્ટ નંબર IL10106567) | 14/10/2025 રૂ. 9,95,201.00 (માત્ર નવ લાખ પંચાણું હજાર બસો એક રૂપિયા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | સંપત્તિનો સંપૂર્ણ ભાગ: પ્લોટ નંબર 379, મહેક રેસિડેન્સી 2, સિવાન, ઓલપાડ, સાયણ રોડ, સુરત 394130; વિસ્તાર (ચોરસ ફૂટમાં): સંપત્તિનો પ્રકાર: જમીનનો વિસ્તાર, બિલ્ટ-અપ વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર; સંપત્તિનો વિસ્તાર: 432.00, 275.00, 275.00 | 20/04/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 12,60,201.00 (માત્ર બાર લાખ સાઠ હજાર બસો એક રૂપિયા) | રૂ. 9,47,000.00 (માત્ર નવ લાખ સુડતાલીસ હજાર રૂપિયા)<br>બાનાની રકમ (EMD) રૂ. 94,700.00/- (અંકે રૂપિયા ચુમ્માણું હજાર સાતસો પૂરા) |
| શ્રી સિદીક નાસીરમોહમદ સૈયદ, શ્રીમતી શબીનાબાનુ સૈયદ (પ્રોસ્પેક્ટ નં. IL10103987) | 25/06/2025 રૂ. 8,15,345.00 (અંકે રૂપિયા આઠ લાખ પંદર હજાર ત્રણસો પિસ્તાલીસ પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | મિલકતની વિગત: પ્લોટ નં. 74, સર્વે નં. 220/4/પૈકી 1, ગામ: વરસમેડી, તાલુકો: અંજાર, જિલ્લો: કચ્છ, ગુજરાત - 370110. મિલકતનું ક્ષેત્રફળ (ચોરસ ફૂટમાં): જમીનનું ક્ષેત્રફળ, સુપર બિલ્ટ-અપ એરિયા, કાર્પેટ એરિયા - અનુક્રમે 559.00, 477.00, 309.00 | 24/01/2026<br>તારીખ 11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 11,52,617.00/- (અંકે રૂપિયા અગિયાર લાખ બાવન હજાર છસો સત્તર પૂરા) | રૂ. 8,30,000.00/- (અંકે રૂપિયા આઠ લાખ ત્રીસ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 83,000.00/- (અંકે રૂપિયા ત્યાસી હજાર પૂરા) |
| શ્રી ઉપેન્દ્ર કુમાર સહાની (સસ્તા ટેલિકોમ), શ્રીમતી પાસાપતિ દેવી (પ્રોસ્પેક્ટ નં. IL10104758) | 10/10/2024 રૂ. 7,70,504.00 (અંકે રૂપિયા સાત લાખ સિત્તેર હજાર પાંચસો ચાર માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | સંપત્તિનો તે તમામ ભાગ જેની વિગત આ મુજબ છે: પ્લોટ નં. 81, R.S. 220/4પૈકી 1, સ્થળ: વરસમેડી, તાલુકો અંજાર, જિલ્લો કચ્છ, ગુજરાત, 370110. વિસ્તાર (ચોરસ ફૂટમાં): સંપત્તિનો પ્રકાર: જમીનનો વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર, કાર્પેટ વિસ્તાર. સંપત્તિનો વિસ્તાર: 559.40, 477.00, 306.00 | 17/10/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 12,32,570.00/- (રૂપિયા બાર લાખ બત્રીસ હજાર પાંચસો સિત્તેર માત્ર) | રૂ. 8,46,000/- (રૂપિયા આઠ લાખ છેતાલીસ હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 83,000.00/- (અંકે રૂપિયા ત્યાસી હજાર પૂરા) |
| શ્રી સુધિરભાઈ બકાભાઈ રાવલ, શ્રીમતી નીતાબેન રાવલ (પ્રોસ્પેક્ટ નં. IL10137287) | 10/10/2024 રૂ. 6,09,411.00 (રૂપિયા છ લાખ નવ હજાર ચારસો અગિયાર માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | સંપત્તિનો તે તમામ ભાગ જેની વિગત આ મુજબ છે: ગ્રામ પંચાયત મિલકત નં. 1051/1, રાવલ વાસ, ગામ ઉબાખલ, તાલુકો વિજાપુર, જિલ્લો... મહેસાણા, ગુજરાત, 382830 વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, બાંધકામ વિસ્તાર (Built-up), કાર્પેટ વિસ્તાર; મિલકતનો વિસ્તાર: 782.00, 671.09, 580.00 | 24/05/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 10,18,976.00/- (અંકે રૂપિયા દસ લાખ અઢાર હજાર નવસો છોતેર પૂરા) | રૂ.7,72,000.0/- (અંકે રૂપિયા સાત લાખ બોતેર હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 77,200.00/- (અંકે રૂપિયા સિત્તેર હજાર બસો પૂરા) |
| શ્રી મુકેશભાઈ શાનુભાઈ મોહાનિયા, શ્રીમતી સુનિતાબેન મુકેશભાઈ શાનુભાઈ મોહાનિયા (પ્રોસ્પેક્ટ નં.- IL10174034) | 13/10/2025 રૂ. 15,07,915.00 (અંકે રૂપિયા પંદર લાખ સાત હજાર નવસો<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો સંપૂર્ણ ભાગ અને વિગત: 400, ડ્રીમ સિટી, સર્વે નં. 130, દધાલ, જીતાલી રોડ, સન સિટી પાસે, અંકલેશ્વર-393001; વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર, માપેલ વિસ્તાર; મિલકતનો વિસ્તાર: 785.00, 1900.00, 259.00 | 15/03/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 18,36,568.00/- (અંકે અઢાર લાખ છત્રીસ હજાર પાંચસો અડસઠ રૂપિયા) | રૂ. 14,45,000.0/- (અંકે રૂપિયા ચૌદ લાખ પિસ્તાલીસ હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,44,500.00/- (અંકે એક લાખ ચુંમાલીસ હજાર પાંચસો રૂપિયા) |
| શ્રી કીર્તિકુમાર જીવરાજ હંસોરા, શ્રીમતી આરતીબેન કીર્તિકુમાર હંસોરા, માહી ફર્નિચર (તેમના પ્રોપ્રાઈટર/મેનેજિંગ ડિરેક્ટર/અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા) (પ્રોસ્પેક્ટ નં. IL10178532) | 16/04/2025 રૂ. 12,05,618.00 (અંકે બાર લાખ પાંચ હજાર છસો અઢાર રૂપિયા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત: સબ પ્લોટ નં. 12/b, પ્લોટ નં. 12/a થી 12/d પૈકી, ભક્તિ નગર, સર્વે નં. 554 પૈકી, મધાપર, તાલુકો ભુજ, જિલ્લો કચ્છ, ગુજરાત, ભારત, 370020. વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, બાંધકામ વિસ્તાર (Built-up Area), કાર્પેટ વિસ્તાર. મિલકતનો વિસ્તાર: 511.00, 724.00, 585.00 | 21/12/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 1589057.00/- (રૂપિયા પંદર લાખ નેવ્યાસી હજાર સત્તાવન માત્ર) | રૂ. 12,05,000.0/- (અંકે બાર લાખ પાંચ હજાર રૂપિયા)<br>બાનાની રકમ (EMD) રૂ. 120500.00/- (રૂપિયા એક લાખ વીસ હજાર પાંચસો માત્ર) |
| વિજેન્દ્રકુમાર બચુભાઈ ઠાકોર, શ્રીમતી ઠાકોર નિકુલબા, ઓમ ઓલ સોલ્યુશન એન્ટરપ્રાઈઝ (તેમના પ્રોપ્રાઈટર/મેનેજિંગ ડિરેક્ટર/અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા) (પ્રોસ્પેક્ટ નં- IL10198917) | 14/02/2025 રૂ.197115.00 (રૂપિયા અગિયાર લાખ સત્તાણું હજાર એકસો પંદર માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | સંપત્તિનો તે તમામ ભાગ અને હિસ્સો જે નીચે મુજબ છે: ફ્લેટ નં. 502, બ્લોક A-5 ના પાંચમા માળે, 'પ્રિયંકા ગોલ્ડ કોઈન' (Priyanka Gold Coin) માં આવેલ; સર્વે નં. 286/1 (જૂનો) અને નવો સર્વે નં. 545 પર નિર્મિત; ગામ: અબોદ, માણસા, ગાંધીનગર, ગુજરાત, ભારત, 382030; વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: બિલ્ટ-અપ એરિયા, કાર્પેટ એરિયા; મિલકતનો વિસ્તાર: 1080.00, 666.00 | 31/08/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 16,98,141.00/- (રૂપિયા સોળ લાખ અઠ્ઠાણું હજાર એકસો એકતાલીસ માત્ર) | રૂ. 596000.0/- (રૂપિયા પાંચ લાખ છન્નું હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 59,600.00/- (રૂપિયા ઓગણસાઠ હજાર છસો માત્ર) |
| શ્રી ગોપાલભાઈ નીલામણીભાઈ જેના શ્રીમતી પુષ્પા ગોપાલ જેના (પ્રોસ્પેક્ટ નં- IL10200837) | 13/10/2025 રૂ. 14,99,289.00 (રૂપિયા ચૌદ લાખ નવાણું હજાર બસો નેવ્યાસી માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત: પ્લોટ નં. 143 મહેક રેસિડેન્સી 2, વ્રજ વિહાર ઈન્ડસ્ટ્રિયલ રોડ પાસે, સાયણ સુગર રોડ, મોજે સિવાન, ઓલપાડ, સુરત - 394130. વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, બાંધકામ વિસ્તાર (Built-up Area), સુપર બિલ્ટ-અપ વિસ્તાર. મિલકતનો વિસ્તાર: 673.00, 403.00, 606.00 | 20/04/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 18,58,343.00/- (રૂપિયા અઢાર લાખ અઠ્ઠાવન હજાર ત્રણસો તેતાલીસ માત્ર) | રૂ. 14,44,000.0/- (રૂપિયા ચૌદ લાખ ચુંમાલીસ હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,44,400/- (અંકે રૂપિયા એક લાખ ચુંમાલીસ હજાર ચારસો પૂરા) |
| શ્રી સુરેશ રમેશ જોગી, શ્રીમતી જોગી અનિતા કરમશી (પ્રોસ્પેક્ટ નં.- IL10210608) | 24/02/2023 રૂ. 7,04,877/- (અંકે રૂપિયા સાત લાખ ચાર હજાર આઠસો સિત્યોતેર પૂરા)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: યુનિટ-2, પ્લોટ નં.-31, જમીન વિસ્તાર 559 ચો.ફૂટ, કાર્પેટ એરિયા 291 ચો.ફૂટ અને બિલ્ટ-અપ એરિયા 363 ચો.ફૂટ; સ્થળ: રેવન્યુ સર્વે નં.-180/3, મોટી નાગલપર, અંજાર, મોટી કચ્છ, ગુજરાત, ભારત, 370110. | 23/02/2024<br>તારીખ 11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 13,00,807/- (અંકે રૂપિયા તેર લાખ આઠસો સાત પૂરા) | રૂ. 2,72,000/- (અંકે રૂપિયા બે લાખ બોતેર હજાર પૂરા)<br>બાનાની રકમ (EMD) રૂ. 27,200/- (અંકે રૂપિયા સત્તાવીસ હજાર બસો પૂરા) |
| શ્રી જયસિંહ ચૌહાણ, શ્રીમતી અંગીરા જયસિંહ ચૌહાણ (પ્રોસ્પેક્ટ નં.- IL10213803) | 13/10/2025 રૂ. 1277919.00 (રૂપિયા બાર લાખ સિત્યોતેર હજાર નવસો ઓગણીસ માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: 152, સિદ્ધેશ્વર રેસિડેન્સી, ગિરિરાજ હોટેલની પાછળ, NH નં. 8, રેવન્યુ સર્વે નં. 42/21, 42/22, 44, 24/22P, મોજે મોતાલી, પેટા-જિલ્લો: અંકલેશ્વર, જિલ્લો: ભરૂચ, ગુજરાત 393001. માપેલ વિસ્તાર (ચોરસ ફૂટમાં): મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર, સુપર બિલ્ટ-અપ વિસ્તાર; મિલકતનો વિસ્તાર: 456.00, 1185.00, 486.00, 408.00 | 11/04/2026<br>તારીખ 11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 15,73,383.00/- (રૂપિયા પંદર લાખ તેંતેર હજાર ત્રણસો ત્યાસી માત્ર) | રૂ. 10,83,000.00/- (રૂપિયા દસ લાખ ત્યાસી હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,08,300.00/- (રૂપિયા એક લાખ આઠ હજાર ત્રણસો માત્ર) |
| શ્રી સલીમભાઈ ગફુરભાઈ મેમણ, શ્રીમતી સમીમબેન (પ્રોસ્પેક્ટ નં- IL10218662) | 07/05/2024 રૂ. 8,36,788.00 (રૂપિયા આઠ લાખ છત્રીસ હજાર સાતસો અઠ્યાસી માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | સંપત્તિનો તે તમામ ભાગ જેની વિગત આ મુજબ છે: પ્લોટ નંબર ૨૦ (ઉત્તર બાજુ), રેવન્યુ સર્વે નંબર ૧૭૧, ગામ: સવગઢ, તાલુકો અને જિલ્લો: હિંમતનગર, ગુજરાત, ભારત, ૩૮૩૨૨૦ | 01/07/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 12,58,914.00 (રૂપિયા બાર લાખ અઠ્ઠાવન હજાર નવસો ચૌદ માત્ર) | રૂ.7,56,000.00 (રૂપિયા સાત લાખ છપ્પન હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ.75,600.00 (રૂપિયા પંચોતેર હજાર છસો માત્ર) |
| શ્રી સિદ્ધાર્થકુમાર પ્રજાપતિ, ધ પોટેસ્ટા રેસ્ટોરન્ટ, શ્રી ધવલ પટેલ, શ્રી જીતેન્દ્રકુમાર મહાદેવભાઈ પ્રજાપતિ, શ્રી શૈલેષ ધીરુભાઈ રાઠોડ, શ્રીમતી રાધિકાબેન શૈલેષ રાઠોડ (પ્રોસ્પેક્ટ નંબર- IL10743766) | 12/06/2025 રૂ. 2,48,03,877.00 (રૂપિયા બે કરોડ અડતાલીસ લાખ ત્રણ હજાર આઠસો સિત્યોતેર માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | સંપત્તિનો તે તમામ ભાગ જેની વિગત આ મુજબ છે: ચોથા માળે આવેલ ઓફિસ નંબર ૪૧૧, જેનું બાંધકામ ક્ષેત્રફળ ૩૪૨.૬૭ ચોરસ મીટર છે. (3688.46 ચોરસ ફૂટ) કાર્પેટ એરિયા, તથા 'ધ એલન ટાઉન' (The Allen Town) નામની યોજનામાં આવેલી જમીનમાં ૧૪૬.૩૧ ચોરસ મીટર (૧૫૭૪.૮૬ ચોરસ ફૂટ) જેટલો અવિભાજિત પ્રમાણસરનો જમીનનો હિસ્સો; આ જમીન ફ્રીહોલ્ડ બિન-ખેતીલાયક છે અને તે સર્વે નંબર ૨૮/૮ (જેને ફાઈનલ પ્લોટ નંબર ૪૫ ફાળવવામાં આવ્યો છે) તથા સર્વે નંબર ૨૮/૯ (જેને ફાઈનલ પ્લોટ નંબર ૪૬ ફાળવવામાં આવ્યો છે) - ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૧૧ હેઠળ આવેલી છે. આ મિલકત મોજે નિકોલ, તાલુકો અસારવા, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ - ૧૨ (નિકોલ), જિલ્લો અમદાવાદ, ગુજરાત (પિન કોડ: ૩૮૨૩૫૦) ખાતે આવેલી છે. | 23/12/2025<br>૧૧/૦૯/૨૦૨૬ ના રોજ કુલ બાકી રકમ: રૂ. ૨,૮૯,૨૪,૫૦૩.૨૨/- (અંકે રૂપિયા બે કરોડ નેવ્યાસી લાખ ચોવીસ હજાર પાંચસો ત્રણ અને બાવીસ પૈસા પૂરા) | રૂ.2,48,03,877.00 (રૂપિયા બે કરોડ અડતાલીસ લાખ ત્રણ હજાર આઠસો સિત્યોતેર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 22,70,000.00/- (બાવીસ લાખ સિત્તેર હજાર રૂપિયા માત્ર) |
| શ્રી ઓમપ્રકાશ યાદવ, શ્રીમતી અંકુશી યાદવ (પ્રોસ્પેક્ટ નં.- IL10806096) | 15/10/2025 રૂ. 12,76,621.00 (બાર લાખ સિત્તેર હજાર છસો એકવીસ રૂપિયા માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 20,000.00 (રૂપિયા વીસ હજાર માત્ર) | મિલકતની વિગત: પ્લોટ નં. 49-A, હરિકૃષ્ણ રેસિડેન્સી, સર્વે નં. 131 (જૂનો સર્વે નં. 23), ડ્રીમ સિટી પાસે, જીતાલી-દધાલ રોડ, દધાલ, અંકલેશ્વર, ગુજરાત 393001, વિસ્તાર (ચોરસ ફૂટમાં) - મિલકતનો પ્રકાર: જમીનનો વિસ્તાર, બાંધકામ વિસ્તાર (Built-up), સુપર બિલ્ટ-અપ વિસ્તાર, વેચાણપાત્ર વિસ્તાર; મિલકતનો વિસ્તાર: 432.00, 396.00, 432.00, 1,069.00 | 15/03/2026<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 15,54,130.00/- (પંદર લાખ ચોપન હજાર એકસો ત્રીસ રૂપિયા માત્ર) | રૂ. 9,34,000.00/- (નવ લાખ ચોત્રીસ હજાર રૂપિયા માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 93,400.00/- (ત્રણ્યાણું હજાર ચારસો રૂપિયા માત્ર) |
| શ્રી જયબીર સિંહ, શ્રીમતી સંતોષ શ્રી નાગદેવ કન્ટેનર સર્વિસ (તેમના પ્રોપ્રાઈટર/મેનેજિંગ ડિરેક્ટર/અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા) (પ્રોસ્પેક્ટ નં.- IL10219976) | 13/01/2025 રૂ. 21,26,062.00 ((રૂપિયા એક લાખ છવ્વીસ હજાર અને બાણસઠ માત્ર)<br>બોલીમાં વધારાની રકમ રૂ. 25,000.00/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) | સંપત્તિનો તમામ ભાગ અને હિસ્સો જેની વિગત આ મુજબ છે: ફ્લેટ નં. D-204, બીજો માળ, અભિલાષા રેસિડેન્સી, ફેઝ-II, સર્વે/બ્લોક નં. 450, T.P. સ્કીમ નં. 82, ફાઈનલ પ્લોટ નં. 67, ભાગીરથ સેરેનિટી બંગલોઝની સામે, નવી T.P. સ્કીમ રોડ, લાંભા, વટવા, અમદાવાદ-382405. વિસ્તાર (ચોરસ ફૂટમાં): વેચાણપાત્ર વિસ્તાર (Saleable Area): 1035.00, કાર્પેટ વિસ્તાર (Carpet Area): 511.00 | 21/06/2025<br>11/09/2026 ના રોજ કુલ બાકી રકમ રૂ. 25,84,111/- (રૂપિયા પચ્ચીસ લાખ ચોર્યાસી હજાર એકસો અગિયાર માત્ર) | રૂ. 12,60,000/- (રૂપિયા બાર લાખ સાઠ હજાર માત્ર)<br>બાનાની રકમ (EMD) રૂ. 1,26,000/- (રૂપિયા એક લાખ છવ્વીસ હજાર માત્ર) |

| સંપત્તિ નિરીક્ષણની તારીખ | EMD ભરવાની છેલ્લી તારીખ | ઈ-હરાજીની તારીખ/સમય |
|---|---|---|
| 25/09/2026 સવારે 11:00 થી બપોરે 14:00 કલાક | 28/09/2026 સાંજે 5 વાગ્યા સુધી | 29/09/2026 સવારે 11:00 થી બપોરે 13:00 કલાક |

MD (અર્નેસ્ટ મની ડિપોઝિટ)ની ચુકવણી ફક્ત ઓનલાઈન માધ્યમથી જ કરવાની રહેશે. ચુકવણી કરવા માટે, તમારે https://www.iiflonehome.com ની મુલાકાત લેવી પડશે અને તે ચોક્કસ મિલકત/સુરક્ષિત સંપત્તિ (Secured Asset) માટે ઉપલબ્ધ લિંક દ્વારા જ ચુકવણી કરવી પડશે.
નોંધ: દરેક મિલકત/સુરક્ષિત સંપત્તિ માટે ચુકવણીની લિંક અલગ-અલગ હોય છે. ખાતરી કરો કે તમે જાહેર હરાજી દ્વારા ખરીદવા માંગતા હોવ તે મિલકત/સુરક્ષિત સંપત્તિની જ લિંકનો ઉપયોગ કરી રહ્યા છો.
બાકીની રકમની ચુકવણી માટે - https://www.iiflonehome.com પર લોગિન કરો » "My Bid" પસંદ કરો » "Pay Balance Amount" પર ક્લિક કરો.

નિયમો અને શરતો:-
1.ઈ-હરાજીમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બિડર્સે (બોલી લગાવનારાઓએ) અગાઉથી જ સર્વિસ પ્રોવાઈડર https://www.iiflonehome.com પાસે તેમની વિગતો રજીસ્ટર કરાવવી પડશે અને લોગિન એકાઉન્ટ, લોગિન ID અને પાસવર્ડ બનાવવા પડશે. ઈચ્છુક બિડર્સે ભાગ લેતા પહેલા EMDની ચુકવણી કરવી પડશે. ચુકવણી કર્યા પછી, બિડર્સે તેમના આધાર નંબરનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રોનિકલી સહી કરેલ ઈ-ટેન્ડર ફોર્મ/બિડ ફોર્મ (E-Sign) સબમિટ કરવાનું રહેશે.
2.બિડર્સે "Bid Increase Amount" (બોલી વધારવાની રકમ) કોલમ હેઠળ દર્શાવેલ રકમના ગુણાંકમાં તેમની ઓફર (બોલી) વધારવી પડશે. જો હરાજીના સમાપ્તિ સમયની છેલ્લી 5 મિનિટમાં બોલી લગાવવામાં આવે, તો સમાપ્તિ સમય આપમેળે 5 મિનિટ માટે લંબાવવામાં આવશે.
3.સફળ બિડરે AO (અધિકૃત અધિકારી) દ્વારા બોલીની કિંમત સ્વીકારવામાં આવ્યાના 24 કલાકની અંદર બોલીની રકમના 25% (EMDને સમાયોજિત કર્યા પછી) જમા કરાવવાના રહેશે અને બાકીની 75% રકમ સુરક્ષિત લેણદાર (secured creditor) દ્વારા વેચાણની પુષ્ટિ થયાની તારીખથી 15 દિવસની અંદર જમા કરાવવાની રહેશે. તમામ થાપણો અને ચુકવણી નિર્ધારિત ચુકવણી પદ્ધતિ દ્વારા જ કરવાની રહેશે.
4.ખરીદદારે સેસ (cess), લાગુ સ્ટેમ્પ ડ્યુટી, ફી અને અન્ય કોઈપણ વૈધાનિક લેણાં અથવા મ્યુનિસિપલ ટેક્સ જેવા અન્ય લેણાં, જમીનના હસ્તાંતરણ અથવા ટ્રાન્સફર સાથે સંકળાયેલા ખર્ચ અને મિલકતને લગતા તમામ કર અને અન્ય આનુષંગિક ખર્ચાઓ/ચાર્જિસ ચૂકવવાના રહેશે.
5.ખરીદદારે વેચાણની રકમના વ્યવહાર/ચુકવણી પર લાગુ TDS ચૂકવવાનું રહેશે અને IIFL HFL પાસે TDS પ્રમાણપત્ર સબમિટ કરવાનું રહેશે.
6.ઈ-હરાજી વેચાણની પ્રક્રિયામાં ભાગ લેવા માટે બિડ (બોલી) સબમિટ કરતા પહેલા, બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો તેમજ હરાજી અરજી ફોર્મ માટે https://www.iiflonehome.com વેબસાઈટની મુલાકાત લે.
7.ઈ-હરાજી અંગેની વિગતો, સહાયક પ્રક્રિયા અને ઓનલાઈન તાલીમ માટે સંભવિત બિડર્સ સેવા પ્રદાતાનો સંપર્ક કરી શકે છે. ઈ-મેઈલ ID: auction.hl@iifl.com, સપોર્ટ હેલ્પલાઈન નંબર: 1800 2672 499.
8.મિલકતની વિગતો, મિલકતનું નિરીક્ષણ અને ઓનલાઈન બિડ વગેરે સંબંધિત કોઈપણ પ્રશ્ન માટે, સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 09:30 થી સાંજે 18:00 કલાકની વચ્ચે IIFL HFL ના ટોલ-ફ્રી નંબર 1800 2672 499 પર કૉલ કરો અથવા care@iiflonehome.com પર ઈ-મેઈલ કરો.
9.ઉપરોક્ત ઉધાર લેનારાઓને આથી સૂચિત કરવામાં આવે છે કે તેઓ ઘરવખરીની વસ્તુઓ (જે ભૌતિક કબજો લેતી વખતે સુરક્ષિત મિલકતમાં હતી) 7 દિવસની અંદર લઈ જાય; અન્યથા, આવી પરિસ્થિતિમાં મિલકતના કોઈપણ નુકસાન માટે IIFL-HFL જવાબદાર રહેશે નહીં.
10.વધુમાં, ઉધાર લેનાર(ઓ)ને આથી સૂચના આપવામાં આવે છે કે જો તેઓ ઉપરોક્ત વસ્તુઓ લેવામાં નિષ્ફળ જશે, તો તે વસ્તુઓ કાયદા અનુસાર વેચી દેવામાં આવશે.
11.જો સફળ બિડર / હરાજીમાં ખરીદી કરનાર વ્યક્તિ નિર્ધારિત સમયની અંદર કોઈપણ તબક્કે ચુકવણી કરવામાં નિષ્ફળ જાય, તો વેચાણ રદ કરવામાં આવશે અને અગાઉ ચૂકવવામાં આવેલી રકમ (EMD સહિત) [illegible]
12.AO (અધિકૃત અધિકારી) [illegible] વિવાદના કિસ્સામાં [illegible]

SARFAESI એક્ટ, 2002 ના નિયમ 9 પેટા-નિયમ (1) હેઠળ 15 દિવસની વેચાણ સૂચના
ઉધાર લેનારાઓ [illegible] હરાજી/વેચાણ [illegible]

સ્થળ : ગુજરાત, તારીખ : 13.09.2026 સહી/- અધિકૃત અધિકારી, IIFL હોમ ફાઈનાન્સ લિ. માટે

સિટી એક્સપ્રેસ
SUNDAY 13 SEPTEMBER-2026
AHMEDABAD



## અમદાવાદમાં એક મહિના બાદ મેઘમહેર

અમદાવાદ |અમદાવાદમાં લાંબા સમયના વિરામ બાદ શનિવારે સાંજે વાતાવરણમાં પલટો આવ્યો હતો. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં 1 થી 8 મિ.મી. વરસાદ નોંધાતા નાગરિકોને ઉકળાટભર્યા વાતાવરણમાંથી રાહત મળી હતી. અત્યાર સુધીમાં સિઝનનો કુલ 25.26 ઈંચ વરસાદ નોંધાયો છે. 4 સિસ્ટમ સક્રિય થતા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રેડ-ઓરેન્જ એલર્ટ અપાયું છે. અમદાવાદમાં છેલ્લા એક મહિનાથી વરસાદી સિસ્ટમ જાણે ગાયબ થઈ ગઈ હતી ત્યારે શનિવારે(12 સપ્ટેમ્બર) સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો.

## દંપતીને નડ્યો અકસ્માત, પતિની નજર સામે જ પત્નીનું મોત

અમદાવાદ | અમદાવાદ શીલજ ડી.પી.એસ. કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્સ પાસે પુરઝડપે આવેલા રાજસ્થાન પાસિંગના બાઈકચાલકે એક્સેસને જોરદાર ટક્કર મારતાં બે મહિના પહેલાં જ પરણેલી નવવધૂનું ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. 11 સપ્ટેમ્બરની રાત્રે ગરબા ક્લાસ પૂર્ણ કરી પતિ-પત્ની અલગ અલગ ટુ-વ્હીલરથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટક્કર એટલી પ્રચંડ હતી કે નવવધૂ વાહન સાથે 10 ફૂટ સુધી ઢસડાઈ હતી. અકસ્માત સર્જી બાઈકચાલક વાહન સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો.

# MPથી ડ્રગ્સનો જથ્થો અમદાવાદમાં સપ્લાય થાય તે પહેલા ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચે નરોડા હંસપુરા ખાતેથી 28.19 લાખના એમડી ડ્રગ્સ સાથે ત્રણ આરોપીને ઝડપ્યાં...

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નરોડામાંથી 28.19 લાખના ડ્રગ્સ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. ત્રણેય આરોપીઓ મધ્યપ્રદેશથી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદમાં ડિલિવરી આપવા આવ્યા હતા. અમદાવાદમાં ડ્રગ્સની ડિલિવરી કોને આપવાની હતી તે મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

મધ્ય પ્રદેશથી ડ્રગ્સ મોકલનાર અને ડિલિવરી આપવા આવનાર એમ કુલ ચાર સામે ગુનો નોંધ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એસ.જે જાડેજાની ટીમને બાતમી મળી કે, નરોડા-હંસપુરા ચાર રસ્તા પાસે બ્લેક કલરની કારમાં ડ્રગ્સનો મોટો જથ્થો છે, જેથી પોલીસે બ્લેક કલરની શંકાસ્પદ કારને રોકી તપાસ કરી હતી. જે દરમિયાન કારમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવતાં પોલીસે મધ્યપ્રદેશના અસ્લમ મંસુરી, ઈમરાન મંસુરી અને શેજાદ મંસુરીને ઝડપી લીધા હતા. ત્રણેય પાસેથી પોલીસે કુલ 28.19 લાખ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ જણાવ્યું કે, ડ્રગ્સનો જથ્થો મધ્યપ્રદેશના મંડસૌરમાં રહેતા ઈમરાન પઠાણ ઉર્ફે લાલાએ આપ્યો હતો. આ જથ્થો અમદાવાદના ડ્રગ્સ માફિયા સુધી પહોંચાડવાનો હતો. મધ્યપ્રદેશમાં તૈયાર થયેલો અથવા ત્યાં પહોંચેલો ડ્રગ્સનો જથ્થો અમદાવાદ સુધી લાવી અહીંના નેટવર્કમાં સપ્લાય કરવાનો હતો. અમદાવાદમાં ડ્રગ્સ કોને આપવાનું હતું, શહેરમાં આ જથ્થો કોના મારફતે ફેલાવવાનો હતો અને અગાઉ પણ આ જ નેટવર્ક મારફતે કેટલો માલ અમદાવાદમાં આવ્યો છે તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે.

બોડકદેવ પોલીસને બાતમી મળી હતી કે, એક યુવક રિક્ષામાં ગાંજાનો જથ્થો લઈને પસાર થવાનો છે. જેથી પોલીસે વોચ ગોઠવી રિક્ષાને અટકાવી તપાસ કરી હતી. રિક્ષાચાલક અબજલ વોરાને ઝડપી તપાસ કરતાં તેની પાસેથી દોઢ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આશરે 75 હજાર રૂપિયાનો ગાંજો જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે.




## 13 સપ્ટેમ્બર 2026ના રોજ વડોદરા-જામનગર-વડોદરા ઈન્ટરસિટી ટ્રેન રદ રહેશે

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અમદાવાદ-વિરમગામ સેક્શનમાં સાબરમતી (SBT) સ્ટેશન ખાતે રેલવે ટ્રેક નંબર 01, 02 અને 03 ઉપર બોક્સ પ્રકારના ફૂટ ઓવર બ્રિજ (FOB)ના લોન્ચિંગનું કામ ક્રેન તથા હાઈડ્રા મશીનોની મદદથી કરવામાં આવશે. મુસાફરોની સુરક્ષા તથા કામગીરીના સુચારુ અમલીકરણને ધ્યાનમાં રાખીને વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રાખવામાં આવશે.ટ્રેન નંબર 22959/22960 વડોદરા-જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ 13 સપ્ટેમ્બર 2026ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.ટ્રેનોના રોકાણના સમય તથા સંચાલન સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

## DRM વેદ પ્રકાશ એ અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો અને માલ પરિવહન સુવિધાઓનું કર્યું નિરીક્ષણ



અમદાવાદ | ગુજરાતમાં રેલવે સંરક્ષા અને મૂળભૂત માળખાને મજબૂત કરવાની દિશામાં ભારતીય રેલવે દ્વારા સતત કામો કરવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં 12 સપ્ટેમ્બર 2026ના રોજ મંડળ રેલ પ્રબંધક (DRM) અમદાવાદ શ્રી વેદ પ્રકાશ એ સિનિયર રેલવે અધિકારીઓ સાથે મંડળના વિવિધ સ્ટેશનો અને માલ પરિવહન સાથે સંકળાયેલી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે યાત્રીઓની સુવિધાઓ, રેલવે પરિચાલન, સંરક્ષા, સ્વચ્છતા તથા માલ લોડિંગ-અનલોડિંગ સાથે સંકળાયેલી વ્યવસ્થાઓની વિગતવાર સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા. DRM શ્રી વેદ પ્રકાશ એ દેવળિયા રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરી સ્ટેશન પર ઉપલબ્ધ યાત્રીઓની સુવિધાઓ, સ્ટેશનની વ્યવસ્થાઓ અને રેલવે પરિચાલન સંબંધિત વ્યવસ્થાઓની સમીક્ષા કરી. નિરીક્ષણ દરમિયાન તેમણે સ્ટેશન પર સુરક્ષા, સ્વચ્છતા અને યાત્રીની સુવિધાઓને વધુ ઉત્તમ બનાવવા પર ભાર મૂક્યો. યાત્રીઓની સુવિધા અને સુરક્ષિત રેલવે પરિચાલન સુનિશ્ચિત કરવા માટે જરૂરી સુધારાત્મક પગલાં સમયસર પૂરા કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી. ત્યારબાદ DRM શ્રી વેદ પ્રકાશ એ દેવળિયા સ્થિત Western Carriers ના Multi Modal Cargo Terminal (MMCT) ની લોડિંગ-અનલોડિંગ સાઈડિંગનું નિરીક્ષણ કર્યું.આ દરમિયાન તેમણે માલ લોડિંગ અને અનલોડિંગની વ્યવસ્થાઓ, ટર્મિનલ સંચાલન તથા લોજિસ્ટિક્સ સુવિધાઓની સમીક્ષા કરી. તેમણે રેલવે આધારિત મલ્ટીમોડલ લોજિસ્ટિક્સને પ્રોત્સાહન આપવા તથા માલ પરિવહનને વધુ સરળ, ઝડપી, સુરક્ષિત અને અસરકારક બનાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ પર ભાર મૂક્યો. DRM એ અધિકારીઓને ટર્મિનલની કાર્યક્ષમતાનો વધુ સારો ઉપયોગ કરવા, માલ લોડિંગ-અનલોડિંગ પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવવા અને રેલવે દ્વારા માલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા. અમદાવાદ મંડળના ગાંધીધામ-ભીમાસર સેક્શનમાં આવેલા ભીમાસર (BMSB) રેલવે સ્ટેશનનું પણ DRM શ્રી વેદ પ્રકાશ એ નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે સ્ટેશન પર જથ્થાબંધ માલ, ખાસ કરીને મીઠાના લોડિંગ અને અનલોડિંગ માટે વિકસાવવામાં આવેલી આધુનિક સાઈડિંગની સમીક્ષા કરી. તેમણે સાઈડિંગ સંબંધિત ટેકનિકલ વ્યવસ્થાઓ, કામગીરીની પ્રક્રિયાઓ અને માલ લોડિંગ-અનલોડિંગની કાર્યપદ્ધતિનું નિરીક્ષણ કર્યું.





## મુખ્યમંત્રીશ્રી નો ગાંધીનગરમાં ઇ-બસ લોકાર્પણ નો નવતર અભિગમ

ગાંધીનગર | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મહાનગરને વિવિધ વિકાસ કામોની રૂપિયા 1848 કરોડની ભેટ આપવા સાથે પીએમઈ બસ સેવા અંતર્ગત નવી 30 ઈ-બસોનું લોકાર્પણ એક નવતર અભિગમ અપનાવીને કર્યું હતું. તેમણે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા ગાંધીનગરના ધારાસભ્યો અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર તેમજ પદાધિકારીઓ સાથે સ્વયં ઈ-બસમાં સામાન્ય પેસેન્જરની જેમ મુસાફરી કરી હતી. મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ ઈ-બસોને નગરજનોની સેવા માટે પ્રસ્થાન કરાવ્યા બાદ એક બસમાં સૌ સાથે બેસીને કાર્યક્રમ સ્થળેથી મંત્રીમંડળ નિવાસ સંકુલ સુધીની મુસાફરી આનંદ પ્રમોદ સાથે કરી હતી. આ મુસાફરી દરમિયાન શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શના બહેન વાઘેલા ,ગાંધીનગરના ધારાસભ્યો શ્રીમતી રીટાબેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોર, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નટૂજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ ભાઈ અને અન્ય પદાધિકારીઓ તથા શહેર સંગઠન પ્રમુખ ડોક્ટર આશિષ દવે અને પૂર્વ મેયરશ્રીઓ પણ જોડાયા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પ્રિન્સ રહીમ આગા ખાન Vની ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત



આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક (AKDN)ના ચેરમેન પ્રિન્સ રહીમ આગા ખાન Vએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી.આ મુલાકાત દરમિયાન રાજ્યના સર્વાંગી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ તેમજ આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કની વૈશ્વિક વિકાસલક્ષી પહેલો અંગે રાજ્ય સરકાર સાથે ગ્રાસરૂટ લેવલ પર સહયોગની વિવિધ સંભાવનાઓ અંગે સકારાત્મક ચર્ચા થઈ હતી.મહામહિમ પ્રિન્સ રહીમ આગા ખાન V શિયા ઈસ્માઈલી મુસ્લિમોના 50મા વંશપરંપરાગત ઈમામ તથા આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે. પર્યાવરણ સંરક્ષણ, ક્લાઈમેટ ચેન્જની અસરો ઘટાડવા, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને વંચિત તથા સંવેદનશીલ સમુદાયોના જીવનધોરણમાં સુધારણા જેવા ક્ષેત્રોમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે.

## સાબરમતી સ્ટેશન પર નવા ફૂટ-ઓવર બ્રિજ (FOB) ના નિર્માણને કારણે ટ્રેન વ્યવહાર પ્રભાવિત થશે

### જામનગર-વડોદરા-જામનગર ઈન્ટરસિટી ૧૩ સપ્ટેમ્બર માટે રદ

અમદાવાદ | સાબરમતી સ્ટેશન પર મુસાફરોની સુવિધા વધારવા અને તેમની અવરજવરને સરળ બનાવવા માટે, પશ્ચિમ રેલવે દ્વારા ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ (રવિવાર) ના રોજ બે નવા ફૂટ-ઓવર બ્રિજ (FOBs) ના નિર્માણ માટે વિશેષ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝ મુજબ, આ બ્લોકથી પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનો : ૧) ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે. ૨) ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.ડાયવર્ટ કરાયેલા (ફેરફાર કરેલા) રૂટ પર દોડનારી ટ્રેનો :

૧) ટ્રેન નંબર ૧૬૬૧૩ રાજકોટ-કોઈમ્બતુર એક્સપ્રેસ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ તેના નિર્ધારિત રૂટ 'વિરમગામ-સાબરમતી-અમદાવાદ' ને બદલે 'વિરમગામ-કાટોસણ રોડ-કલોલ-સાબરમતી બ્રોડ ગેજ-અમદાવાદ' ના ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. ૨) ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ (જે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ માટે નિર્ધારિત છે) તેના નિર્ધારિત રૂટ 'અમદાવાદ-સાબરમતી-વિરમગામ' ને બદલે 'અમદાવાદ-સાબરમતી બ્રોડ ગેજ-કલોલ-કાટોસણ રોડ-વિરમગામ' ના ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. મુસાફરોને વિનંતી છે કે તેઓ સંચાલન સંબંધિત આ ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## પીવાના પાણીના 26% સેમ્પલ વોટર ઓડિટમાં ફેઈલ

ગાંધીનગર | ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના અંતિમ દિવસે CAGના ઓડિટ અહેવાલ તેમજ પ્રશ્નોત્તરી કાળમાં ચોંકાવનારા આંકડાઓ સામે આવતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. રાજ્યનું જાહેર દેવું 4.30 લાખ કરોડને આંબી ગયું છે, જ્યારે પીવાના પાણીના 26% નમૂના પરીક્ષણમાં ફેઈલ થવા ઉપરાંત ગીરના જંગલમાં એક જ વર્ષમાં 62 સિંહોના મોત થવાના અહેવાલે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

વિધાનસભામાં વન વિભાગ દ્વારા અપાયેલી માહિતી મુજબ છેલ્લા એક વર્ષમાં વિવિધ ગંભીર બીમારીઓના કારણે 17 નર, 17 માદા અને 28 સિંહબાળ મળી કુલ 62 સિંહોના કમકમાટીભર્યા મોત થયા છે. સિંહોમાં સેપ્ટિસેમિયા, હેમોરેજિક ન્યુમોનિયા, એનિમિયા અને કિડની-લિવર ફેલ્યોર જેવા રોગો જોવા મળ્યા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં ગાંધીનગરને આપી રૂ.૧,૮૪૮ કરોડના જનહિતલક્ષી વિકાસ કામોની ભેટ આપી

ગાંધીનગર | મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આ અવસરે વિશાળ જન મેદનીને સંબોધતા કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી ગાંધીનગર અનેક વર્લ્ડક્લાસ ઈવેન્ટનું પણ યજમાન બનતું રહે છે,એટલું જ નહિ વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં તૈયાર થયેલું ગિફ્ટ સિટી પણ વર્લ્ડ ક્લાસ ફીન ટેક હબ બન્યું છે. આ સંદર્ભમાં તેમણે વાયબ્રન્ટ સમિટ જેવી ગ્લોબલ ઈવેન્ટમાં આવતા વિશ્વના દેશોના લોકો સમક્ષ ગાંધીનગરની વિશેષ ઓળખ ઉભી થાય તેવા આઈકોનિક કામોને પણ પ્રાયોરિટી આપતા કેટલાક કુલ ૪૮.૨૬ કરોડ રૂપિયાના નવા કામોની જાહેરાત કરી હતી. ગાંધીનગરમાં આજે વિકાસનો ઉત્સવ છવાયો હતો.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં ગાંધીનગરને કુલ રૂ.૧,૮૪૮ કરોડના જનહિતલક્ષી વિકાસ કામોની ભેટ આપી આપી હતી.જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના રૂ. ૭૯૮ કરોડ તેમજ માર્ગ અને મકાન હસ્તકના રૂ. ૧૦૫૦ કરોડ એમ કુલ રૂ. ૧,૮૪૮ કરોડના વિવિધ પ્રજાલક્ષી કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તનો



સમાવેશ થાય છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા વિકાસને હંમેશાં સામાન્ય અને છેવાડાના માનવીને કેન્દ્રમાં રાખીને આગળ ધપાવવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની ગુજરાત મુલાકાત દરમિયાન વડોદરાથી રૂ. 34,000 કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ ગુજરાતને મળી હોવાનું તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કાર્યમંત્ર 'નાગરિક દેવો ભવ' રહ્યો છે. છેલ્લા 25 વર્ષથી ગુજરાતની જનતાએ જે વિશ્વાસ સરકાર પર મૂક્યો છે, તેનું વળતર પ્રજાની સુખાકારી અને વિકાસનાં કાર્યો દ્વારા આપવામાં આવ્યું છે. સરકારની દરેક યોજના અને વિકાસકાર્યના કેન્દ્રમાં સામાન્ય માણસ, ગરીબ અને છેવાડાનો નાગરિક રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરકાર દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવવામાં આવે છે, પરંતુ તેનો લાભ પાત્ર વ્યક્તિ સુધી પહોંચે તે પણ એટલું જ મહત્વનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ 'સેચ્યુરેશન'ના અભિગમથી પાત્ર લાભાર્થીને દરેક યોજનાનો 100 ટકા લાભ મળે તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે.આયુષ્માન યોજના, આવાસ યોજના, ઉજ્જવલા યોજના, નળ દ્વારા પાણીનું કનેક્શન સહિતની વિવિધ યોજનાઓનો લાભ નાગરિકો સુધી પહોંચાડવામાં આવ્યો છે.

## સોમનાથમાં વિક્રમજનક શ્રાવણ મહોત્સવ -2026 નું સમાપન

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ તા.૧૨. સોમનાથ ખાતે શ્રાવણ મહોત્સવ -2026 તા.13 ઓગસ્ટ 2026 થી તા.11 સપ્ટેબર 2026 દરમિયાન હર્ષોલ્લાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો હતા. શ્રાવણ માસની પુર્ણીમા, ચાર સોમવારો, જન્માષ્ટમી, સાતમ- આઠમ, અગિયારસ, માસિક શિવરાત્રી, અમાસ સહિતના પર્વો ભારે ઉત્સાહ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યા હતા. આ શ્રાવણ યાત્રીઓની સંખ્યા, પૂજા કર્મ, 51 કુંડી મહામૃત્યુંજય યજ્ઞ, સહિતના વિક્રમ જનક માનકોને કારણે વિશેષ રહ્યો હતો, જેમાં ટ્રસ્ટની પ્રો-એક્ટિવ કામગીરીને કારણે યાત્રી સુવિધાઓ સુલભ બની હતી. છેલ્લા 75 વર્ષોમાં સર્વાધિક ભક્તોની સંખ્યા: સોમનાથ મહાદેવના દર્શન, પુજન, અર્ચન કરીને શ્રાવણ માસમાં કુલ 22,61,597 ભક્તો ધન્ય બન્યા હતા. સોમનાથ તીર્થમાં ખાસ કરીને શ્રાવણના ચારેય સોમવારોએ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. જેમાં પ્રથમ સોમવારે 1,64,166, દ્વિતીય સોમવારે 1,42,010, તૃતીય સોમવારે 87,371 અને ચતુર્થ સોમવારે 1,66,802 યાત્રિકોએ દર્શન કર્યા હતા. આ સાથે જન્માષ્ટમી પર શ્રાવણની સર્વાધિક 1,72,755 જેટલી દર્શનાર્થીઓની મેદની ઉમટી હતી. જ્યારે જન્માષ્ટમી વેકેશન (4 થી 7 સપ્ટેમ્બર) દરમિયાન 6,49,451 યાત્રિકોએ મહાદેવ ના દર્શન કર્યા હતા. માસિક શિવરાત્રિ



પર્વે યોજાતા પ્રહર પુજનમાં જ્યોત પુજન, મહાપૂજા, મહાઆરતીમાં યાત્રીકોની સવિશેષ હાજરી નોંધાઈ હતી. ટ્રસ્ટની પ્રો-એક્ટિવ કામગીરી: શ્રાવણના પ્રત્યેક સોમવારે સોમનાથ મંદિર પરિસરને સવાર ના 03:00 વાગ્યાથી ખુલ્લુ મુકવામાં આવતું હતું. જેમાં ટ્રસ્ટના તમામ અધિકારીઓ તેમજ પોલીસ વિભાગની ટીમ ખડે પગે રહી વહેલી સવારે આવનાર શ્રદ્ધાળુ ચેકિંગ અને સામાન જમા કરાવવા સહિતની પ્રક્રિયાઓ દર્શન ખુલે તે પેહલા પૂર્ણ થઈ જાય અને મોટી સંખ્યામાં આવનાર શ્રદ્ધાળુ સરળતાપૂર્વક દર્શન કરી શકે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું, વિશેષ રૂપે ઝીકઝેક ક્યુ મેનેજમેન્ટ અને અલગ અલગ ક્લસ્ટરમાં યાત્રીઓની સંખ્યાનું નિયંત્રણ કરવાને કારણે વધતી યાત્રી સંખ્યા વચ્ચે પણ ખૂબ સુચારુ સુંદર આયોજન સાથે દર્શનાર્થીઓ દર્શન પામ્યા હતા. શ્રી સોમનાથ મંદિરની દિવ્યાંગ ફ્રેન્ડલી સુવિધાઓ વર્ષોથી આદર્શ રીતે દિવ્યાંગો અને સિનિયર સિટીઝનોને સેવા પૂરી પાડી રહી છે. વિશેષ સ્ટાફ અને સ્વયંસેવકો ગોઠવીને સીનીયર સીટીઝનને સામેથી અપ્રોચ કરી તેઓને ટ્રસ્ટની દિવ્યાંગ ફ્રેન્ડલી સુવિધાઓ જેવીકે ગોલ્ફ કાર્ટ, અટેન્ડી, વીલચેર વિશે માહિતગાર કરી તેનો લાભ લેવા માટે પ્રેરણા આપી હતી. જેના ફળ સ્વરૂપે 21,000 થી વધુ સીનીયર સીટીઝનો અને જરૂરિયાતમંદોને ટ્રસ્ટ દ્વારા સુચારું દર્શન કરાવવામાં આવ્યા હતા. પ્રજ્ઞાચક્ષુ ટ્રસ્ટ હોય કે પછી મનો દિવ્યાંગ સેવા સંસ્થાઓ શ્રાવણમાં સોમનાથના દ્વારે આવનાર પ્રત્યેકને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા 'દિવ્યાંગના નાથ સોમનાથ' ના સૂત્ર સાથે ઉત્તમ સેવા પૂરી પાડવામાં આવી હતી. પૂજા કાર્યોમાં રેકોર્ડ બ્રેક વૃદ્ધિ ઈતિહાસની સૌથી વધુ ધ્વજા પૂજા: શ્રાવણ માસ પર્યન્ત છેલ્લા 75 વર્ષમાં સૌથી વધુ દેવાધિદેવ સોમનાથ મંદિર પર ભક્તો દ્વારા 1109 ધ્વજારોહણ કરવામાં આવેલ જેમાં જિલ્લા વહીવટી તંત્ર,પોલીસ વિભાગ, સોમેશ્વર પૂજા કરાવતા બ્રાહ્મણશ્રીઓ, સફાઈ કામદારો, ટ્રસ્ટના કર્મચારીઓ સહિત દરેક તબક્કાના ભક્તો જોડાયા હતા. જેથી પૂજાના પુણ્ય ની સાથે સાથે ધ્વજા બનાવતી મહિલાઓ, ધ્વજા ચડાવતા સેવાકર્મી, ઢોલ શરણાઈ વાદકો, ફૂલ અને પૂજાપો પૂરો પાડનાર માળી, સહિતના મોટી સંખ્યામાં લાભાર્થી ઓને રોજગાર મળ્યો હતો. આ ઉપરાંત રેકોર્ડબ્રેક 1394 સોમેશ્વર મહાપૂજન થયા હતા, સાથે 8775 રૂદ્રાભિષેક પાઠ સહિત ની પુજાવિધિ સાથે શ્રદ્ધાળુ પરીવારો ધન્ય બનેલા હતા. આ ઉપરાંત ભક્તો દ્વારા 4031 ગંગાજળ અભિષેક અને 2919 બ્રાહ્મણ ભોજન કરાવવામાં આવ્યા હતા.30 દિવસીય મહામૃત્યુંજય યજ્ઞમાં 11 લાખ આહુતિ અર્પણ: પ્રથમ વખત શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ૩૦ દિવસીય 51 કુંડી મહામૃત્યુંજય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આશ્રમ રોડ પર વૃદ્ધને રીક્ષામાં બેસાડીને 20 હજારની લૂંટ કરી:ચાલક ફરાર થય ગયા...

અમદાવાદ | અમદાવાદના આશ્રમ રોડ પર નિવૃત સરકારી કર્મચારી સાથે લૂંટની ઘટના બની છે. નિવૃત વૃદ્ધ ગાંધીનગરથી દર્શન કરવા અમદાવાદ આવ્યા હતા. વૃદ્ધ પરત જતા હતા ત્યારે આશ્રમ રોડ પર એક રીક્ષા ચાલકે વૃદ્ધને રીક્ષામાં બેસાડીને ધમકી આપીને લૂંટી લીધા હતા. વૃદ્ધે સમગ્ર મામલે પોલીસને જાણ કરતા નવરંગપુરા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.ગાંધીનગરમાં રહેતા 76 વર્ષીય કેશાભાઈ મકવાણા સરકારી નોકરીમાંથી નિવૃત થયા છે. કેશાભાઈ ગાંધીનગરથી અમદાવાદ લાલદરવાજા ભદ્ર મંદિર દર્શન કરવા આવ્યા હતા. દર્શન કરીને સાંજના સમયે પરત જવા આશ્રમ રોડ પર નટરાજ સિનેમાના બસ સ્ટેન્ડ પર

### નિવૃત સરકારી કર્મચારી ગાંધીનગરથી ભદ્ર મંદિર દર્શન કરવા આવ્યા'તા



ઊભા હતા ત્યારે એક રીક્ષા આવી હતી. જેમાં બે મહિલા અને એક બાળક બેઠેલા હતા તેમાં કેશાભાઈ બેસી ગયા હતા.થોડે આગળ જતા રીક્ષા ચાલકે નજીક બેસવાનું કહીને કેશાભાઈને કોલર પકડીને ધમકી આપી કે જે હોય એ આપી દે નહીં તો ચાલુ રિક્ષામાંથી નીચે ફેકી દઈશ. કેશાભાઈ પાસેથી પર્સ સહિત 20 હજારની લૂંટ કરી રીક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો. કેશાભાઈએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...